શ્રી રાજ-સોભાગ
સદ્‌ગુરુ પ્રસાદ

અંક : ૬૫ (ત્રિમાસિક) માર્ચ - ૨૦૧૪



Published by :
Shree Raj-Sobhag Satsang Mandal
Sobhag Para, SAYLA-363 430 (GUJARAT-INDIA)
Tel. : 02755-280533, TeleFax : 280791
Email : rajsaubhag@yahoo.com
Website : www.rajsaubhag.org



શાસ્ત્રોનું, આગમોનું જ્ઞાન કરવાનું શા માટે કહ્યું છે ? આપણી ભૂમિકા તૈયાર થાય માટે. આપણું જીવન શુદ્ધ થાય માટે કહ્યું છે. બાકી આ દેહ અને આ આત્મા એનો જો ભેદ આ મનુષ્યજન્મમાં ભાસ્યો નહીં તો ત્યાં સુધી આપણે જે પચ્ચક્ખાણ કર્યા, વ્રતો લીધાં એ બધાં મોક્ષને માટે નથી થયાં, એથી ગતિ સારી મળે, એ કાંઈ નકામા નથી, પણ મોક્ષાર્થે થતાં નથી. પણ જો શાસ્ત્રો જાણીને, વ્રત, પચ્ચક્ખાણ કરીને, પોતાના સ્વરૂપને જાણનારા પુરૂષ હોય એનો આશ્રય સાચા મનથી, ખરા ભાવથી કર્યો તે એ બધાં સાર્થક બને છે.

— પ.પૂ. બાપુજી

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજી

પત્રાંક : ૫૬૮

(પૂ. ભાઈશ્રીએ પત્રાંક-૫૬૮ ઉપર કરાવેલ સ્વાધ્યાય)

આ પત્ર પ.કૃ. દેવે કોના ઉપર લખ્યો છે તેનો ઉલ્લેખ નથી. પણ મુંબઈથી ૧૯૫૧ની સાલમાં ફાગણ મહિનામાં આ પત્ર લખવામાં આવ્યો છે. જીવ અનાદિકાળથી જન્મમરણ કરે છે અને એમાં અનંતીવાર એને મનુષ્યભવની પ્રાપ્તિ થઈ છે. અને એ મનુષ્યભવની પ્રાપ્તિ પછી પણ એણે ધર્મ ખૂબ ખૂબ કરેલ છે. શાસ્ત્ર એમ કહે છે કે એણે ધર્મ કરવામાં કાંઈ બાકી નથી રાખ્યું અને છતાં હજુ એના જન્મમરણના ફેરાથી એ મુક્ત થઈ શક્યો નથી તો પ.કૃ. દેવે આ પત્રની શરૂઆતમાં જ એમ કહ્યું કે **આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે, જેથી હમણાં થાય તેમાં આશ્ચર્ય લાગતું નથી.** તો હવે ધર્મ કરતો જીવ કે જેનાં થોડાંઘણાં પરિણામ સ્વસ્થ થાય અને થોડી કંઈક શાંતિનો અનુભવ કરે, વળી એ ધ્યાન કરતો હોય અને પ્રકાશ દેખાય, કે એવા કોઈક અનુભવો થાય એટલે જીવ એમ માની લે કે મને ભગવાન મળી ગયા. મને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ ગઈ. આ તો ખાલી એક દાખલો આપ્યો પણ એવી અનેક વાતો છે કે જેમાં જીવ એમ માને કે મને ભગવાન આત્માની પ્રાપ્તિ થઈ ગઈ. અને આ મોટેભાગે જે સ્વચ્છંદી જીવો છે તેવા જીવોને આમ થવાના ચાન્સીસ પૂરેપૂરા છે. તે ઉપરાંત અસદ્‌ગુરુ કે જેના સાંનિધ્યની અંદર જીવ પોતે આરાધના કરતો હોય અને તે ગુરુ અનુભવી ન હોય એટલે આ ભૂલ થવાના ચાન્સીસ રહે. એને એવું સર્ટિફિકેટ પણ આપી દેવામાં આવે કે તને તો આત્મા મળી ગયો. એટલે જીવને પણ એમ થાય કે મને આત્મા મળી ગયો. પણ એ તો ભગવાન આત્માથી ઘણો ઘણો દૂર હોય. એટલું જ નહીં પણ અમુક લોકોની રૂઢિગત માન્યતા હોય કે ગુરુએ કાનમાં ફૂંક મારી એટલે ભગવાન મળી ગયા.

તો જેને કહીએ કે જીવ પોતાના આત્મસ્વરૂપનો નિર્ણય કરવા માટે અનાદિકાળથી ભૂલ કરતો આવ્યો છે અને ભ્રાંતિમાં જ રહ્યો છે. પોતાના જન્મમરણના ફેરાને ટાળી શક્યો નથી. પછી કૃ. દેવ કહે છે **સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી.** હવે આ વાક્ય અને ઉપરનું વચન છે જેમાં કહે છે કે આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે. આમ સર્વ દુઃખ અને ક્લેશથી મુક્ત થવાનો એક જ ઉપાય અને તે છે આત્મજ્ઞાન. તો જો આ બે વસ્તુ પર જીવ ખૂબ ખૂબ વિચાર કરે તો એને અનાદિકાળથી આજ સુધી શા માટે ભૂલો થતી આવી ? શું ભૂલો થતી આવી ? કઈ કઈ ભૂલો કરી ? તે બધા સવાલો ઊભા થાય. અને તેનું સમાધાન કરતો જાય. પછી કૃ.દેવનાં વચનો સાંભળે કે આત્મજ્ઞાન તો જોઈશે અને જોઈશે જ . અને તે દૃઢત્વ થાય. પછી તે આત્મજ્ઞાન માટે શું કરવું ? તેના બે મુદ્દા અહીં આપ્યા છે કે **સદ્‌વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ-પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી એમાં કિંચિત્‌માત્ર સંશય નથી.** આમ જેને કહીએ ને કે આ બોધ જે છે, કે જે જીવને માર્ગ પ્રાપ્ત થયો હોય ને તેને અપાતો હોય એવો આ બોધ છે. પહેલી વાત તો એ છે કે જીવને માર્ગ મળવો જોઈએ. પણ એને માર્ગ મળેલો હોય એટલે એના પછીનાં પગથિયાં બતાવે છે.

સદ્‌વિચાર-તો આ સદ્‌વિચારની ભૂમિકામાં જીવે આવવું જ જોઈએ. અસત્ પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી. પ.કૃ. દેવ કહે છે એમાં સંશય નથી. તો ૫૬૯ પત્રાંક છે એમાં પણ આ જ વાત લખી છે કે **સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી. સદ્વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ-પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી એમાં કિંચિત્‌માત્ર સંશય નથી.** હવે પહેલી વાત આપણે વિચારીએ કે વિચાર વિના એટલે કે સદ્‌વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં. તો શું આપણે વિચાર વગર રહી શકીએ ? પછી ગમે તેટલો અભણ માણસ કે ભણેલો માણસ હોય, કે ગમે તેવા પ્રકારનો મનુષ્ય હોય એને જેમ આ પાંચ ઇન્દ્રિયો મળેલી છે તેમ છઠ્ઠું મન પણ મળેલું છે. અને એ મન મળેલું છે એટલે એ વિચાર તો કરવાનો ને કરવાનો જ. તો વિચાર તો બધા જીવો કરે છે અને બધા પ્રકારના વિચાર કરે છે. કરવા જેવા પણ કરે છે અને ન કરવા જેવા પણ કરે છે એટલે કે શુભ કે અશુભ બધા પ્રકારના વિચાર તો જીવ કરતો જ હોય છે પણ આની અંદર કીધું કે સદ્‌વિચાર, તો જીવનું આધ્યાત્મિક ઘડતર અમુક લેવલ સુધીનું થયેલું હોય તો જ જીવ સદ્‌વિચારણા કરી શકે. એટલે કે જ્યાં સુધી જીવને મિથ્યાત્વ છે, અજ્ઞાન છે અને મોહથી ભરેલો છે તો એની બુદ્ધિની અંદર વિપર્યાસપણું છે એટલે એ જે વિપર્યાસપણું છે એ કેવું છે ? માત્ર તે જીવ પોતાના સુખનો જ વિચાર કરે અને એ સુખ પ્રાપ્ત કરવાના ઉપાયો શોધવા માટે થઈને અલગ અલગ રીતે વિચારણા કરે. એણે જે નિર્ણય કર્યો અને એ વસ્તુ પ્રાપ્ત કરવી છે તો એ પ્રાપ્ત કઈ રીતે કરી લેવી ? તેની વિચારણા એ પોતે કરે. આમ આવો જે જીવ છે અને મોહથી ભરેલો છે એટલે એને વિપર્યાસ ભાવ છે એટલે એ જે પોતે નથી અને છતાં એમાં એને મારાપણાનો ગાઢો ભાવ છે. એ જે જીવ છે તે વિચારણા કરે છે ને એ વિચારણા સંસારજનિત વિચારણા, મોહજનિત વિચારણા હોય છે. કદાચ એને ધર્મના સંસ્કાર હોય તો પણ મોહ છે તે એને યથાતથ્ય વિચારણા ન થવા દે, કેમકે એનામાં વિપર્યાસપણું રહેલું છે. એટલે કે પરવસ્તુમાં એનો મારાપણાનો ભાવ છે એટલે સમગ્રપણે એની બધી પ્રવૃત્તિ અવળી જ ચાલે છે. આમ અત્યારે અહીંયાં જેટલા પણ બેઠેલા હોય અને એને એમ કહીએ કે તમે જે કાંઈ કરો છો તે બધું અવળું જ કરો છો તો કદાચ આ વાત મોટાભાગના તમે લોકો સ્વીકારવા તૈયાર થઈ જાવ અને એમ જ કહો કે અમે તો આ શરીર એ જ હું એમ માનીને બધાં જ કાર્યો કરીએ છીએ. અમે જે કરીએ છીએ તે અવળું જ કરીએ છીએ. પણ જો બીજો સમુદાય હોય તો એ બાંય ચડાવે કે તમે અમને કહો છો કે અમે બધું અવળું કરીએ છીએ પણ પોતે આ બધાં સાંસારિક કાર્યોમાં કેટલું સવળું કરે છે તે બધું આપણને ગણાવા લાગે. પણ પાયાની અંદર જ્યાં મિથ્યાત્વ છે, વિપરીત સમજણ છે ત્યાં વિપર્યાસપણું તો છે જ. તો જીવ વિચાર તો કરે છે પણ તેમાં વિપર્યાસ બુદ્ધિ રહેલી છે તો તે વિચારણા યથાયોગ્ય વિચારધારા નથી. આ યથાયોગ્ય વિચારણા ક્યારે આવે ? આની અંદર એનો ઉપાય બતાવ્યો કે **અસત્સંગ અને અસત્‌પ્રસંગ આ બે જીવે ઘટાડવા જોઈએ.** તો જ્યાં સંસારીભાવ ગાઢો છે અને એવા જીવોની સાથેનો જે સંગ છે તે બધો જ અસત્સંગ છે, બધો જ અસત્પ્રસંગ છે પણ જ્યાં આત્મા પ્રાપ્ત કરવાની ભાવના છે, ધર્મ કરવાની ઇચ્છા છે, એમાં પણ કાંઈક થોડી તીવ્રતા છે એવા જીવોનો સંગ કરવો તેને આપણે સત્સંગ કહી શકીએ અને બીજું, અસત્પ્રસંગ, આમ ગણીએ તો આ સંસારના જેટલા પ્રસંગો છે ને એ બધા જ અસત્પ્રસંગો રહેલા છે. જે બધા પ્રસંગો એવા છે કે જે સંસારી ભાવોને જ ગાઢા બનાવે, બળવાન બનાવે, મજબૂત બનાવે. અને જીવ તે આવી રીતે અસત્સંગ અને અસત્પ્રસંગની વચ્ચે જ, એટલે કે સંસારની વચ્ચે જ પોતાનું જીવન વિતાવી રહ્યો છે. એટલે એને માટે થઈને સદ્‌વિચારની

ભૂમિકામાં આવવું ખૂબ કઠિન બનતું જાય, બહુ મુશ્કેલ બનતું જાય. પણ જો એ અસત્સંગ અને અસત્પ્રસંગ ઘટાડતો જાય, ઓછા કરતો જાય અને એની સાથે સત્સંગનો આશ્રય ગ્રહણ કરતો જાય તો અનુક્રમે એ જે સંસારીભાવવાળા જે ગાઢા સંસ્કારો છે ને તે થોડાઘણા પણ પાતળા પડવા મંડે, હળવા થવા મંડે. બીજી વાત કે આ બે વસ્તુ જે છે તે સદ્‌વિચાર નથી થવા દેતી. અને એની અંદર જે અસત્સંગ અને અસત્પ્રસંગ છે, એટલે ત્યાં આગળ સંસારી જીવ કે એની અંદર વૈરાગ્ય જરા પણ નથી. ત્યાગભાવના તો તેના અંતઃકરણની અંદર હોય જ નહીં. કેમકે એ જીવ તો સંસારના સુખની પાછળ જ દોડેલો હોય અને એવા જીવની અંદર ઉપશમ નામનો ગુણ પણ ન હોય. એ તો એમ જ વિચારે કે સંસારી કાર્યો કરવાં હોય તો કષાય ભાવો કર્યા વગર થાય જ નહીં. તો આની અંદર તો ઉપશમ એટલે કે જે કષાય ભાવો કે સંસારી ભાવો થતાં હોય તો પોતાની જાતને પાછી વાળવી. એટલે કે શમાવવા. તો આ ઉપશમ અને વૈરાગ્ય આ બે ગુણો એવા છે કે જીવની જે મોહ અને આસક્તિ સંસારપ્રત્યેની છે તેને પાતળી પાડતો જાય. અને આવો જે વૈરાગ્યવાન જીવ છે તે એને આ અસત્સંગ અને અસત્પ્રસંગ એના પ્રત્યે એની રુચિ ન હોય, એના પ્રત્યે લગાવ ન હોય, એના પ્રત્યે ખેંચાણ ન હોય એને તો પછી સત્સંગ તરફ જ ઝુકાવ હોય અને જેમ જેમ આ બે ગુણો વિકસતા જાય, વધતા જાય, એમ એમ શું થાય કે એની જે બુદ્ધિ વિપર્યાસભાવવાળી હતી તે બુદ્ધિ ફરતી જાય અને એ સદ્‌બુદ્ધિ થતી જાય. આવો જે જીવ છે તે પછી ખરેખર વસ્તુસ્થિતિ સમજવાને શક્તિમાન બનતો જાય કે આ શરીર છે એ હું નથી પણ શરીરમાં બેઠેલો આત્મા એ હું છું પ્રથમ તો જ્ઞાનીપુરુષના વચનથી એ સમજી, એટલે કે શ્રદ્ધાના બેકગ્રાઉન્ડથી એ વાતને સ્વીકારતો થઈ જાય. ભલે એના નિયમિત વર્તનની અંદર તો મિથ્યાત્વ રહેલું જ છે. એટલે દેહાધ્યાસ તો છે અને એટલે કે શરીર એ હું એમ માનીને બધી પ્રવૃત્તિ થતી હોવા છતાં પણ એનામાં પરિવર્તન શું આવ્યું ? કે આ શરીર એ હું નથી પણ એમાં બેઠેલો આત્મા એ હું છું એમ એની સમજણ પાકી થતી જાય. અને જેમ જેમ એ સમજણ પાકી થતી જાય એમ એમ એનો દેહાધ્યાસ પણ અનુક્રમે પાતળો પડતો જાય, ઘટતો જાય અને એની જે બુદ્ધિ છે તે સદ્‌ભાવમાં આવતી જાય. અને તે સદ્‌બુદ્ધિમાં પરાવર્તિત થતી જાય. આવો જીવ કે જ્યારે એની સદ્‌બુદ્ધિ થાય અને એ જીવ સદ્‌બુદ્ધિપૂર્વક વિચારણા કરે. આ આધ્યાત્મમાર્ગની જે વસ્તુ જેમ છે તેમ જ યથાતથ્ય વિચારણા કરી શકે. અને આવો જે વિચારવાન જીવ છે, કેમકે આની અંદર તો આત્મજ્ઞાન એ તો મુખ્ય કીધું પણ વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં એમ કીધું તો આ સદ્‌વિચારની ભૂમિકા આવવી જ જોઈએ. અને તો જ જીવની અંદર વિવેક નામનો જે ગુણ છે તે પ્રગટ થાય. પછી જ આમ બાહ્ય સમજણમાં આવ્યું કે શરીર એ હું નથી પણ અંદર બેઠેલો આત્મા એ હું છું પણ પછીથી એ પોતાના વિવેકરૂપ જે હથિયાર છે તે હથિયારથી પોતાના આત્માને આ શરીરથી છૂટા પાડવાની પ્રક્રિયા કરે અને એમ કરતાં કરતાં એને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય. ભેદજ્ઞાન કરવાને તે પછી શક્તિમાન બને. એટલે અસત્સંગ અને અસત્પ્રસંગ બે વસ્તુ કીધી ને ? તો આ જે પત્રાંક ૫૬૯ માં એ બન્નેનું બળ તોડવા માટે થઈને, ઘટાડવા માટે થઈને રસ્તો બતાવ્યો કે **આરંભ પરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે.** તો આરંભ અને પરિગ્રહ ઘટવાં જ જોઈએ અને **સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે** તો આવી રીતે જ્યારે આ અસત્સંગ અને અસત્પ્રસંગ જો એ આપણે ઘટાડતા જઈએ, ઘટાડતા જઈએ તો આપણી વિચારશક્તિ બળવાન અને બળવાન થતી જાય. હવે આમ આ બે વાત કરી કે એક તો આત્મસ્વરૂપનો નિર્ણય થવામાં અનાદિથી જીવની ભૂલ થતી આવી છે અને બીજું, છતાં પણ આત્મજ્ઞાન થયા સિવાય

જીવ મુક્ત ન થઈ શકે. આત્મજ્ઞાન વિચાર વિના થાય નહિ અને વિચાર તો જો જીવ અસત્સંગ અને અસત્પ્રસંગથી પોતાની જાતને છોડાવે તો જ થાય. તો હવે આ અધ્યાત્મમાર્ગનો જીવ તો જો થોડો પણ ધર્મ કરે તો એને એમ થઈ જાય કે હવે હું આટલો બધો ધર્મ કરું છું તો હવે મારી મુક્તિ થઈ જવી જોઈએ. ભગવાન હવે મારા પર પ્રસન્ન થવા જ જોઈએ. એટલે એને તો અંદરથી એવું થઈ જાય કે હું જે કાંઈ કરું છું તે બરાબર, યથાયોગ્ય કરું છું અને હવે મારી મુક્તિ જલદીથી થવી જ જોઈએ. આવી અંદરથી એકત્વભાવના લગભગ બધા જીવોના અંતઃકરણની અંદર ઊભી તો થઈ જ જાય. અને દુઃખ આવે ને ત્યારે એને એમ થાય કે હું આટલો બધો ધર્મ કરું અને છતાંયે ભગવાન મને દુઃખ આપે. પણ આ આખી જે માર્ગની રચના છે તે રચના કેવી છે ? કે **આત્મસ્વરૂપની સ્વસ્થતાને શ્રીતીર્થંકર 'સમાધિ' કહે છે.** મનનાં પરિણામ નથી કીધાં. બરાબર વિચારજો હોં, આત્મપરિણામ કીધાં છે અને જો આત્મપરિણામ સ્વસ્થ હોય તો એને તીર્થંકર ભગવંતે સમાધિ કીધી છે અને આત્મપરિણામની અસ્વસ્થતાને કર્મ કહે છે. હવે આમ તો આત્મપરિણામને સ્વસ્થ કરી અને સાચા આત્મધર્મમાં આપણે બધાએ આવવું પડશે. અત્યારે આપણે જે ધર્મ કરીએ છીએ એ આત્માને પ્રાપ્ત કરવા માટે કરીએ છીએ. પણ એ આત્મા પ્રાપ્ત કર્યો પછી સાચો ધર્મ શરૂ થશે. માટે આત્માના એ પરિણામને સ્વસ્થ રાખવાના છે. અત્યારે તો કોઈ પણ અજ્ઞાની જીવ છે અને કદાચ આ અધ્યાત્મમાર્ગ ગ્રહણ કરી અને જેને કહીએ કે પોતાના મનનાં પરિણામ થોડાં ઘણાં સ્થિર કર્યાં. તો એ સ્થિર કરેલા મનનાં પરિણામની અંદર પણ અજ્ઞાન છે ને એટલે અંદર જે અજ્ઞાનભાવ અને તે અજ્ઞાનભાવથી ઉત્પન્ન થતા રાગ અને દ્વેષ, કે જે રાગદ્વેષને નિમિત્તે વિષયો ને કષાયો - આ બધું અંદર તો ચાલ્યા જ કરતું હોય. બધા અજ્ઞાની જીવોની અંદર આ કાં તો સ્થૂળતાથી કાં તો સૂક્ષ્મપણે - સ્થૂળતાથી એટલે શું છે કે એને રાગદ્વેષ ગમે ત્યારે, ગમે ત્યાં થઈ જાય અને તે રાગદ્વેષથી બધાને એણે રાગદ્વેષ કર્યા એનો ખ્યાલ પણ આવી જાય કેમકે એને પોતાને એનો કાબૂ જ નથી. પણ કદાચ એ સ્થૂળતાથી ન કરે એટલો એને કાબૂ આવી જાય. પોતે પોતાની અંદર જે કષાયભાવ થયા છે તે બહારનાને વ્યક્ત ન થવા દે. ક્રોધ આવ્યો પણ બહાર તેણે તે વ્યક્ત ન કર્યો પણ અંદર તો ક્રોધ બેઠેલો જ છે. તો આ અંદરનાં પરિણામ. અને પછી સૂક્ષ્મતાએ આવે અને એ સૂક્ષ્મતાના લેવલ પણ કેટલા બધા કે જે સૂક્ષ્મતા છે પછી એનાથી પણ સૂક્ષ્મ બનવું પડે. પછી એનાથી વધુ સૂક્ષ્મ બનવું પડે, કેમકે આંતરિક પરિણતિ છે એની અંદર જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી વિભાવભાવ અને એ વિભાવભાવના લક્ષે જે અંદરના પરિણામો છે તે સૂક્ષ્મ, સૂક્ષ્મ અથવા એનાથી પણ સૂક્ષ્મપણે પણ જીવની પાસે રાગ અને દ્વેષ કરાવ્યા જ કરતા હોય અને આખી રચના કેવી છે કે ભલે અંદરનાં પરિણામ ગમે તેવાં થયાં પણ તમે કોઈને ખબર જ પડવા ન દીધી. બધાને તો એમ જ લાગે કે આ ખૂબ શાંત છે. બસ, આવી શાંતિ બધાને હોય તો સારું. પણ એની અંદર શું ચાલે છે એ એને પોતાને જ ખબર પડે. અમુક વસ્તુ તો એને પોતાને પણ વધુ સૂક્ષ્મ હોય તો ખબર ન પણ પડતી હોય તો એ જેવાં પરિણામ અંદર ઊભાં થાય એવાં આંદોલનો આત્માના પ્રદેશો ઉપર થાય અને કર્મનું બંધન થાય, થાય ને થાય જ. બધાને માટે આ નિયમ એકસમાન એમાં ક્યાંય કોઈને માટે થઈને પક્ષપાત નહીં. બસ, બધાએ જેવાં પરિણામ કર્યાં ને એના પ્રમાણમાં જ તેને કર્મ લાગવાનાં, લાગવાનાં ને લાગવાનાં જ. એટલે મહાપુરુષો તો એમ કહે છે કે અજ્ઞાની જીવ અને એમાં પણ આ જે વાત છે એ ખૂબ મોહથી ભરેલો જીવ છે તે તો શ્વાસોશ્વાસમાં અનંતા કર્મનું બંધન કરે છે. એટલે એની અંદરની આંતરિક પરિણતિ કેવી રહેતી હશે એનો ખ્યાલ આવે તો આપણા અંદરનાં જે પરિણામ છે એ પરિણામની અસર એટલે કે એ પરિણામ કે જેના કારણે આત્મા કાં તો રાગભાવ કરતો હોય, કાં તો દ્વેષભાવ કરતો

હોય અને કર્મનું બંધન તો થયા જ કરતું હોય. આ બધાં પરિણામને જો સ્વસ્થ કરવામાં આવે એટલે એ વખતે નથી રાગ કે નથી દ્વેષ. તો જીવ સમાધિભાવમાં આવી શકે. જ્યાં આત્માનાં પરિણામ અસ્વસ્થ છે ત્યાં તીર્થંકર ભગવંતે અસમાધિ કીધી. એટલે ખૂબ જ વિચારવાનું છે કે આપણે તો શરૂઆત કરી છે અને ઉપર ઉપરથી કાંઈક કષાયો છે કે કાંઈક વિષયો છે એને થોડેઘણે અંશે પાતળા પાડ્યા હશે. પણ હજી તો આપણે એને કેટલા બધા પાતળા પાડવાના છે કમ સે કમ આપણે અજ્ઞાનને દૂર કરવું છે તો તે અજ્ઞાનને દૂર કરવા માટે થઈને કેટલાં પરિણામો સ્વસ્થ કરવાં પડે એનો એટલો અભ્યાસ કરીને જો એના એકલા ઉપર જ લાગી પડીએ તો પણ કેટલો બધો ફરક પડે કે જેની અંદર અનંતાનુબંધી કષાયો કીધા. ક્રોધ, માન, માયા, લોભ અને મિથ્યાત્વ મોહિની આ પાંચ પ્રકૃતિ લઈએ અને પછી મિશ્ર મોહિની અને સમ્યક્ત્વ મોહિની એનો અત્યારે વિચાર ન કરીએ. પણ આ પાંચ પ્રકૃતિ એને પાતળી જ પાડવા મંડીએ અને આ જે મિથ્યાત્વ મોહિનીથી આ દેહ એ જ હું એવી જે દૃઢતા થઈ ગઈ છે અને જેને કહીએ કે હાડોહાડ એવું વ્યાપેલું છે અને એ લક્ષે જ બધી પ્રવૃત્તિ થાય છે એ મિથ્યાત્વભાવ કોઈ ને કોઈ રીતે પાતળો પડતો જાય અને આ શરીર એ હું નહીં પણ અંદર બેઠેલો આત્મા એ હું અને આ જે કાંઈ પણ થઈ રહ્યું છે એનો ખાલી હું જોનાર અને જાણનાર છું અને પછી ભલે અજ્ઞાન છે છતાં પણ પ્રેક્ટીસ શરૂ કરે કે શરીરથી જે કાંઈ પણ થઈ રહ્યું છે એનો એ જોનાર બની જાય. ખાલી જોનાર. આ પ્રેક્ટીસ જો એની બરાબર દૃઢ અને મજબૂત થતી જાય તો એનું મિથ્યાત્વ પાતળું પડતું જાય અને આત્માનાં જે પરિણામો છે એની અસ્વસ્થતા છે એ ઘટતી જાય. ઓછી થતી જાય. અને એમ કરતાં કરતાં ખરેખર એ જીવને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થાય. પછીથી તો એ જ્ઞાની મહાત્મા કે જે પોતાના આત્માના બધા પ્રદેશોને સ્થિર કરવાનો જ પુરુષાર્થ કરતો હોય. બધાં જ પરિણામોને સ્વસ્થ રાખવાનો જ એનો પુરુષાર્થ હોય. અને આવો જે મહાત્મા કે જે પોતાની જ્ઞાનદશાની અંદર પ્રગતિ કરતાં કરતાં એ સહજ રીતે પોતાના આત્મસ્વરૂપની અંદર નિવાસ કરતો થઈ જાય– સહજ રીતે–એને કોઈ પુરુષાર્થ ન કરવો પડે. તો બસ એ સાચા ધર્મમાં આવી ગયો. પણ જો એની પરિણતિમાં કંઈક ચપળતા આવી જાય તો એને કર્મબંધ થાયને થાય જ. એટલે જો આ વાત આપણા મગજની અંદર બરાબર બેસી ગઈ હોય ને તો આપણા વહેવારની અંદર જ્યાં જ્યાં આપણે કષાયભાવો કરતા હોય અથવા તો ક્રોધ, માન, માયા, લોભ અંદર થયા કરતાં હોય અથવા પાંચેય ઈન્દ્રિયો અને એના વિષયોના ભાવો અંદરથી સતત થયા કરતા હોય તો એની અંદર આપણે બ્રેક મારતા જઈએ. કેમકે આપણને ખ્યાલ આવ્યો કે આ બધાથી તો આપણને કર્મનું બંધન જ થાય છે અને મને હવે આ બંધન થાય તો પરવડે એવું નથી. આટલી વાત કર્યા પછી કૃ.દેવ કહે છે કે **(શ્રી જીન તીર્થંકરે જેવો બંધ અને મોક્ષનો નિર્ણય કહ્યો છે, તેવો નિર્ણય વેદાંતાદિ દર્શનમાં દૃષ્ટિગોચર થતો નથી.)** તો આપણે જેની વાત કરી કે કર્મનું બંધન કેવી રીતે થાય છે ? અને એના માટે થઈને એ બંધનથી પોતાની જાતને સંપૂર્ણપણે છોડાવી અને એની મુક્તિ કઈ રીતે થાય છે ? એટલું બધું સૂક્ષ્મ રીતે જૈનદર્શનની અંદર નિરૂપણ કરેલું છે અને એમાંય આ બંધ અને મોક્ષની વાત છે એટલે આપણા કર્મગ્રંથોની અંદર ખૂબ સૂક્ષ્મતાથી આ વાત જણાવેલી છે. તો આટલું બધું સૂક્ષ્મ રીતે, અને આટલું બધું યથાયોગ્ય રીતે, જે વસ્તુ જેમ થઈ રહી છે તેમ જ બીજા કોઈ દર્શનમાં જોવામાં આવતી નથી. એટલે જ કહે છે **અને જેવું શ્રી જિનને વિષે યથાર્થવક્તાપણું જોવામાં આવે છે, તેવું યથાર્થવક્તાપણું બીજામાં જોવામાં આવતું નથી.** યથાર્થ એટલે જે વસ્તુ જેમ છે એમ જ એણે પોતે જણાવી છે. જ્યારે બીજા દર્શનની અંદર આપણે એવું યથાર્થપણું કે વક્તાપણું દૃષ્ટિગોચર ન થાય. આપણને

ક્યાંય ને ક્યાંય એ જે પણ વસ્તુ જણાવેને એના ઉપરથી સવાલો ઊભા થાય. વિરોધાભાસ ઊભો થાય. આવું બધું બની શકે. પછી **આત્માના અંતર્વ્યાપાર (શુભાશુભ પરિણામધારા) પ્રમાણે બંધમોક્ષની વ્યવસ્થા છે, શારીરિક ચેષ્ટા પ્રમાણે તે નથી. પૂર્વે ઉત્પન્ન કરેલાં વેદનીય કર્મના ઉદય પ્રમાણે રોગાદિ ઉત્પન્ન થાય છે, અને તે પ્રમાણે નિર્બળ, મંદ, મ્લાન, ઉષ્ણ, શીત આદિ શરીરચેષ્ટા થાય છે.** તો પહેલી વાત તો એ કે આત્માના અંતર્વ્યાપાર પ્રમાણે જ, એટલે કે આપણે જેવા આંતરિક રીતે શુભભાવ કે અશુભભાવ કરીએ એ રીતે બંધન થાય. અને જો એ શુભભાવ કે અશુભભાવ પણ ન કરીએ, આત્મા સમભાવમાં રહે એટલે કે સ્વભાવભાવમાં રહે તો કર્મનું બંધન ન થાય. અને જો જીવ કર્મનું બંધન કરતો અટકી જાય—તો જે કર્મ ઉદયમાં આવે એને તે ખપાવે અને પછી અનુક્રમે એનો મોક્ષ થાય. પણ એના શરીરની ચેષ્ટા પ્રમાણે બંધ અને મુક્તિ નથી. તો એ આ મન, વચન, કાયાના યોગથી, એટલે કે શરીરથી ગમે એટલાં ક્રિયાકાંડ કરે, ધર્મ કરે, બાહ્ય રીતે અનેક પ્રકારથી એ ધર્મ કરે, પછી એ તપશ્ચર્યાઓ કરે, ક્રિયાઓ કરે કે બીજું ગમે તે કરે પણ એ શરીરની ચેષ્ટાથી બંધ મોક્ષ નથી. પણ આત્માની અંદર જે પણ પ્રકારના ભાવો થાય છે એનાથી એને બંધ થાય છે અને જો આત્મા કોઈ પણ પ્રકારના ભાવો ન કરે અને સમભાવમાં રહે તો કર્મનું બંધન થતું નથી. એટલે આ વસ્તુની આપણે દઢતા કરવાની છે. એનું કારણ શું છે ? કે જીવ ક્રિયાઓ શરીરથી કરે અને ફળ મોક્ષનું માંગે પણ હકીકતની અંદર તો આત્માના ભાવની સાથે જ આ આખી વાત જોડાયેલી છે. હવે આ એક વાત થઈ. બીજું, જીવે પૂર્વભવોની અંદર કર્મનાં બંધન તો કરેલાં છે જ અને કદાચ એ ઉચ્ચ દશાએ પહોંચે પણ એણે જે કર્મ બાંધેલાં છે એ તો ઉદયમાં આવે એટલે એણે ભોગવવાં તો પડે જ. અને એ કર્મ ઉદયમાં આવે તો એને રોગ પણ થાય અને એ રોગના પરિણામે શરીરમાં નબળાઈ પણ આવે, મંદતા આવે, મ્લાનતા આવે, શરીર ગરમ કાં એકદમ ઠંડું પડી જાય. આવી અનેક પ્રકારની ચેષ્ટાઓ શરીર ઉપર થાય. **વિશેષ રોગના ઉદયથી અથવા શારીરિક મંદબળથી જ્ઞાનીનું શરીર કંપાય, નિર્બળ થાય, મ્લાન થાય, મંદ થાય, રૌદ્ર લાગે, તેને ભ્રમાદિનો ઉદય પણ વર્તે, તથાપિ જે પ્રમાણે જીવને વિષે બોધ અને વૈરાગ્યની વાસના થઈ હોય છે તે પ્રમાણે તે રોગને જીવ તે તે પ્રસંગમાં ઘણું કરી વેદે છે.** હવે આ વાત છે તે જ્ઞાનીની છે. તો હવે એણે જે સંસ્કારો વર્તમાનમાં પોતાની અંદર પાડ્યા અથવા તો એણે એની જે જ્ઞાનદશા ઉત્પન્ન કરી, તો બાહ્ય રીતે આ શરીરની અંદર ગમે તે થાય, ભ્રમ હોય એવું પણ લાગે. તેનો ઉદય પણ વર્તતો હોય. બાહ્ય ચેષ્ટા ગમે તેવી હોય પણ જો અંદરનાં પરિણામ એકદમ સ્વસ્થ હોય, શાંત હોય, સ્વભાવ જાગૃતિ હોય તો એ જીવ આ કર્મનો જે પણ ઉદય આવે ને એને અંદરથી પૂરેપૂરો સ્વસ્થ રહીને વેદતો જ હોય છે. એટલે આ બધી વાત છે એ આપણે સૌએ આપણા જીવનની અંદર અપનાવવાની છે, કેમકે આપણે મિથ્યાત્વ તો કાઢવું જ છે ને ? ભલે આપણી અજ્ઞાનની ભૂમિકા છે અને આ જે કાંઈ વાત થાય છે એ જ્ઞાનીના લક્ષે, અમુક મુખ્ય મુદ્દાઓ તો એના લક્ષે છે. છતાં પણ આ અજ્ઞાન ભૂમિકાએ જીવનો બાહ્ય ઉદય ગમે તેવો હોય પણ અંદરનાં પરિણામને સ્વસ્થ રાખી શકે. કેમ ? તો કહે એની પાસે બળવાન સાધના છે. એ સાધનાનો મહાવરો છે. એ મહાવરાથી પોતાનું મન કેમ સ્વસ્થ રાખવું એની કૂંચી જાણે છે. એને સ્થિર રાખવાનો પુરુષાર્થ એના ખ્યાલમાં છે. તો આવો જે જીવ છે એ બાહ્ય પરિસ્થિતિ ગમે તેવી હોય પણ અંદરના પરિણામ છે ને એને સ્વસ્થ રાખવાનો, શાંત રાખવાનો પ્રયત્ન અને પુરુષાર્થ કરવો જ જોઈએ કેમકે આવો પુરુષાર્થ કર્યે જીવને કેટલો બધો કામ લાગે. આમ વિચાર કરીએ તો જે મુમુક્ષુઓ કે જેમનો કર્મનો બળવાન ઉદય હોવા છતાં પણ કેવાં સ્વસ્થ પરિણામ

રાખીને પોતાનો દેહ છોડ્યો છે. તો એ અંતિમ સમયની વેદના, મુશ્કેલી, તકલીફ અને એમાં પણ અસાધ્ય રોગનું વેદન ચાલતું હોય અને એ જીવ સ્વસ્થ પરિણામ રાખી પોતાનું શરીર છોડે, આ કેવા આપણી નજર સામેના બળવાન દાખલાઓ છે. આપણે તો આ વાતને આપણા જીવનની અંદર વણી જ લેવી જોઈએ કે બાહ્ય રીતે ગમે તે થતું હોય પણ અંદરના પરિણામને તો આપણે શાંત રાખવાનો પ્રયત્ન કરવો જ જોઈએ. એમાં એનું મારાપણું જેવું ઊભું થયું તો એ નડ્યું. બસ, એ અભિમાન છે ને એ જીવને કષાયભાવ કરાવડાવે છે. વિપરીત ભાવો કરાવડાવે છે, પણ જો એ મારાપણું નીકળી ગયું, અથવા તો મારાપણું પાતળું થયું તો પણ ઘણોબધો ફાયદો થાય છે. **કોઈપણ જીવને અવિનાશી દેહની પ્રાપ્તિ થઈ એમ દીઠું નથી, જાણ્યું નથી તથા સંભવતું નથી, અને મૃત્યુનું આવવું અવશ્ય છે, એવો પ્રત્યક્ષ નિઃસંશય અનુભવ છે, તેમ છતાં પણ આ જીવ તે વાત ફરી ફરી ભૂલી જાય છે એ મોટું આશ્ચર્ય છે.** જીવ આમ કહીએ તો કોઈની મરણસભામાં જશે તો ડાહી ડાહી વાતો કરશે કે કોઈનું શરીર અવિનાશી છે નહીં. વિનાશી જ છે. જન્મ છે એનું મૃત્યુ તો છે જ. પણ પોતાનું જીવન તો એમ જ જીવે કે જાણે તે પોતે તો ક્યારેય મરવાનો જ નથી. લગભગ મોટાભાગના બધા જીવોની આ પરિસ્થિતિ રહેતી જ હોય છે. એટલે આપણે તો આ વાત દ્રઢ જ કરવાની છે કે મારા માથા પર કાળ ભમે જ છે. પૂ.બાપુજી એમ કહેતા હતા કે આપણા માથા પર યમરાજ આમ ગોળ ગોળ ફરતા જ હોય અને એને એમ લાગેને કે હવે સમય આવ્યો છે એટલે એ ત્રાટકશે. આપણને ખબર પણ નહીં પડે કે કેવી રીતે ત્રાટકી એ આપણો કોળિયો કરી ગયા. તો યમરાજા આવે અને પોતાનું કામ કરી જાય એ પહેલાં જીવે એવો બળવાનપણે પુરુષાર્થ ઉપાડવો જોઈએ કે એ પોતાનું મૃત્યુ આવે એ પહેલાં કમ સે કમ પોતે આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી લે. કેમકે મૃત્યુ તો ચોક્કસ આવવાનું, આવવાનું અને આવવાનું જ. **જે સર્વજ્ઞ વિતરાગને વિષે અનંત સિદ્ધિઓ પ્રગટી હતી તે વીતરાગે પણ આ દેહને અનિત્યભાવી દીઠો છે, તો પછી બીજા જીવો કયા પ્રયોગે દેહને નિત્ય કરી શકશે ?** તો સર્વજ્ઞ વીતરાગને આવી રિદ્ધિ સિદ્ધિ પ્રગટેલી હતી અને છતાં પણ એને મૃત્યુ અનિવાર્ય છે અને એ આવવાનું જ એમ માની પોતે પોતાની દશા પ્રાપ્ત કરી લીધી. તો કહે છે કે બીજા જીવો કયા પ્રયોગે દેહને નિત્ય કરી શકશે ? **શ્રી જિનનો એવો અભિપ્રાય છે, કે પ્રત્યેક દ્રવ્ય અનંત પર્યાયવાળું છે. જીવને અનંતા પર્યાય છે અને પરમાણુને પણ અનંતા પર્યાય છે. જીવ ચેતન હોવાથી તેના પર્યાય પણ ચેતન છે અને પરમાણુ અચેતન હોવાથી તેના પર્યાય પણ અચેતન છે. જીવના પર્યાય અચેતન નથી અને પરમાણુના પર્યાય સચેતન નથી, એવો શ્રી જિને નિશ્ચય કર્યો છે અને તેમ જ યોગ્ય છે, કેમકે પ્રત્યક્ષ પદાર્થનું સ્વરૂપ પણ વિચારતાં તેવું ભાસે છે.** કેમકે આ જે તત્ત્વજ્ઞાનની સમજણ છે અને એ સમજણ પાકી થઈ જાય કે હું ચેતન છું અને દેહ જડ છે, પુદ્ગલનું બનેલું છે. તો પછી જીવ છે તે ભેદજ્ઞાનની ભૂમિકાએ પોતાનું કાર્ય ખૂબ સારી રીતે સાધી શકે. પછી તો જે કાંઈ સવાલો પૂછેલા હશે એના જવાબરૂપ **જીવ વિષે, પ્રદેશ વિષે, પર્યાય વિષે, તથા સંખ્યાત, અસંખ્યાત, અનંત આદિ વિષેનો યથાશક્તિ વિચાર કરવો. જે કંઈ અન્ય પદાર્થનો વિચાર કરવો છે તે જીવના મોક્ષાર્થે કરવો છે, અન્ય પદાર્થના જ્ઞાનને માટે કરવો નથી.** આ પણ આપણે ખ્યાલ રાખવો જોઈએ. આપણું અત્યારે તો મૂળ લક્ષ કે કોઈપણ રીતે આપણું અજ્ઞાન જાય અને એ લક્ષે જ આપણે બધું જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. આપણને એમ થાય કે બધું જાણીએ, અભ્યાસ કરીએ પણ એ જાણવા અને અભ્યાસ કરવામાં સમય ગુમાવવો એના કરતાં આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ કરવામાં આવે તો એ જીવને વિશેષ લાભદાયી થાય છે.

—o—o—

પ.પૂ. ભાઈશ્રી સાથે મધ્યપ્રદેશ ધર્મયાત્રા

નવધા ભક્તિના વિષય પરની ૭ દિવસની આરાધના શિબિર પૂરી થઈ અને સાથોસાથ ૨૦૧૩નું વર્ષ પણ પૂર્ણ થઈ ગયું. ભક્તિનાં બે મુખ્ય પરિબળો છે : **'શ્રદ્ધા અને સમર્પણ'.** જેમ બંને કાંઠા વચ્ચે વહેતી ધસમસતી સરિતા, સાગરમાં વિલીન થઈ જવા તત્પર છે તેમ સમયના પ્રવાહમાં સંવેગે આગળ વધતું આપણું પારમાર્થિક જીવન પણ જ્ઞાનના મહાસાગરમાં વિલીન થવા આતુર છે. વહેતી સરિતા બરાબર જાણે છે કે જો બન્ને બાજુએ રહેલા કાંઠાઓનું બંધન નહિ સ્વીકારું તો હું આડીઅવળી ફંટાઈ જઈશ અને હું મારા નિર્ધારિત લક્ષ સુધી પહોંચી નહિ શકું. તેમજ આપણે પણ જ્ઞાનના મહાસાગરમાં વિલીન થવા માટે આ શ્રદ્ધા અને સમર્પણના કાંઠાઓનું બંધન સ્વીકારવું જરૂરી જ નહિ પણ અનિવાર્ય છે. જે બંધનમાં મુક્તિ રહેલી હોય તે વાસ્તવમાં ગુલામી નહિ પણ આત્મસ્વરાજની સ્વતંત્રતા છે. જે દવા અને પરેજી દ્વારા મિથ્યાત્વનો, ભવભ્રમણનો રોગ દૂર થવાનો હોય તે અસલમાં કડવું ઝેર નહિ પણ મીઠું અમૃત છે.

સત્‌દેવ, સત્‌ગુરુ અને સત્‌ધર્મ પ્રત્યેની આપણી શ્રદ્ધા અને આપણો સમર્પણભાવ અદ્વિતીય બને તે અર્થે ભાઈશ્રીની નિશ્રામાં મધ્યપ્રદેશની તીર્થયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

૩ જાન્યુઆરી ૨૦૧૪ – પહેલો દિવસ

ધર્મયાત્રામાં જોડાવાની ઉત્સુકતા ધરાવતા દેશ પરદેશના લગભગ ૧૦૦ મુમુક્ષુઓ ૩ જાન્યુઆરી ૨૦૧૪ના રોજ વહેલી સવારે મુંબઈના એરપોર્ટ પર રાયપુર જવા માટે એકત્રિત થયા હતા. નવા વર્ષે ભાઈશ્રીની સંગાથે ધર્મયાત્રાએ જવાનો કોઈ અનેરો ઉમંગ અને ઉત્સાહ હતો. રાયપુર એટલે સ્ટીલ-લોખંડનું મોટું ઔદ્યોગિક કેન્દ્ર. રાયપુરના સ્વામી વિવેકાનંદ એરપોર્ટમાં રચનાત્મક રીતે વિવિધ જગ્યાએ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તે જોતાં એવી પ્રેરણા થતી કે ધૈર્ય, હિંમત અને સહનશીલતાના સામર્થ્ય સાથે જીવનના સંઘર્ષોનો મુકાબલો કરવાનો છે.

એરપોર્ટથી ભોજાણી રિસોર્ટ પહોંચ્યા. સહુને આવકારતા વિક્રમભાઈએ કહ્યું કે આ યાત્રા દરમિયાન આપણે અંતર્મુખ ઉપયોગ રાખીને એક અખંડ જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરીશું. આ વખતની યાત્રામાં આપણે બસમાં નહિ પણ ઈનોવા ગાડીમાં બધે જવાના છીએ. ભાઈશ્રીની ગાડી સર્વથી પ્રથમ રહેશે અને ત્યાર બાદ ૨૦ જેટલી બીજી ગાડીઓનો કાફલો તેને અનુસરશે. ભાઈશ્રીની પાછળ પાછળ છેક મોક્ષ સુધી આપણે આવી રીતે જ રહીશું.

ત્યાંના સ્થાનિક રહેવાસી શ્રી ભાવેશભાઈ કે જેમણે આ ધર્મયાત્રા આયોજનમાં ઘણી મદદ કરી હતી તેનો વિક્રમભાઈએ આભાર માન્યો હતો. ભોજાણી રિસોર્ટના માલિક સંઘવી પરિવાર તેમજ ભાવેશભાઈએ ભાઈશ્રીનું અભિવાદન કર્યું અને ભોજન લીધા બાદ અમે કૈવલ્યધામ તીર્થક્ષેત્રના દરવાજે પહોંચ્યા. એ તીર્થની ભવ્યતા જોઈ વિસ્મય પામેલા સર્વે મુમુક્ષુઓ જાણે જોતા જ રહ્યા.

મુખ્ય જિનાલયનાં દર્શન કર્યા બાદ સહુએ સાથે મળીને ચૈત્યવંદન કર્યું હતું. અદ્‌ભુતમ્‌, આશ્ચર્યકારક એવા એ તીર્થની રચના એવી છે કે મધ્યમાં મુખ્ય મોટું જિનાલય અને તેની ફરતે અર્ધ-ગોળાકારમાં એક બાજુએ ૧૩ અને બીજી બાજુએ બીજા ૧૩ આમ મધ્યનું જિનાલય ગણીને ૨૭ જિનાલય વાસ્તુશિલ્પ શૈલીએ નિર્માણ થયેલાં છે. જિનાલયો બનાવતાં પૂર્વે ૧૮૦ ફૂટ ભરણી કરીને મધ્યમાં મુખ્ય જિનાલય શોભે છે. બંને બાજુએ જમીન ઢળતી જાય અને તે ઢળતા ગોળાકારમાં એક પછી એક ૧૩ જિનાલયો સુંદર રચનાત્મક રીતે નિર્માણ થયેલાં છે. આ તીર્થ કેમ જાણે પૃથ્વી પર આવીને સ્વયં દેવતાઓએ ન બાંધ્યું હોય

એવું લાગતું હતું. મુસાફરીનો બધો જ થાક એક પળમાં ઊતરી ગયો. વિશેષમાં ભાઈશ્રી સાથે દરેક જિનાલયનાં દર્શન કરતાં સર્વેએ ધન્યતાની લાગણી અનુભવી હતી. મુખ્ય જિનાલયમાં ભગવાન આદિનાથ બિરાજે છે તો જમણી અને ડાબી બાજુનાં ૧૨ જિનાલયોમાં ૨૪ તીર્થંકર બિરાજિત છે. ડાબી બાજુના પ્રથમ જિનાલયમાં પદમાવતી, ચકેશ્વરી તેમજ અંબિકા દેવી પ્રતિષ્ઠિત છે તો જમણી બાજુના પહેલા મંદિરમાં ઘંટાકર્ણ મહાવીર, નાકોડા ભૈરવજી અને ભોમિયાજી દાદા બિરાજિત છે.

તીર્થમાં દાખલ થઈએ ત્યાં જ અર્ધગોળાકારની મધ્યમાં ભગવાન આદિનાથના શ્રીચરણો સ્થપાયેલા છે. શિબિર દરમ્યાન ભાઈશ્રીએ નવધા ભક્તિનું વર્ણન કરતાં પાદ સેવનનો મહિમા સમજાવેલો હતો માટે તે ચરણોને સ્પર્શ કરતાં અંતરમાં એક વિશેષ જાગૃતિ હતી. ભોજન લેવા જઈએ તે પહેલાં દાદાવાડીમાં આચાર્ય જીવંતસૂરી તેમજ અન્ય મહારાજ સાહેબની પ્રતિમાનાં દર્શન કર્યા હતાં.

જમ્યા બાદ ચંપારણની તીર્થભૂમિએ જવાનું થયું. આ તે જ પવિત્ર ભૂમિ છે કે જ્યાં ભગવાન શ્રીરામે ૧૪ વર્ષના વનવાસ દરમ્યાન ૧૦ વર્ષ ગાળ્યાં હતા. પુષ્ટિમાર્ગના મૂળપ્રણેતા પ.પૂ.શ્રી વલ્લભાચાર્યજી પણ અહીં જ જન્મ્યા હતા. ચંપારણના મંદિરના મુખ્ય રંગમંડપમાં અમે બધા સાથે બેઠા અને વિક્રમભાઈએ શ્રીનાથજીની ધૂન ગાવાની શરૂઆત કરી. મુમુક્ષુ સિવાય ત્યાં આવેલા અન્ય દર્શનાર્થીઓ પણ સાથે જોડાઈ ગયા અને વાતાવરણ ભક્તિસભર બની ગયું. ધૂનના અંતે વિક્રમભાઈ તેમજ હિરેને, શ્રીનાથજીનો મહિમા ગાતું એટલું સુંદર પદ લીધું કે સહુ ડોલવા લાગ્યા. ભાવપૂર્ણ દર્શન કર્યા પછી બહાર આવ્યા તો શ્રી વલ્લભાચાર્યજીનું બોધ પ્રેરક જીવન સુંદર કલાકૃતિમાં કોતરાયેલું જોવા મળ્યું. તદુપરાંત શ્રીકૃષ્ણની રાસલીલાના રમણીય ચિત્રનાં પણ દર્શન થયાં. ભક્તિની પરાકાષ્ઠાને પામેલી તે ગોપીઓ જ્ઞાનભાવમાં તરબોળ હતી. ભાઈશ્રી પ્રત્યેની આપણી ભક્તિ આવી શ્રેષ્ઠતમ બને એવી ભાવના સહુના હૃદયમાં જાગી હતી. રાત્રે ઉવ્વસહ્ગરમ તીર્થે સહુએ આરામ કર્યો.

૪ જાન્યુઆરી ૨૦૧૪ – બીજો દિવસ

અહીં આ ઉવ્વસહ્ગરમ તીર્થક્ષેત્રે ૨૩માં તીર્થંકર ભગવાન શ્રી પાર્શ્વનાથ સ્વયં વિચર્યા હતા માટે તે ભૂમિનો ખૂબ જ મહિમા છે. ભગવાન પાર્શ્વનાથની પ્રાચીન પ્રતિમાજીઓ અહીં બિરાજમાન છે અને સદીઓ જૂની કોતરણી પણ જોવા મળી. સવારના વહેલા ઊઠીને વાસક્ષેપ પૂજાનો લહાવો મળ્યો અને નૌકારશી વાપર્યા બાદ પંચકલ્યાણક પૂજાનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સહુએ ભાગ લીધો હતો.

બપોરના રાજનંદગામે રથના આકારમાં નિર્માણ થયેલું આદેશ્વર ભગવાનના જિનાલયના દર્શને જવાનું થયું. હૃષ્ટપુષ્ટ ચાર અશ્વો અને તેની પાછળ મોટો રથ આમ આખું મંદિર ઘણું સુંદર. આદેશ્વર ભગવાન, મુનિસુવ્રતસ્વામી, શાંતિનાથ તેમજ અનંતનાથ ભગવાનની ચૌમુખી પ્રતિમાજીનાં દર્શન કરીને ચૈત્યવંદન કર્યું હતું.

ત્યાર બાદ ઉમર્યા રેલવે સ્ટેશનથી ટ્રેન લઈ બાંધવગઢ જવાનું હતું. સેકન્ડ ક્લાસમાં મુસાફરી કરવાની હતી અને તેથી વિક્રમભાઈએ સફર દરમ્યાન પ્રતિકૂળતા સહન કરવા સહુને તૈયાર કર્યા હતા. એમની લાક્ષણિક શૈલીમાં તેમણે કહ્યું કે મુશ્કેલીઓમાંથી પસાર થવાની એક અલગ મજા છે. આપણે સકારાત્મક વલણ અપનાવીને તે પરિસ્થિતિઓને આનંદપૂર્વક સ્વીકારવાની છે. મોક્ષમાર્ગના સાધકે કઠિન સંજોગોથી ભાગવાનું નથી બલકે શાતાશીલ્યપણું છોડીને ઉદયમાં આવેલાં કર્મોને પડકારવાનાં છે અને સમભાવ રાખીને તેને ખેરવી નાખવાનાં છે.

૫ જાન્યુઆરી ૨૦૧૪ – ત્રીજો દિવસ

વિક્રમભાઈએ કહ્યું હતું તેમજ અલગ અલગ મુમુક્ષુઓને વિપરીત અનુભવો થયા હતા પણ છતાં સહુનો અંતરઆનંદ જળવાઈ રહ્યો હતો. ટ્રેનની બારીઓ સંપૂર્ણ બંધ ન થાય ને માટે ઠંડો પવન અંદર આવતો જ રહે. ટ્રેનનાં બાથરૂમ દેશી ઢબનાં હોવાને કારણે તેમાં જવું ફાવે નહિ. વહેલી સવારે ૫ વાગે બાંધવગઢ સ્ટેશને સામાન લઈને ઊતરવાનું છતાં હસતા મોઢે સહુ ટાઈગર ડેન રિસોર્ટ પહોંચી ગયા અને ત્યાં બે કલાક બધાએ આરામ કર્યો હતો. વૃક્ષો, ફૂલોના છોડ, વનસ્પતિ, સરસ બગીચો, બાળકોને રમવા માટેનાં સાધનો અને દરેકને રહેવા માટે સ્વતંત્ર કોટેજ વિલા. આમ આ ટાઈગર ડેન રિસોર્ટ બધી જ અપેક્ષાએ એક ઉત્તમ જગ્યા હતી.

નાસ્તો કર્યા બાદ ભાઈશ્રીનો સ્વાધ્યાય શરૂ થયો. અત્યાર સુધીના જે તીર્થક્ષેત્રે ગયા હતા તેની વાત કર્યા બાદ ભાઈશ્રીએ શ્રી પાર્શ્વનાથ ભગવાનના પૂર્વ ભવોની વાત સ્વાધ્યાયમાં લીધી હતી. ચતુર્થ કાળમાં રાજા અરવિંદના રાજપુરોહિત વિશાખાભૂતિને બે દીકરા હતા, મોટો કમઠ અને નાનો મરુભૂતિ. કમઠ દુરાચારી તેમજ વ્યભિચારી હતો અને મરુભૂતિએ તેના આવા ખરાબ ચારિત્રની વાત રાજાને કરતાં રાજા કમઠને કાઢી મૂકે છે. કમઠને મરુભૂતિ માટે તીવ્ર ક્રોધ આવે છે અને વેર બંધાય છે. પછીના ભવમાં કમઠ સર્પ બને છે અને મરુભૂતિ વિંધ્યાચલ વનમાં હાથીનો અવતાર લે છે. ધ્યાનસ્થ મુનિને જોઈ આ હાથીને પૂર્વભવનું જ્ઞાન થાય છે અને તે ઉત્તમ પ્રકારની ધર્મ ભાવના પામી તે જ ભાવમાં સમ્યગ્‌દર્શન પામે છે. વનમાં આગ લાગતાં તે નાના તળાવમાં જઈને આશરો લે છે. પૂર્વભવનો વૈરી કમઠ તે જ તળાવમાં અતિ વિષધારી કુર્કટ સર્પ તરીકે ઉત્પન્ન થયો છે અને વેર યાદ આવતાં તે હાથીના કપાળે ડંશ દે છે. સમાંધિસ્ય ભાવે મરુભૂતિનો જીવ તે હાથી મૃત્યુ પામે છે. પાર્શ્વનાથ ભગવાન તેમજ પરમ કૃપાળુ દેવની સમતુલ્ય મનોવૃત્તિ કેવી હતી તે તરફ ભાઈશ્રીએ મુમુક્ષુઓનું લક્ષ દોર્યું હતું. સતત સમભાવમાં રહેવાની જાગૃતિ રાખવી એમ ભાઈશ્રીએ મુમુક્ષુઓને બોધ આપ્યો હતો.

સ્વાધ્યાય અને ભોજન બાદ બાંધવગઢના જંગલ વિસ્તારમાં નિઃસર્ગની મધ્યમાં જવાનું હતું. આ સૃષ્ટિ સ્વયં એક વિશાળ મંદિર છે કે જેમાં અલગ અલગ જીવરાશિના સ્વરૂપમાં પરમાત્મા બિરાજિત છે. ૧૪૬૦ ચોરસ કિલોમીટર વિશાળ આ નેશનલ પાર્કમાં અનેક જાતનાં પંખીઓ અને પ્રાણીઓ નિવાસ કરે છે. તે બધાં આ સૃષ્ટિ ઉપર કઈ રીતે જીવે છે અને આપણે પણ અનંત વાર એ યોનીઓમાં જન્મ લઈને કેટ કેટલું દુઃખ ભોગવ્યું છે તે સમજવાનો અને અંતરના વૈરાગ્યને વધુ સંવર્ધક બનાવવાનો લક્ષ હતો. અહીંના પાર્કમાં વાઘ સચવાયેલા રહ્યા છે માટે તેને નજીકથી જોવાની પણ એટલી જ ઉત્સુકતા મનમાં જાગી હતી. જેમ જેમ પાર્કમાં અંદર જતા ગયા તેમ તેમ હરણ, સસલાં, વાંદરા, જંગલી ડુક્કર, રીંછ, વાઘ, મોર, ગરુડ, જેવાં પશુપંખી જોવા મળ્યાં. આપણા જેવો જ આત્મા તેમના દેહમાં પણ રહ્યો છે. ગાઢ કર્મનું આવરણ છે માટે તેઓ મનુષ્યની જેમ વિચાર કરી શકતા નથી. સતત ભયમાં રહેતા તે બધા એક બીજાનું ભક્ષણ કરે છે. મનુષ્ય ભવની દુર્લભતા અને અમૂલ્યતાના વિચારો આપોઆપ મનમાં ઘૂમ્યા કરતા હતા અને સાથોસાથ તે સ્વ-પરપ્રકાશક ચૈતન્ય શક્તિ, ભગવાન આત્માને જોવાનો પણ મહાવરો કેળવાઈ રહ્યો હતો.

૬ જાન્યુઆરી ૨૦૧૪ – ચોથો દિવસ

વહેલી સવારે બીજી વાર વનમાં સફારીએ જવાનો અવસર પ્રાપ્ત થયો. ધીરે ધીરે અજવાળું થઈ રહ્યું હતું અને પછી એટલું અજવાળું હતું કે બધું સ્પષ્ટ દેખાવા લાગ્યું. મોહના અંધકારમાં જીવ સત્યને જોઈ

શકતો નથી અને જો જ્ઞાનનો પ્રકાશ પથરાય તો આ મોહરૂપી અંધારું ઉલેચાઈ જાય અને જે સ્વરૂપે વસ્તુસ્થિતિ છે તે જ સ્વરૂપે તે જણાય. જ્ઞાનપ્રકાશના પુંજ એવા ભાઈશ્રી સાથે છે ને માટે તેમનો જ્ઞાનપ્રકાશ આપણા પથને અજવાળી રહ્યો છે. ભાઈશ્રી સંગાથે હોય તો સાધારણ બાબતોમાં પણ આપણું વલણ અધ્યાત્મિક રહે છે. વનની નિરવ શાંતિમાં, નૈસર્ગિક રીતે પવિત્રતાનો અનુભવ થઈ રહ્યો હતો. કાચા રસ્તાને કારણે વાહનમાં બેઠાં બેઠાં શરીર હાલક-ડોલક થઈ રહ્યું હતું પણ છતાં આત્મા, જ્ઞાનભાવમાં સમરસપણે સ્થિર હતો. કેમ જાણે ઉદયને અનુસરતો આત્મા અલિપ્ત રહીને સાક્ષીભાવે બધું નિહાળી રહ્યો હતો. ખુલ્લી આંખે આ એક પ્રકારનું ધ્યાન હતું. જોકે બધાનો અનુભવ આવો એક સરખો ન પણ હોય છતાં ચમત્કારિક રીતે પ્રાકૃતિક સૌન્દર્ય પોતાનો અપ્રતિમ પ્રભાવ પાડી રહ્યો હતો અને મુમુક્ષુનું કોમળ અંતઃકરણ તેનું સંવેદન કરવા પણ સમર્થ હતું.

રિસોર્ટમાં પાછા આવ્યા બાદ યુવા મુમુક્ષુઓ ક્રિકેટ રમીને નિર્દોષ આનંદ લઈ રહ્યા હતા અને ભાઈશ્રી પણ તેમાં જોડાતા સહુનો ઉત્સાહ અનેકગણો વધ્યો હતો.

બપોરનું ભોજન લીધું અને કલાક આરામ કર્યા પછી રિસોર્ટની બાજુમાં રહેલા સદ્‌ગુરુ કબીર ધરમદાસ સાહેબ સેવા આશ્રમમાં બધા ચાલીને ગયા. ત્યાં વિક્રમભાઈ તેમજ હિરેનભાઈએ કબીરજીનાં થોડાં ભજનો ગાયાં. ત્યાર બાદ આશ્રમની દીવાલ પર લખેલા પાંચ મુદ્દાઓનું વાંચન મિનળબેને કર્યું હતું. વિશ્વવત્સલ ભાવને પ્રધાન રાખી, નિષ્કામપ્રેમ દ્વારા સમગ્ર મનુષ્યજાતિ એકબીજાના પૂરક, પ્રેરક અને સહાયક બનીને જીવે એવી ઉદાત્ત ભાવના એમાં રહી હતી. બધા જ ધર્મના સારસ્વરૂપ આ મુદ્દાઓને આપણે જેટલા અધિક વાગોળશું અને જીવનમાં અપનાવશું તેટલા નિર્દોષ અને પવિત્ર થશું.

૧. એકેશ્વર વાદ - ભલે નામ અને રૂપ જુદાં હોય પણ સર્વગુણસંપન્ન સહુનો ઈશ્વર એક છે.

૨. અહિંસા - મન, વચન, કાયાના યોગથી કોઈને હણવા કે દુઃખી ન કરવા.

૩. વિશ્વબંધુત્વ - સમસ્ત જીવરાશિ પ્રત્યે એક સરખો મૈત્રીનો ભાવ.

૪. સમતા - ઈષ્ટ અનિષ્ટ, રાગ-દ્વેષ, હર્ષ-શોક જેવા દ્વંદ્વથી મુક્તિ, સ્વસ્થતા, શાંતિ અને સમાધિમાં રહેવું.

૫. સત્ય - સમ્યગ્‌દૃષ્ટિપણું, સત્યમાં રહેવું અને સત્યમાં જીવવું. મારું એ સાચું નહિ પણ સાચું એ મારું.

તત્ત્વચિંતન અને સર્વધર્મસમભાવની જ્યોતને પ્રદીપ્ત કરતું સંત કબીરનું ત્યાં હજુ એક ઉત્તમ વચન લખાયેલું હતું જે મિનળબેને અર્થસભર રીતે વાંચ્યું.

'કયા દેવસ્થળે જઈ રહ્યા છો ને ત્યાં શું કરી રહ્યા છો એ મહત્ત્વનું નથી પણ તમે કોણ છો ? તમને તમારી સાચી ઓળખાણ થઈ છે ? એ અગત્યનું છે. કારણ એમાં જ ધર્મ સમાયેલો છે.'

મુમુક્ષુઓની વિનંતીથી ત્યાંના એક યુવાન કબીર પંથીએ ભજન ગાયું અને પછી કળશ ચઢાવતા ભાઈશ્રીએ માર્મિક ઉપદેશ આપતાં કહ્યું કે 'આત્મજ્ઞાની પુરુષોનો અનુભવ તેમનાં પદોમાં ઠલવાય છે. કબીરજીનાં પદોમાં તેમનો આત્મ-અનુભવ ઝળહળે છે. પરંપરાથી જે ધર્મ ચાલ્યો આવતો હોય છે એમાં ઘણીવાર સત્ય નહિવત્ રહે છે. ધર્મનો મૂળ લક્ષ સાંગોપાંગ ચૂકી જવાય છે ને સમાજમાં કેવળ ઓઘ દૃષ્ટિથી ધર્મ પળાય છે.

અંધશ્રદ્ધા, વહેમ તેમજ રીતિરિવાજના દુરાગ્રહો એવો તો પગપેસારો કરીને બેસી જાય છે કે આખાએ સમાજને અધર્મી બનાવી દે છે. સત્યને અનુભવતા કબીર જેવા વિરલા સંત નિર્ભયપણે તેનો વિરોધ કરે

છે, સમાજને ઢંઢોળી જાગૃત કરે છે. સદ્‌ગુરુએ દર્શાવેલું સત્‌સાધન એટલે કે ગુરુગમજ્ઞાન સાધના પદ્ધતિ, કબીરજી તેમજ કૃપાળુદેવનો લક્ષ એક જ છે બહિરાત્મભાવને ત્યાગીને અંતરાત્મભાવમાં નિવાસ કરવાનો. જ્ઞાનીઓનો એક જ મત હોય.''

કબીર આશ્રમની મુલાકાત બાદ રિસોર્ટમાં ભાઈશ્રીનો પરમ સત્સંગ ગોઠવાયેલો હતો તેથી ઉત્સુકતાપૂર્વક બધા રિસોર્ટમાં પાછા ફર્યા. આત્માના રમણીય ગુણથી ભાઈશ્રીએ શરૂઆત કરી. તેમણે કહ્યું કે 'આ શરીર જીવંત છે, સુંદર છે, સડતું નથી કારણ તેમાં ભગવાન આત્મા હાજર છે. આ જગતમાં જે કંઈ સુંદરતા છે તે કેવળ આ આત્માને કારણે જ છે. અંદર અને બહાર બધે જ આ રમણીય ગુણને આપણે અનુભવવાનો છે. નિઃસર્ગની મધ્યમાં એ વિશેષ વેદાય છે.' ત્યાર બાદ ભાઈશ્રીએ કહ્યું કે 'કબીર આશ્રમમાં રહેલી સાદગી, સહજતા અને શાંતિને આપણે અપનાવવાની છે. કબીર આશ્રમના સાધકોનો પ્રેમ કેટલો નિર્મળ હતો. આજના સત્સંગના મુદ્દાઓ જો આપણે અપનાવીશું તો આપણા જીવનમાં સતત સુખ અને શાંતિ જળવાઈ રહેશે. દરેક સાધકે પોતે પોતાના જ મનને ઓળખવાનું છે. તે સ્થિર છે કે અસ્થિર, તે મનમાં શું વિચારો આવે છે, જીવનની કઈ બાબતો તેને ઉદ્વિગ્ન બનાવે છે. શું હાથ ધરેલા કાર્યોમાં જ તે પરોવાયેલું રહે છે કે પછી વર્તમાનને છોડી ભૂત અને ભવિષ્યમાં ભટક્યા કરે છે. બીજાનું સુખ જોઈ, ઈર્ષા કરીને તે બળી તો નથી રહ્યું ને ? પ્રથમ મનને સમજવાનો પ્રયાસ કરવાનો છે. જો મનના દોષ ઓળખાય તો જ તેનાથી મુક્ત થવાનો પુરુષાર્થ શરૂ થશે. જો તે મન પવિત્ર થશે તો જ તે એકાગ્ર અને સ્થિર થશે. આ શરીર તે જ હું એવું માનીને આ મન તમામ વિચારો કરી રહ્યું છે. આ મૂળભૂત ભૂલ છે. જો આ ભૂલ નહિ સુધારીએ તો મન દ્વારા થતાં તમામ આયોજનો કર્મબંધનું કારણ બની જશે. યથાર્થ બોધને સાંભળી જો જીવ તેનું ચિંતન મનન કરતો રહે તો તે બોધ અંતરમાં સંસ્કારિત થાય. અનંત કાળથી આત્માએ મનની ગુલામી ભોગવી છે પણ હવે મનને અંકુશમાં લેવાનું છે. જેમ આત્મા કહે તે પ્રમાણે તે દોરવાય એવા પ્રબળ બનવાનું છે. આપણે સત્યને પૂર્ણપણે જાણી શકતા નથી કારણ આપણી દૃષ્ટિમાં મોહ છે અને બુદ્ધિમાં વિપર્યાસ છે, માટે આપણે ખોટા નિર્ણયો લઈએ છીએ અને આમ મોક્ષથી દૂર ભવભ્રમણ વધારી રહ્યા છીએ. વર્તમાનમાં જીવવું અને મનની ગતિવિધિઓને બરાબર તપાસતા રહેવું એ ખૂબ જરૂરી છે.' ત્યાર બાદ ભાઈશ્રીના બોધને અનુસરતું પદ વિક્રમભાઈ તેમજ હિરેને ગાયું હતું.

૭ જાન્યુઆરી ૨૦૧૪ – પાંચમો દિવસ

ટાઈગર ડેન રિસોર્ટની વિદાય લઈને અમે જબલપુરની સમદડીયા હોટલની નજીક પહોંચ્યા કે જ્યાં શ્રી મહેન્દ્રભાઈ (ભાણાભાઈ) તેમજ તેમનો સઘળો પરિવાર ભાઈશ્રી તેમજ મુમુક્ષુઓનું ભવ્ય સ્વાગત કરવા તૈયાર હતું. સજાવેલી સુંદર બગીમાં ભાઈશ્રીને બેસવા માટે વિનંતી કરી અને પછી બેન્ડ-વાજાના સુરે હર્ષોલ્લાસ સાથે નાચતા નાચતા હોટલમાં પ્રવેશ્યા.

આ અવસરે સ્વાગત પ્રવચનમાં ભાણાભાઈએ હૃદયાત્મક રીતે છોટાભાઈ, બાપુજી, કાળિદાસભાઈ તેમજ જૂના આશ્રમની રસપ્રદ વાતો કરી હતી. નિવૃત્તિ લીધા પછી સંપૂર્ણપણે સમર્પિત થયેલા મહેન્દ્રભાઈ આશ્રમની સેવાકીય પ્રવૃત્તિઓમાં બરાબર જોડાઈને રહ્યા છે. ભાઈશ્રી સાયલા જાય ત્યારે તેઓ સાથે જ હોય. ત્યાં ઉપસ્થિત મુમુક્ષુઓએ તેમની આવી ઉત્તમ ગુરુભક્તિને મનોમન વંદન કર્યા હતાં.

ગુરુઆરતી અને હાર પહેરાવી મહેન્દ્રભાઈ તેમજ પરિવારે ભાઈશ્રીનું પૂજન કર્યું હતું. જૈન સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિવિશેષ તેમજ રાજ પરિવારના પરલી

તેમજ કુકમા આશ્રમના મુમુક્ષુઓએ પણ ભાઈશ્રીનું હાર પહેરાવી, શાલ ઓઢાડી સ્વાગત કર્યું હતું.

જબલપુરમાં રહેતા શ્રી કાળિદાસભાઈના દીકરી ચંદનબેન પણ ત્યાં હાજર હતાં. તે દિવસના ભોજનનો લાભ ભાણાભાઈના પરિવારે લીધો હતો.

નર્મદાના કિનારે, ભેડાઘાટ પર નૌકાવિહાર માટે જવાનું થયું. અલગ અલગ હોડીઓમાં મુમુક્ષુઓ ગોઠવાઈ ગયા અને ભક્તિનાં ગીતો ગાવાની શરૂઆત થઈ ને સાથોસાથ હોડીવાળો પોતાની રમૂજી શૈલીમાં આ સ્થળની માહિતી પણ આપતો ગયો. પાણીની બન્ને બાજુએ ગુલાબી, બ્લુ, સફેદ ભેખડ (ઉભા ખડકો) અને વચ્ચેથી હોડી પસાર થાય. આનંદ પર્યટન માટે ભારતનું આ ભેડાઘાટ એક સુંદર સ્થળ કહી શકાય. તેની રમણીયતા એટલી બધી છે કે એમ થાય કે નૌકાવિહાર કરતા જ રહીએ. ભાઈશ્રીની નૌકા જ્યારે પાછી ફરી ત્યારે **'तुं प्यार का सागर है...'** એ ગીત ગાઈને સહુએ તેમને વધાવ્યા હતા.

નૌકાવિહાર બાદ ત્યાં જ નજીકમાં આવેલ 'ધુંઆધાર' પાણીનો ધોધ જોવા ગયા હતા. ૧૦ મીટરની ઊંચાઈથી ધસમસતું પાણી એટલું જોરથી નીચે પડે કે જેની વાછટ ચોમેર પ્રસરે અને તેથી તેનું નામ ધુંઆધાર પાડવામાં આવ્યું છે. કેમ જાણે ભારતનો આ નાઈગરા ફોલ્સ ના હોય. ભાઈશ્રીની સાથે કુદરતી સૌન્દર્ય માણવાનો કોઈ અનેરો લહાવો છે. પ્રાકૃતિક સૌન્દર્યમાં ભાઈશ્રીનું પવિત્ર અંતઃકરણ દૃષ્ટિગોચર થતું હતું.

તે જ દિવસે રાત્રે કુકમા આશ્રમ અને ત્યાંના દિગંબર મંદિરે સાથે મળીને જે કૃપાળુ દેવનું મંદિર બનાવ્યું છે ત્યાં ભાઈશ્રીનો સ્વાધ્યાય થયો જેમાં તેમણે પરમ કૃપાળુ દેવના વચનોના આધારે સત્સંગનું મહાત્મ્ય દર્શાવ્યું હતું.

૮ જાન્યુઆરી ૨૦૧૪ – છઠ્ઠો દિવસ

વહેલી સવારે જબલપુરથી ૧૫૮ કિ.મી. દૂર દીન્દોરી જવા નીકળ્યા. દીન્દોરીના બે દિગંબર મંદિરોમાં દર્શન કર્યા બાદ તીર્થક્ષેત્ર અમરકંટક પહોંચી ગયા. અન્ય દિગંબર જિનાલયો કરતાં આ જિનાલયની ભવ્યતા ઘણી અધિક છે. બહારથી એવું લાગે જાણે તે શ્વેતાંબર જિનાલય છે. બંસી પહાડ પથ્થરમાં બંધાયેલું આ જિનાલય ઘણું વિશાળ છે. બે મોટા ભવ્ય રંગમંડપ અને ઉત્તમ પ્રકારની કલા-કોતરણીથી શોભી રહેલા આ જિનાલયમાં ૨૮ ટન વજનની, આઠ ધાતુથી મિશ્રિત શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમાજી બિરાજમાન છે. જે કમલાસન પર ભગવાન બિરાજમાન છે તેનું વજન ૨૪ ટન છે. વિક્રમભાઈ તેમજ હિરેનભાઈના સ્વરે ગવાયેલા પદોથી આખુંયે જિનાલય ગુંજી ઉઠ્યું હતું. ત્રણ ભક્તિ પદો ગાઈ, સમૂહમાં ચૈત્યવંદન કરી, તે જિનાલયની પરિક્રમા કરતાં ભાઈશ્રીની સુક્ષ્મ દૃષ્ટિ ઝીણવટપૂર્વક બધું જોઈ રહી હતી. સાયલા આશ્રમમાં રાજમંદિરનું નવનિર્માણ થઈ રહ્યું છે ને તેથી તેઓ બધું બરાબર જોઈ પ્રેરિત થઈ રહ્યાં હતાં.

બપોરનું ભોજન લીધા પછી ત્યાં જ થોડે દૂર નર્મદેશ્વર મંદિરમાં દર્શન કરવા ગયા. નર્મદા નદીનું તે ઉદ્‌ગમસ્થાન છે અને તેથી અહીં અમરકંટકમાં મોટી સંખ્યામાં જૈન અને જૈનેતર ભક્તજનો તીર્થાટન માટે આવતા હોય છે. મૂળ સ્રોત પર શંખેશ્વર મહાદેવનું મંદિર નિર્મિત થયેલું છે અને ત્યાંથી પાણીને જમીન નીચેથી એવી રીતે માર્ગ આપવામાં આવ્યો કે તે ગૌમુખમાંથી પ્રગટ થાય ને જગતને નવજીવન પ્રદાન કરે. જ્યાં મૂળ સ્રોત છે ત્યાં ભાઈશ્રીએ તે પવિત્ર નીરનું આચમન કરીને તેની પવિત્રતાને માથે વહોરી હતી. નિર્મળ અને શીતળ પાણી જેવા ભાઈશ્રીની સાથો સાથ મુમુક્ષુઓએ પણ મનોમન તે પાણીને અને ભાઈશ્રીની ચરણરજને માથે લીધી હતી. મુમુક્ષુઓની વિનંતીથી ભાઈશ્રીએ તે પવિત્ર જળને પોતાના હાથમાં લઈને આશીર્વાદ આપતા અમી છંટકારો કર્યો હતો. આ

સંકુલનમાં બીજા ઘણા નાના કદના પ્રાચીન મંદિરો ઉભા છે. તેમાંનું એક પાલાલેશ્વર મંદિરમાં શિવલીંગ છે જેમાં શ્રાવણ મહિનાના એક સોમવારે નર્મદાનું નીર નીચેથી ઉભરાય છે. સરકારશ્રીએ તેના પ્રાંગણને સુંદર ઓપ આપ્યો છે. આવા ધાર્મિક સ્થળની જાળવણી સરસ રાતે થઈ રહી છે તે જોઈ વિશેષ આનંદ થયો.

અમરકંટક એ ઘણાં સંતોની તપોભૂમિ બની છે. નર્મદાના ઉદ્‌ગમસ્થાન પછી તેજ કપિલધારા જવાનું થયું. કપિલ મુનિએ અહીં ઉગ્ર તપ કરેલ છે અને માટે તે પાણીના ધોધમાં એમની કૃપા વરસે છે એ ભાવથી તેને કપિલધારા નામ આપવામાં આવ્યું છે. અહીં ગુફાઓમાં તપ કરીને સિદ્ધ થયેલા ઘણા મુનિઓમાં એક મોટું નામ તે દુર્વાસા મુનિનું પણ છે. જ્ઞાનની અવિરત ધારામાં આનંદવિભોર તે સંતો કેવા હશે તે ભાઈશ્રીને જોતા સમજાય છે.

કપિલધારાના શ્વેત ફીણવાળા જળપ્રવાહને જોઈને કબીર ચબૂતરા જવાનું થયું. કહેવાય છે કે અહીં ગુરુનાનકજી અને કબીરજી મળ્યા હતા. ભારતના બે મહાન સંતોનું ધન્ય-મિલન થયું હોય તે પવિત્ર ભૂમિ પર ભાઈશ્રીની સંગાથે કેવી રંગત જામે ! **'કૌન ઉતારે પાર, ગુરુ બિન કૌન ઉતરે પાર'** એ પદ વિક્રમભાઈ અને હિરેને ગાયું. આ પદ ગવાતું હતું ત્યારે અનન્ય શરણ અને અનન્ય ભક્તિનો મેળાપ થઈ રહ્યો હતો એવું અનુભવાયું.

૯ જાન્યુઆરી ૨૦૧૪ – સાતમો દિવસ

સવારે જબલપુરથી ૯.૦૦ વાગે નીકળીને ૧૨.૩૦ કલાકે સિદ્ધક્ષેત્ર તીર્થ કુંડલગિરિ પહોંચ્યા. આ દિગંબર તીર્થક્ષેત્રના ત્રણ પહાડો ઉપર ૬૩ જેટલા જિનાલયો નિર્માણ થયેલા છે. આચાર્ય પ.પૂ. વિદ્યાસાગર મહારાજ સાહેબની પ્રેરણાથી, ૫૦૦ કરોડ રુપિયાના ખર્ચે નવનિર્માણ થઈ રહેલું આ તીર્થસ્થાન જિનશાસનનું ગૌરવ બન્યું છે. મુખ્ય જિનાલયમાં કાળા પત્થરની, ૧૫ ફૂટની આદિનાથ ભગવાનની અતિ પ્રાચીન પ્રતિમા બિરાજીત છે કે જે **બડેબાબા**ના નામથી પ્રખ્યાત અને પૂજનીય છે. ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે ચૈત્યવંદન કરીને ત્યાંનું જળમંદિર તેમજ અન્ય થોડા મંદિરના દર્શન કરીને સહુએ ભોજન લીધું હતું.

બપોરે ૪.૧૫ કલાકે આ ભવ્ય તીર્થથી દમો નામના ગામે બે દિગંબર જિનાલયના દર્શન કરીને રાત્રે ૭.૪૫ કોનીજી, જૈન અતિશય તીર્થક્ષેત્રે જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આચાર્ય કલ્યાણસાગર મહારાજ સાહેબની પ્રેરણાથી નિર્મિત આ ચમત્કારિક તીર્થમાં નવ અલગ મંદિરો છે. મૂળમંદિરમાં શ્રી વહીજી પાર્શ્વનાથ ભગવાન પ્રતિષ્ઠિત છે. અહીં એક મંદિરમાં ચોથા આરાના સ્થંભ ઉપર ૨૩ તીર્થંકરોની મૂર્તિઓ કંડારાયેલી છે માટે તેના દર્શન કરવાનો અનેરો લાભ અહીં મળ્યો હતો. ત્યાંના વહીવટકર્તા મેનેજર ભાઈએ ખૂબ ઉત્સાહપૂર્વક ત્યાંનું મહાત્મ્ય સમજાવ્યું અને મુમુક્ષુઓએ મળીને જિર્ણોદ્ધાર માટે એકાવન હજાર રુપિયા લખાવ્યા હતા. ત્યારબાદ રાત્રે ૧૦ વાગે જબલપુર પહોંચીને આરામ કર્યો હતો.

૧૦ જાન્યુઆરી ૨૦૧૪ – આઠમો દિવસ

વહેલી સવારના ૬ વાગે જબલપુરના શીતલનાથ ભગવાનના જિનાલયમાં દર્શન કરવા ગયા હતા. બંસી પહાડ પથ્થરમાં ઉત્તમ કોતરણી કરીને આ શ્વેતામ્બર આમનાયનું જિનાલય ખૂબ જ સુંદર છે.

૧૦.૧૫ થી ૧૨.૦૦ જબલપુર હોટલના મોટા હોલમાં જાહેર સ્વાધ્યાય હતો જેમાં દેવચન્દ્રજી મહારાજે રચેલા મહાવીરસ્વામી ભગવાનનું સ્તવન ભાઈશ્રીએ સમજાવ્યું હતું. ભોજન બાદ પરલી આશ્રમના પ્રેમાળ મુમુક્ષુ શ્રી વિસનજીભાઈ ગાલા તેમજ

પ્રાણલાલભાઈ અને કુકમા આશ્રમ સાથે જોડાયેલા શ્રી મહેન્દ્રભાઈના ઘરે પૂ.ભાઈશ્રી પધાર્યા હતા. આ બધા રાજભક્તો ખરેખર ઉત્તમ ધર્મભાવના ધરાવે છે. તેઓ સાથે પરિચય કેળવી જાણે ધન્ય થયા હતા.

યાત્રાના અંતિમ ચરણે અમે પીસનહારી તીર્થના દર્શને ગયા હતાં. ૩૫૦ પગથિયાં ચડીને ઉપર ગયા અને આ તીર્થની રચના પાછળનો ઈતિહાસ સાંભળી દંગ થઈ ગયા હતા. અન્ન પીસવાનું અને લોટ દળવાનું કામ કરતી એક ગરીબ મહિલાએ મહારાજ સાહેબનું પ્રવચન સાંભળ્યું કે જેમાં દેરાસરજીના નિર્માણકાર્યથી પુન્યાનુબંધી પુણ્યનો કેટલો જબરદસ્ત લાભ થાય છે તેની વાત કરવામાં આવી હતી, જે સાંભળતા જ આ મહિલાએ સંકલ્પ કર્યો કે હું જિન મંદિર બાંધીશ અને બીજે જ દિવસે નજીકની ટેકરી ઉપર જઈને એકલા હાથે કામ શરુ કરી દીધું. પુણ્યના કાર્યમાં બધા જોડાતા ગયા ને મંદિરનું નિર્માણકાર્ય પૂરું થયું. શિખર ઉપર સોનાનો કળશ ચઢાવા માટે રુપિયા નહોતા તેથી તે મહિલાએ લોટ પીસવાની ચક્કીના પત્થરને કળશની શિખર તરીકે સ્થાપના કરી કે જે આજે પણ શિખર ઉપર રહ્યો છે. સંકલ્પબદ્ધ માનવી ધારે એ કરી શકવા સમર્થ છે એ બોધ આ ભગવાન પાર્શ્વનાથના જિનાલયમાં દર્શન કરતાં પ્રાપ્ત થયો હતો. સમયની સાથે આ નાના જિનાલયમાંથી એક મોટું ભવ્ય, દિગંબર તીર્થ બની ગયું છે કે જ્યાં રહેવા-જમવાની બધી જ વ્યવસ્થા છે.

આમ મધ્યપ્રદેશની ધર્મયાત્રા દરમ્યાન ભાઈશ્રીની નિશ્રામાં શુભ અને શુદ્ધ ભાવોથી આત્મનું પ્રક્ષાલન થતું રહ્યું અને અબાધિત કાળના કર્મોનો ભાર ચોક્કસપણે ઓછો થયો ને સાથોસાથ વીતરાગ થવા માટેના પુરુષાર્થને એક નવું બળ પ્રાપ્ત થયું.

—૦—૦—

ભક્તિનો રંગોત્સવ એક દિવ્ય ઉજવણી

રંગમાં રંગાઈ જવું એ બાહ્ય કરતાં અનેક ગણી અધિક અભ્યંતર ઘટના છે. મન, હૃદય અને આત્મા જ્યારે કોઈક વિશેષ પરિબળથી પ્રભાવિત થાય છે ત્યારે આપણે એમાં રંગાયા કહેવાય. રંગ લાગવો એટલે એક સંયોગનો, એક સ્પર્શનો સૂક્ષ્મ પરિચય થવો. તે સંયોગનો પ્રભાવ એવો બળવત્તર હોય કે તે મૂળથી બધું બદલી નાખે રૂપાંતરિત કરી દે. રંગાવા માટે એકાગ્ર અને ઓતપ્રોત થવું ખૂબ જરૂરી છે.

આપણા જીવનમાં નાના મોટા ઘણા પ્રસંગો બને છે. પવિત્ર અને પ્રેમાળ દીવ્ય પુરુષોનો પરિચય પણ થાય છે, છતાંએ યથાયોગ્ય સંવેદન ન થતાં તે યોગ પણ અયોગ જેવો નિષ્ફળ જાય છે. ગતિશીલ અને દબાણવાળું તાણદાયક જીવન જીવતા માનવીઓ, આવી પરિવર્તનકારી શક્તિઓના પ્રભાવથી વંચિત રહી જાય છે અને એ જ આ કાળની બોધિ દુર્લભતા છે. આત્મવિકાસનો ધ્યેય ધરાવતા સુશિષ્ય માટે અનિવાર્ય છે કે તે ગુરુભક્તિના રંગે રંગાઈ જાય. ગુરુભક્તિમાં ગુલતાન કરાવતો એક વિશેષ ધાર્મિક ઉત્સવ એટલે હોળી અને ધૂળેટી. 'અહિંસા પરમો ધર્મ' ને લક્ષમાં રાખીને પ.પૂ.ભાઈશ્રી સાથે આ પર્વને સામૂહિક રીતે મુમુક્ષુઓ દર વર્ષે મુંબઈમાં ઊજવે છે. મીતેશભાઈ, ડૉ. જીતુભાઈ અને હિમાંશુભાઈ જેવા સેવાનિષ્ઠ ઉત્સાહી મુમુક્ષુઓ એવું સુંદર આયોજન કરતા આવ્યા છે કે બહોળો મુમુક્ષુ પરિવાર તેમાં જોડાય છે.

૧૭ મી માર્ચ સોમવારના ધૂળેટીના મંગલ દિવસે મુંબઈ થી ૯૦ કિ.મી. દૂર શાહપુર સ્થિત માનસ મંદિર તીર્થક્ષેત્રે સવારે ૭.૩૦ વાગે ભાઈશ્રી સાથે ૧૧૦ જેટલા મુમુક્ષુઓ પહોંચી ગયા હતા. આ જિનાલયમાં મૂળનાયક આદિનાથ ભગવાન બિરાજિત છે. માતા મારૂદેવી તેમજ આદિનાથ ભગવાનનો મોક્ષગામી થયેલો આખોએ સુપરિવાર આ જિનાલયમાં પ્રતિષ્ઠિત છે. વાસક્ષેપ પૂજા અને સમૂહમાં ચૈત્યવંદન કરી ત્યાંના

ક્ષેત્રપાળ દેવતા તેમજ અન્ય જિનાલયોમાં સ્તુતિ કર્યા બાદ પદ ગાતાં ગાતાં બધે જ દર્શન કર્યા હતાં. આમ સદ્‌ગુરુની કલ્યાણ નિશ્રામાં વીતરાગ ભગવાનની વીતરાગતાના રંગે રંગાવાની શરૂઆત થઈ ગઈ.

જિનાલયમાં આદિનાથ ભગવાનને ભેટીને હવે પ્રાકૃતિક સૌન્દર્યમાં ઈશ્વરની પ્રાપ્તિ અર્થે સહુ પોત પોતાની ગાડીઓમાં ત્યાંથી ૩૦ મિનિટ દૂર તાનસા નામના તળાવે પહોંચ્યા. મુંબઈ શહેરને, જે સરોવરોમાંથી મીઠું પાણી પ્રાપ્ત થાય છે, તેમાંનો આ એક છે.

શાંત સ્થિર તેના નિર્મળ જળમાં આખુંએ આકાશ પ્રતિબિમ્બિત થતું હતું. ગગનમાં ઊડતાં પક્ષીનો ગતિ કરનારો પડછાયો સ્થિર પાણીને પાર કરી રહ્યો હતો. આ સરોવર જાણે ભાઈશ્રીની પ્રસન્નતાને, ધીર-ગંભીરતાને, નિર્મળ-સ્વચ્છ અંતઃકરણને, વ્યક્ત કરતો હોય એવી અનુભૂતિ થતી હતી. તળાવ જેમ પાણીથી ભરપુર છે, તેમ ભાઈશ્રી આનંદ અને કરુણાથી ભરપુર છે. માનવી જ્યારે મહાત્મા બની જાય છે ત્યારે તેના વિશ્વવત્સલ નિર્મોહી ચારિત્રમાં નિસર્ગ સહજ રીતે દૈદીપ્યમાન થઈને ઝળહળે છે. મુમુક્ષુ ડૉ. સુહાબેન કે જે નાયર ડેન્ટલ કૉલેજનાં ચેર પર્સન અને ડીન છે તેમણે અહી આવવા માટેની ખાસ પરવાનગી લઈ આપી હતી.

ભારત એક કૃષિપ્રધાન દેશ છે. ખેડૂત ખૂબ પરિશ્રમ કરે છે પણ જો સૂર્ય, પૃથ્વી, પાણી, જળ અને વાયુ આ પાંચ તત્ત્વોનો સાથ ન મળે તો તે કાંઈ ઉગાડી શકતો નથી. માટે કાષ્ઠની હોળીમાં ધાન્યની આહુતિ આપીને ખેડૂત એ પાંચ તત્ત્વનો ઋણસ્વીકાર કરતો હોય છે. ધર્મને અનુસરતો આત્મા આ ખેડૂતની જેમ ખૂબ પુરુષાર્થી છે પણ ભાઈશ્રી જેવા સદ્‌ગુરુનું અનન્ય શરણ તેમજ કૃપા નથી મળતી તો તે સાધક આત્મલક્ષને ભેદી શકતો નથી. માટે ધૂળેટીના પવિત્ર દિવસે ભાઈશ્રીના અનન્ય ઉપકારને મુમુક્ષુઓ અનન્ય ભક્તિથી વધાવવા ઉત્સાહિત હોય છે. બધાં જ મુમુક્ષુઓ વતી બોરડીયા પરિવાર તેમજ દીલુભાઈ, ભક્તિને દર્શાવતાં સુંદર કાર્ડ લાવ્યાં હતાં. મિનળબેને તે કાર્ડોનું મધુર વાંચન કર્યું. 'ભાઈશ્રી તમે અમારા જીવનનો પ્રકાશ છો, જીવનની સરગમ છો, તમારી કોમળતા અને ઋજુતા અમને પણ પ્રેમાળ અને નિષ્કામ બનાવે છે. હે તારણહાર તમે અમારા જીવનનો આધાર છો. માટે વિશિષ્ટ છો. તમારી સાથેની અત્યારની આ વર્તમાન પળમાં અમે ધન્ય થઈ રહ્યા છીએ અને તેની પવિત્રતા અમે જીવનભર મનમાં ઘોળ્યા કરીશું.'

હોળી એ ફાગણ મહિનામાં આવતો તહેવાર છે કે જ્યારે સૃષ્ટિ ખૂબ રમણીય હોય છે. હર્યાં ભર્યાં વૃક્ષો પર ફૂલો ને ફળો લદાયેલા દેખાઈ અને ચહેકતાં પક્ષીઓનો આનંદ કલરવ સંભળાય. ઈશ્વરી કૃપા ચોમેર વર્તાતી હોય છે. અગણિત ગુણોના સ્વામી એવા ભાઈશ્રીની આવી જ કૃપા અનરાધાર બારેમાસ વરસતી રહે છે.

કરુણાસિંધુ ભાઈશ્રીએ પ્રથમ ત્યાં બેઠેલા મુમુક્ષુઓ તરફ અમી દૃષ્ટિએ જોયું, પછી સ્વાધ્યાયનો આરંભ કરતાં શ્રીકૃષ્ણની છટાથી કહ્યું કે હોળી એટલે સંકોચ વગર મુક્ત મને ઊજવવાનો દિવસ છે, પણ સાથે યાદ રાખવાનું છે કે મુક્તિનો અધિકારી તે જ છે જેનામાં હિંમત હોય.

આજે આપણે આ હિંમતને સમજવાનો, કેળવવાનો અને તે દ્વારા એક પરાક્રમી શક્તિનો આવિર્ભાવ થાય એવો પ્રયત્ન કરવાનો છે. ૨૫ જેટલા અલગ અલગ માર્મિક અને બોધપ્રેરક જીવન-પ્રસંગોનું રસપ્રદ વિવરણ કરીને ભાઈશ્રીએ શૂરવીરતા અને બહાદુરીના ચમત્કારિક પર્યાઓ કહી સંભળાવ્યા.

આજના યુગમાં ધૈર્ય અને હિંમતની તાતી જરૂર છે. ભય અને ચિંતાએ સહુને એવી રીતે ઘેરી લીધા છે કે જ્યાં જઈએ ત્યાં શક્તિહીન, નિષ્ક્રિય જીવો જ મોટા ભાગે દેખાય છે. આવી પડેલી ઉપાધિની સામે લડવાને બદલે તેનો ભોગ બની પીડાયા કરે છે. નિષ્ફળતાના

ભયથી અનેક જીવોનો આત્મવિશ્વાસ ડગમગી ગયો છે. જેઓ શૂરવીરતાનાં વચન-ઉદ્‌ગારો બોલે છે તે પણ ખરા સમયે ઝઝૂમવાને બદલે સમાધાન કરીને બેસી જાય છે.

આ હિંમત એકમાત્ર એવો ગુણ છે કે જે પરાજયના ભયમાંથી જીવને બહાર કાઢી શકશે. પરાક્રમી પુરુષોના જીવન-ઉદાહરણમાંથી આપણે પ્રેરણા લઈને આપણામાં શૌર્ય ફોરવવાનું છે. ફ્રાંસના વીરપુરુષ નેપોલિયન બોનાપાર્ટે પોતાના લશ્કરી વડાને કહ્યું કે જંગ જીતવા માટે કેવળ યુદ્ધની સામગ્રી પર્યાપ્ત નથી પણ અંતરમાં રહેલી હિંમત અને બળવીર્યના સમન્વય દ્વારા જ તે જંગ જિતાય છે. નેપોલિયનની વાત પૂરી કર્યા બાદ મુમુક્ષુ તરફ સ્થિર ઉપયોગ રાખીને ભાઈશ્રી બોલ્યા : 'આ હિંમત એ ક્યાંય બજારમાં મળતી નથી. લક્ષને સન્મુખ રાખીને અનુશાસનયુક્ત, ત્યાગ અને સંયમી જીવન જીવતા એવા સાધકમાં તે હિંમત કેળવાઈ છે.'

હિંમત એ ચમત્કારની જનની છે. અલખનંદાના કિનારે સ્વામી રામતીર્થ પોતાના શિષ્યો સાથે ફરવા ગયા હતા. તેવામાં વાયરો વાયો અને બરફનું તોફાન શરૂ થયું. સ્વામીજીએ ગર્જના કરી 'આહલેક..... અનલહક' તોફાનની વચ્ચે પણ તેના શૂરવીર પડઘા જોરથી પડ્યા, સ્વામીજીએ ફરી ત્રાડ પાડી 'રુક જાવ' અને આખું તોફાન એક પળમાં શાંત પડી ગયું. આમાં સ્વામીજીની હિંમત, સમતા અને પ્રચંડ આત્મબળ જ સ્વયમ્‌ પોતે ચમત્કાર હતા.

આગળ વધતાં પહેલાં ભાઈશ્રીએ પ્રેરક સ્વરે કહ્યું : 'હિંમત જશે તો બધું જતું રહેશે. માટે હિંમત જાળવી રાખો અને એમાં વધારો કરતા રહો. મન રૂપી વૃક્ષમાં આ હિંમત એ ડાળી નહિ પણ થડ છે તે ભૂલશો નહિ. આ ગુણને ગમે ત્યાં, અને ગમે ત્યારે, ગમે તે ઋતુમાં ખીલવી શકાય છે. આ ગુણ ઉપર કંઈ થોડી વ્યક્તિઓનો જ અધિકાર નથી. સમગ્ર માનવજાત એની વારસદાર છે. કેટલાક માનવી એવા શૂરવીર હોય છે કે એકી ઝાટકે પોતાની નકારાત્મકતા અને હતાશાને ખંખેરી નાખે છે. પછી આગળનો રસ્તો એમના માટે સરળ છે.'

ત્યાર બાદ સહુના ખમીરને પડકારતા ભાઈશ્રીએ શૌર્યની અદ્‌ભુત ઘટના કહી. જર્મનીના એક મોટા તત્ત્વચિંતક ફેડરીચ નિત્શે ફરવા ગયા હતા અને ત્યાં તેમણે એક સર્પને જોયો. સાહસિક નિત્શે ગભરાયા વગર, તે સર્પની બરાબર બાજુમાં જઈને બેસી ગયા. તેનું પરિણામ એ આવ્યું કે હિંમતના અભાવે તે સર્પ બને એટલું નાનું ગૂંચળું વાળીને પોતાનું મોઢું અંદર રાખીને ત્યાં જ ભયગ્રસ્ત બેઠો રહ્યો. આ પ્રસંગથી જે શીખ મળી તેને જણાવતાં નિત્શેએ પોતાના મિત્રને કહ્યું કે જો જીવનમાં હિંમત નહિ કેળવીએ તો આ સર્પની જેમ આપણું મન ગૂંચળું વાળીને નિષ્ક્રિય બેઠું રહેશે.

માણસના પગ, ડરના પથ્થરોથી બંધાયેલા છે અને તેથી તે એક પગલું પણ માંડી શકતો નથી. હિંમત એ માત્ર થોડા શક્તિશાળીઓનો ગુણ બન્યો છે. શું આપણે તે ગુણને આપણા જીવનમાં અપ્રતિમ સ્થાન આપશું ? ભાઈશ્રીએ સર્વની ચેતનાને જાગૃત કરતો પ્રશ્ન પૂછ્યો. વધુ સ્પષ્ટતા કરતાં ભાઈશ્રીએ કહ્યું કે અત્યાર સુધી જીવનમાં આપણે દિનતા અને કાયરતાના ગુલામ રહ્યા છીએ પણ સાથોસાથ યાદ રાખજો કે અવિચારી બનીને કૂદી પડવાનું પણ નથી. સા ચી હિંમતમાં મનનો ઉન્મેશ તેમજ દૃષ્ટિની તીવ્રતા અને તીક્ષ્ણતા હોય છે એ ભૂલવાનું નથી.

ત્યાર બાદ જગતનો વિખ્યાત લડવૈયો, માઈકલ નેયની ભાઈશ્રીએ વાત કરી. ખૂબ જ મહત્ત્વપૂર્ણ અને નિર્ણાયક યુદ્ધમાં તેણે જવાનું હતું. એની દોરવણી ઉપર બધો આધાર હતો. ગણવેશ અને આયુધ સજાવીને તંબુમાંથી માઈકલ બહાર આવતો હતો ત્યારે તેના ઘૂંટણ એકબીજા સાથે ભટકાયા. એ ત્યાં જ ઊભો રહી ગયો. માત્ર ઘૂંટણ જ નહિ આખું શરીર ધ્રૂજી રહ્યું હતું. ઘૂંટણ સાથે સંવાદ કરતાં તેણે કહ્યું કે તને ખબર નથી હું તને ક્યાં લઈ જઈ રહ્યો છું. બાકી તું એક ડગલું પણ આગળ

માંડે એમ નથી. આવી દેહની નિર્બળ દશા છતાં તે ઘોડા પર ચઢી લડવા ગયો. પાંચ ઘોડાઓ દુશ્મનોના ભોગ બન્યા તો પણ તે હિંમત ન હાર્યો ને લડતો રહ્યો. એક વાર તો પડતા ઘોડાની નીચે તે કચડાઈ મરત પણ બચી ગયો. અને અંતરની શૂરવીરતાને તેણે ટકાવી રાખી અને આબાદ રીતે સૈનિકોને દોર્યા જેથી યુદ્ધમાં તે વિજયી બન્યો હતો.

ડર ન લાગે એવું નથી. ડરવું એ મનનો સ્વભાવ છે. ડર એ તદ્દન સ્વાભાવિક પ્રક્રિયા છે, એટલે ડરે એ કંઈ કાયર ના કહેવાય. કાયર એ છે કે જે પોતાની હિંમતને ડરની સામે વધુ ને વધુ ઓગળવા દે છે અને ડર ઉપર કાબુ નથી મેળવતો. ડરને માપીને જે આગળ વધે તે ખરી હિંમત. એક અપેક્ષાએ ડર માનવીના શરીરને અને મનને તૈયાર કરી આપે છે. ડરને માપીને સાહસિક બનતો માનવી ઘણું નવું શોધી શક્યો છે કે જેના આધારે આજે આપણે સુખ અને સમૃદ્ધિ ભોગવીએ છીએ. જ્વાળામુખીના પેટાળમાં જવું. પક્ષીની જેમ પાંખ ધારણ કરીને ઊડવાનો પ્રયત્ન કરવો કે લાકડાના સહારે સમુદ્રમાં તરવાનું સાહસ કરવું એ તેનાં ઉત્તમ ઉદાહરણો છે અને તેથી જ આજે આપણે સ્ટીમર અને એરોપ્લેનમાં બેસીને વિશ્વનું પર્યટન કરી શકીએ છીએ.

સત્યને હિંમત સાથે જોડતા ભાઈશ્રીએ કહ્યું કે જો આપણી વિચારધારા સત્યના પાયા ઉપર ઊભી હશે તો આપણી અંદર અપાર શક્તિ અને હિંમત જાગૃત થશે. સચ્ચાઈ સ્વયંમાં એક પરિપૂર્ણ બળ છે જે અનેક બીજા બળને જન્મ આપે છે.

ભૂતકાળની ભસ્મમાંથી વિશ્વના ભવ્ય ભાવિનું નિર્માણ કરવાનું છે. આ માટે શ્રદ્ધા અને હિંમત અનિવાર્ય છે. ખંત અને સહનશીલતા, ત્યાગ અને સમર્પણ એ હિંમતના સાથીદાર ગુણ છે. વીરતાની સાથે એનો નિકટનો સંબંધ છે. આપણે દૃઢ નિશ્ચયાત્મક બનીને ડરને જ ડરાવવાનો છે અને એમ કરતાં કરતાં નિર્ભયતા કેળવાશે. સાહસભાવનો શક્ય તેટલો વિસ્તાર કરવાનો છે. જીવનનો વ્યાપ આ રીતે જ વધી શકશે.

અંતમાં ભાઈશ્રીએ બાપુજીને યાદ કરતાં કહ્યું કે તેઓ કહેતા કે 'આપણે સિંહનાં સંતાન છીએ. આપણે સમ્યક્ પરાક્રમ કરવા માટે સર્જાયેલા છીએ. તમે બધા હિંમત-ગુણને કેળવો અને તે પરાક્રમ કરવા માટે તૈયાર થઈ જાઓ.'

હોળી એટલે અશુભનો પ્રતિકાર અને શુભનો આવકાર. બાળકની બલી ચઢાવવા ઇચ્છતી તે આસુરી હોલિકાનો નાના બાળકોએ સાથે મળીને પ્રતિકાર કર્યો તો તે પરાજિત થઈને ઢળી પડી. આપણી અંદર રહેલા આસુરી તત્ત્વનો જો ગુણાત્મક રીતે પ્રતિકાર કરવામાં આવે તો આત્મદેવનો વિજય થાય જ. સદ્‌ગુરુની નિશ્રામાં તે ગુણોનું સંવર્ધન કરીને આપણે આ મિથ્યાત્વ રૂપી હોલિકાને ભસ્મિભૂત, બાળી નાખવાની છે. મિથ્યાત્વ સામે લડવાની હિંમત આપીને ભાઈશ્રીએ આ હોળીના પવિત્ર અવસરે સહુના અંતરમાં પ્રચંડ આત્મશક્તિને પ્રજ્વલિત કરી હતી.

ભાઈશ્રીના ક્રાંતિકારી સત્‌ઉપદેશ પછી વિક્રમભાઈએ કહ્યું કે તે હિંમત અને શૌર્ય ભાઈશ્રી પ્રત્યેની ભક્તિમાંથી પ્રગટ થશે અને ભાઈશ્રીની ભક્તિમાં રંગાઈ જવા માટેનું આવહાન કરતું સરસ પદ વિક્રમભાઈ તેમજ હિરેને ગાયું હતું.

ત્યાર બાદ મુમુક્ષુઓ ત્યાંના પ્રાંગણમાં એકત્રિત થયા. દરેક મુમુક્ષુએ વ્યક્તિગત રીતે ભાઈશ્રીના શ્રીચરણોનું વાસક્ષેપ પૂજન કર્યું. પ્રતિપક્ષ ભાઈશ્રીએ દરેક મુમુક્ષુને ભાલતિલક કરીને હૈયાના કુરુક્ષેત્રમાં મિથ્યાત્વ સાથે લડવા માટે સુભાશિષ આપીને તૈયાર કર્યા હતા. અંતરનો આનંદ એટલો અધિક હતો કે બધાએ આધ્યાત્મિક પદોની સુરાવલી ઉપર ગરબા લીધા હતા. બપોરના ૪-૩૦ વાગે ભાઈશ્રીએ પ્રદાન કરેલી હિંમત, શૂરવીરતા અને જ્ઞાનની મસ્તી લઈને સહુ પોતાના ઘરે ગયા.

—o—o—

એકાંત મૌન આરાધના શિબિર તથા આરાધના શિબિર

'જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે.'

પ.પૂ. ભાઈશ્રીની નિશ્રામાં દર મહિને એકાંત મૌન આરાધના શિબિર તથા આરાધના શિબિર યોજવામાં આવે છે. આ શિબિરોથી સાધકના જીવનમાં આમૂલ પરિવર્તન સર્જાતું હોય છે અને સાથે સાથે સાધનામાં પણ ખૂબ જ પ્રગતિકારક પરિણામ જોવા મળે છે.

જાન્યુઆરી – ૨૦૧૪ની એકાંત મૌન આરાધના શિબિર : ૬૬

જાન્યુઆરી માસમાં તા. ૨૨/૧/૨૦૧૪ થી તા. ૨૬/૧/૨૦૧૪ સુધી એકાંત મૌન આરાધના શિબિર નં-૬૬ તથા આરાધના શિબિર યોજવામાં આવેલ.

એ.મૌ. આરાધના શિબિરમાં ૬૨ સાધકોએ ભાગ લીધો, જેમાં ઉચ્ચ શ્રેણી ૧૮ સાધકો, ચિંતન ૨ સાધકો, પૂર્ણપ્રાપ્તિ ૩૦ સાધકો, અને અર્ધપ્રાપ્તિ ૧૨ સાધકો હતા.

આરાધના શિબિરમાં કુલ ૨૩ સાધકો હતા, જેમાં ઉચ્ચશ્રેણી ૧ સાધક, પૂર્ણપ્રાપ્તિ ૧૧ સાધક અને અર્ધપ્રાપ્તિના ૧૧ સાધક હતા, જેમાંથી રાજમાર્ગ યોગારોહણમાં જોડાયેલા ૧૪ સાધકો હતા.

એકાંત મૌન આરાધના શિબિરના પ્રશિક્ષણમાં **પ.પૂ.ભાઈશ્રીનો વિષય પૂ. સૂરિપુંગવ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી વિરચિત સ્વોપજ્ઞટીકા સંયુક્ત 'શ્રી યોગશતક' 'અનુવાદક : ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા'** હતો, પ.પૂ. ભાઈશ્રીએ આ ખૂબ જ અઘરો વિષય હોવા છતાં ખૂબ જ સુંદર રીતે અને સૂક્ષ્મતાપૂર્વક, સાધક સહેલાઈથી સમજી જાય તે રીતે સમજાવેલ.

આરાધના શિબિરમાં બીજા પ્રશિક્ષણમાં **બ્ર.નિ. રસિકભાઈએ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતમાંથી પત્રાંક ૨૯૪ તથા ૨૯૫** સમજાવેલ.

ઉપરોક્ત શિબિરોમાં લંડન, યુ.એસ.એ., નૈરોબી, મુંબઈ, કલકત્તા, અમદાવાદ, વડોદરા, પૂના, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, સાયલા, ઈન્દોર, જેતપુર, કૃષ્ણનગર એમ જુદાં જુદાં ક્ષેત્રોથી આવેલા સાધકોએ ભાગ લીધો.

એકાંત મૌન આરાધના શિબિર, જાન્યુઆરી-૨૦૧૪ના સાધકોની ફળશ્રુતિ

★ એકાંત મૌન શિબિરમાં ભાગ લેવાથી સાધનાનાં પરિણામોમાં ફાયદો જણાય છે. ચિંતન ગાઢું થતાં સૂક્ષ્મ થાય છે, તેમ કરતાં ચિંતન અટકી જાય છે. ત્યારે પોતાના સ્વરૂપમાં લીન થવારૂપ સ્થિતિ જણાય છે, પરમ શાંતિ પણ જણાય છે. દિવસે દિવસે હું માત્ર આત્મા છું તેનો નિશ્ચય બળવાનપણાને પામતો જાય છે. **– ઉચ્ચ શ્રેણી**

★ આ શિબિર ભરવાથી ખૂબ આનંદ થયો છે. ધ્યાન સારાં જાગૃતિપૂર્વક થયાં. લક્ષબિંદુ પર સ્થિર થતાં શાંતિ ઠંડક લાગતી, શરીરની કોઈ તકલીફ ન દેખાણી. ધ્યાન પછી પણ તેની અસર સારી રહેતી હતી. કષાયો ઉપર પણ જાગૃતિ રહેતી હતી તેથી ઘણા કષાયોથી બચી જવાતું હતું. **– ઉચ્ચ શ્રેણી**

★ ધ્યાનમાં સ્થિરતા-એકાગ્રતા વધતી જાય છે. જાગૃતિપૂર્વક ગાઢું ચિંતન થાય છે. જ્ઞાન સ્વરૂપ આત્મા હું છું એમ નિશ્ચય બળવાન થાય છે. દૃઢત્વ વધે છે. ક્રિયા કરતાં દેહની ક્રિયાથી ભિન્ન છું - અસંગ છું એમ ક્રિયા કરતાં જણાય છે. **– ઉચ્ચ શ્રેણી**

★ અહીં આ શિબિરમાં ધ્યાન ખૂબ જ સારાં તેમજ પ્રગતિકારક થાય છે. પોતાના દોષો જોવાની ટેવ પડે છે, જતું કરવાની ભાવના થાય છે. દોષ થઈ જાય પછી પાછા પડાય છે કે મારે આમ કરવું જોઈતું ન હતું. દિવસ દરમિયાન સુવિચારણા કરવાની ટેવ પડે છે. લક્ષ બિંદુ ઉપર રહેવાનો મહાવરો પડે છે. ખાતાં-પીતાં-સૂતાં આત્મલક્ષ રહે છે. **– પૂર્ણપ્રાપ્તિ**

★ શિબિર સુખની યાત્રામાં જોડાવાની ચાવી છે. દરરોજના કષાયો લખવાથી પણ ખ્યાલ આવે છે, કેટલા બધા રાગ-દ્વેષ થાય છે, પ.પૂ.ભાઈશ્રી કષાયોની આગમાંથી ઉગારે છે, કુદરતી શાંત વાતાવરણમાં રહી એકાંત મૌન આરાધના કરવાનો અમૂલ્ય લાભ મળવાથી એકાંત શાંત મધુર વાતાવરણની અસર મન ઉપર પડે છે. આવા વાતાવરણમાં મન વધારે શાંત થાય છે. સાધના કરવા માટે વધારે બળ મળે છે અને સાધના વેગવંતી બને છે. શિબિરમાં સુવિચારણાનો ખૂબ જ ફાયદો થાય છે, વિચાર કરતા ખબર પડી કે હું ક્યાં ખોટાં ગલત કામ કરીને કર્મબંધન કરું છું, સ્વ અવલોકન કરવાથી મારા ભરપુર દોષો દેખાય છે. **– પૂર્ણપ્રાપ્તિ**

★ I will continue to try to stay on sadhan It through out which managed more and thus allowed me to assess my swabhavprakruti and become aware of kashay and senses be coming outward focused. Between now and next shibir I want to regain my dhyan level and become comfortable again so I can take two steps forward. **– અર્ધપ્રાપ્તિ**

★ ધ્યાનમાં પરિણામો સુધરતાં હોય તેવું લાગે છે, સ્થિરતા વધતી જાય છે, ધ્યાનમાં તો વધુ શાંતિ લાગે છે ઘણીવાર ધ્યાન છોડી દીધા પછી પણ વધુ સમય બેસી રહેવાનું મન થાય છે. **– અર્ધપ્રાપ્તિ**

★ આ શિબિરમાં વિશેષ આનંદ વેદાય છે, શ્રદ્ધા દિનપ્રતિદિન વધતી જાય છે, આપ પ્રત્યે અને આપની આજ્ઞાઓ પ્રત્યે શ્રદ્ધા વધતી જ જાય છે; આ શિબિરના પહેલા દિવસથી ઓર વધી છે, જેમ જેમ સમજાતું ગયું એમ વિશેષ ને વિશેષ આપની કૃપાથી જલ્દીથી મારા જીવનમાં પરિણમાવું એવા ભાવ થાય છે, સાથે સાથે નિશ્ચય પણ વધતો જાય છે, કે ચોક્કસ એક દિવસ હું મુક્ત આત્મા થવાને પાત્ર બનીશ. **– અર્ધપ્રાપ્તિ**

ફેબ્રુઆરી-૨૦૧૪ની એકાંત મૌન આરાધના શિબિર : ૬૭

ફેબ્રુઆરી માસમાં તા. ૧૫/૨/૧૪ થી તા. ૧૯/૨/૧૪ સુધી એ. મૌ. આરાધના શિબિર નં-૬૭ તથા આરાધના શિબિર યોજવામાં આવેલ.

એ.મૌ. આ. શિબિરમાં કુલ ૬૨ સાધકોએ ભાગ લીધો. જેમાં ઉ.શ્રેણીના ૨૧ સાધકો, ચિંતનના ૧ સાધક, પૂ.પ્રા.ના ૨૮ સાધકો અને અ.પ્રા.ના ૧૨ સાધકો હતાં.

આરાધના શિબિરમાં કુલ ૩૮ સાધકોએ ભાગ લીધેલ જેમાં ઉ.શ્રે. ૫ સાધકો, ચિંતનના ૧ સાધક, પૂ.પ્રા.ના ૧૫ સાધકો અને અ.પ્રા.ના ૧૭ સાધકો હતાં, જેમાંથી રાજમાર્ગયોગારોહણમાં જોડાયેલા ૨૮ સાધકો હતા.

એ.મૌ. આરાધના શિબિરના પ્રશિક્ષણમાં પ.પૂ.ભાઈશ્રી નો વિષય **શ્રી વિજયસિંહસૂરી-વિરચિત 'સામ્ય શતક'** હતો. પ.પૂ.ભાઈશ્રી એ આ વિષય ખૂબ જ સરળ ભાષામાં સમજાવ્યો જેથી આધ્યાત્મિક માર્ગે આગળ વધી શકાય તેવી સુધારણા થઈ આવશે જ.

આરાધના શિબિરમાં બીજા પ્રશિક્ષણમાં બ્ર. મિનળબેને છ પદનો પત્ર ખૂબ જ સૂક્ષ્મતાપૂર્વક અને સાધકો સરળ રીતે સમજી જાય તેવી રીતે દાખલાઓ આપી સમજાવેલ.

ઉપરોક્ત શિબિરમાં લંડન, યુ.એસ.એ., નૈરોબી, કેનેડા, મુંબઈ, કલકત્તા, ભુજ, અમદાવાદ, વડોદરા, બોટાદ, સુરેન્દ્રનગર, કૃષ્ણનગર, સાયલા એમ જુદા જુદા સાધકોએ ભાગ લીધેલ.

એકાંત મૌન આરાધના શિબિર, ફેબ્રુઆરી-૨૦૧૪ના મુમુક્ષુઓની ફળશ્રુતિ

★ ધ્યાન મન સાથે ગાઢું થતાં સૂક્ષ્મ થાય છે,તેમ કરતાં ચિંતન અટકી જાય તેથી અંતર્મુખ ઉપયોગ થાય છે, હું માત્ર આત્મા છું તેવો નિશ્ચય બળવાન પણાને પામતો જાય છે, મન શાંત થતું જાય છે તેથી સાધના કરવામાં આનંદ આવે છે. **– ઉચ્ચ શ્રેણી**

★ ધ્યાનમાં ખૂબ જ એકાગ્રતા-સ્થિરતા રહેતી હતી, ઘણાં ધ્યાનોમાં જ્યારે ખૂબ જ એકાગ્રતાપૂર્વક ચાલતું ચિંતન અટકી જતું હતું ત્યારે સાધનાના દ્વાર પર જે અલૌકિક સુખાનંદ પ્રગટતો-અનુભવાતો હતો તે સુખાનંદમાંથી હટવાનું ક્યારેય મન થાય નહીં કાયમને માટે આમ જ રહ્યા કરે તેમ થયા કરતું હતું, છતાં તેમાંથી ક્યારે હટી જવાતું તેની ખબર પણ પડતી નહીં અને ફરીથી ચિંતન ચાલુ થઈ જતું તેનું ભાન રહેતું નહીં, ગમતું પણ નહીં. ફરી ત્યાં પહોંચવા વધુ સૂક્ષ્મતાપૂર્વક ચિંતન કરવાનું થયા કરતું. આ જ સ્વરૂપ દર્શન સમજાતું હતું, એમ ચોક્કસ લાગતું હતું. **– ઉચ્ચ શ્રેણી**

★ ધ્યાનના પુરુષાર્થમાં કોઈ કોઈ ધ્યાનની મસ્તી અલગ જ હતી. જેમ જેમ મન એકાગ્ર થતું ગયું અને સ્વ તરફ ઢળતું ગયું ત્યારે અંદરની શાંતિનો અનુભવ થતો હતો. એમ જ થયા કરતું હતું કે આમાં જ લીન રહું. જ્ઞાની મહાત્મા કેવો આનંદ માણતા હશે તેનો અંશે ખ્યાલ આવ્યો. આજ રીતે મારા પુરુષાર્થને દિન- પ્રતિદિન વેગ મળતો રહે તેવી શુભ ભાવના. **– ઉચ્ચ શ્રેણી**

★ મૌન શિબિરમાં ખૂબજ આનંદ આવ્યો. ધ્યાનમાં જેટલી જોઈએ તેટલી એકાગ્રતા ન લાવી શકી પણ એકંદરે જરૂર થોડી પ્રગતિ કરી છે અને હવે ટકી રહે એવી જ ભાવના ભાવું છું આવા પરમ સત્સંગની ખામી ખૂબ મહેસુસ કરું છું અને આગળ વધવા માટે એ જ જરૂરનું છે તે સમજાય છે, પણ ક્ષેત્ર બહુ જ દૂર છે છતાં મનથી તો એ જ ભાવું છું કે એ જલદી જલદી બને. **– પૂર્ણ પ્રાપ્તિ**

★ શિબિરમાં ધ્યાન જાગૃતિપૂર્વક થાય છે. લક્ષબિંદુ ઉપર વધારે સમય રહેવાય છે. તા.૧૬/૨/૧૪ ના રોજ છેલ્લા ધ્યાનમાં બહુ જ આનંદ આવ્યો. શરીર એકદમ હળવું લાગતું હતું અને ધ્યાનમાં જ રહેવાનું મન થતું હતું. **– પૂર્ણ પ્રાપ્તિ**

★ આ શિબિર દરમ્યાન સાધના સારી રીતે થઈ. ધ્યાનમાં લક્ષબિંદુ પર સ્થિરતા પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરેલ પરિણામે એકાદ મિનિટ સુધી સ્થિરતા રહેલ, દરેક ધ્યાન વખતે આ જાતની સ્થિરતાનો અનુભવ થયેલ, વારંવાર ધ્યાન કરવા મન તત્પર બનતું જાય છે, વિચારો આવે છે ત્યારે જાગૃતિ પણ રહેતી હોવાથી તે વિચારોમાં ભળી જવાતું નથી પરંતુ દ્રષ્ટાભાવ–સાક્ષીભાવ રાખી શકાય છે. **– પૂર્ણ પ્રાપ્તિ**

★ અનાદિના મોહ-મિથ્યાત્વના કારણે કદાચ પ્રગતિ ન દેખાતી હોય તોપણ શ્રદ્ધા અને ધીરજપૂર્વક કામ લેવું જરૂરી છે, કારણ જીવનમાં આ દોષો અનાદિના છે, પ્રત્યક્ષ સદ્‌ગુરુદેવની આજ્ઞાનું એકનિષ્ઠાથી આરાધન કરવાથી જીવ બહુ ઓછા ભવોમાં ભવ સમુદ્ર પાર પામે છે. શ્રદ્ધા પરમ દુલ્લહા. **– પૂર્ણ પ્રાપ્તિ**

★ આ 'સામ્ય શતક' જેવો વિષય (જે ભાઈશ્રી એ આ શિબિરમાં લીધેલ) પહેલીવાર સાંભળ્યો અને મને

એટલો બધો આનંદ આનંદ થઈ આવ્યો છે કે હર્ષ સમાતો નથી કારણ કે એક રીતે મારી આંખ ખોલી તેની જાણ થઈ અને કેટલા ભાગ્યશાળી કે આ જ ગુરુગમ બીજ સાથે પ્રભુના ધામમાં આ બોધ ગ્રહણ કરું એવી પ્રાર્થના છે. **– અર્ધ પ્રાપ્તિ**

★ This Shibir has given my dhyan a huge boost I also have a clerar understanding about where I am at with my dhyan and what to focus on for now. **– અર્ધ પ્રાપ્તિ**

★ Dhyan purusharth has become better in this shibir for most of them I was all to maintain my sthirta and remain drashta.

I felt at this that I was not present when focused on sadhan and that nothing else existed I felt very light, very peaceful and blissful into never before It was also very cold after good dhyn and did not want to stop my posture also definitely improved and my body 'stheerta' also improved. **– અર્ધ પ્રાપ્તિ**

માર્ચ - ૨૦૧૪ની એકાંત મૌન આરાધના શિબિર : ૬૮

માર્ચ માસમાં તા. ૫-૩-૨૦૧૪ થી ૯-૩-૨૦૧૪ એકાંત મૌન આરાધના શિબિર તથા આરાધના શિબિર યોજવામાં આવેલ.

એકાંત મૌન આરાધના શિબિરમાં કુલ ૬૦ સાધકોએ ભાગ લીધો. જેમાં ઉ.શ્રેણીના ૧૪, ચિંતનમાં ૧ સાધક, પૂર્ણ પ્રાપ્તિના ૨૫ સાધકો અને અર્ધ પ્રાપ્તિના ૨૦ સાધકો હતાં.

આરાધના શિબિરમાં ૪૭ સાધકો હતા જેમાં ઉચ્ચ શ્રેણીના ૮ સાધકો, ચિંતનના ૨ સાધકો, પૂર્ણ પ્રાપ્તિના ૧૪ સાધકો, અર્ધ પ્રાપ્તિના ૨૩ સાધકો હતા. જેમાં રાજમાર્ગ યોગારોહણમાં જોડાયેલા ૩૧ સાધકો હતા.

એકાંત મૌન આરાધના શિબિરના પ્રશિક્ષણમાં **પ.પૂ.ભાઈશ્રીનો વિષય મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ વિરચિત 'ધર્મબીજ' પુસ્તકમાંથી ચાર ભાવનાઓ** હતો. આ વિષય ધર્મનું બીજ-મૂળ હોવાથી સર્વ સાધકો માટે અતિ ઉપયોગી વિષય હતો. પ.પૂ.ભાઈશ્રીએ ખૂબ જ સરળતાથી, વિવિધ કથાઓ દ્વારા તથા વિવિધ દૃષ્ટિકોણથી સમજાવેલ. સર્વ સાધકો આ વિષયથી ખૂબ જ પ્રસન્ન ચિત્ત બનેલ અને ચારે ભાવનાઓનેજીવનમાં ઉતારવાનો નિર્ણય કરેલ.

આરાધના શિબિરમાં પ.પૂ.ભાઈશ્રીનું એકાંત મૌન આરાધના શિબિરનું પ્રશિક્ષણ તે જ સમયે કલ્યાણ હૉલમાં ટી.વી., વિડિયો દ્વારા લાઈવ ટેલીકાસ્ટથી આરાધના શિબિરના સાધકોને સાંભળવા મળેલ.

આરાધના શિબિરના બીજા પ્રશિક્ષણમાં **બ્ર. રસિકભાઈનો વિષય શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતના પત્રાંક ૩૧૩, ૩૧૯, ૩૬૬, ૩૭૪, ૩૭૫, ૩૮૫, ૪૦૩, ૪૦૮, ૪૬૬, ૪૭૧, ૪૭૨ અને ૭૧૦ લીધેલ.** ખૂબ જ સરળતાપૂર્વક અને અન્ય શાસ્ત્રોનો આધાર આપી સમજાવેલ.

એકાંત મૌન આરાધના શિબિર, માર્ચ-૨૦૧૪ના સાધકોની ફળશ્રુતિ

★ આ શિબિરમાં મારી પ્રગતિ મને ખુદને દેખાઈ આવી છે. ઘણા ધ્યાનમાં સ્પષ્ટ દેહ અને આત્માને ભિન્ન અનુભવેલ. ભેદજ્ઞાન કરતાં કરતાં સ્વરૂપમાં સરકી જવાતું હતું ત્યારે ભેદજ્ઞાન પણ રહેતું નહોતું. આમાં આવા મારા અનુભવોથી મને મારી પ્રગતિ ખૂબ જ લાગી. સાચું તો આપશ્રી (ભાઈશ્રી) જ જાણો. **– ઉચ્ચ શ્રેણી**

★ તા. ૬-૩-૨૦૧૪ના બીજા ધ્યાનમાં ગાઢું ચિંતન થતાં સૂક્ષ્મ થયું. થોડી વાર ચિંતન અટકી ગયું અને દેહ-આત્મા જુદા છે તેવો અનુભવ થયો. આત્માનો નિશ્ચય બળવાન થતો જાય છે. **– ઉચ્ચ શ્રેણી**

★ સ્વ અવલોકન કરી દોષો થવા પર લક્ષ રાખું છું. ખ્યાલ પણ આવી જાય છે કે આ દોષ થયો તેનું સુવિચારે સમાધાન પણ કરું છું. દોષો પણ ઘટતા જતા જણાય છે. ભેદજ્ઞાન કરવા તરફ પણ લક્ષ આપું છું. જેથી આવતાં-જતાં, કોઈ કાર્ય કરતાં, કોઈ પણ સમયે, કોઈ પણ નિમિત્તે ભેદજ્ઞાનનું લક્ષ રહે છે. ભેદજ્ઞાન તરફ છેલ્લા ત્રણેક માસથી વધારે લક્ષ રહે છે. **– ઉચ્ચ શ્રેણી**

★ અનંત પુણ્યોના ફળસ્વરૂપ આધ્યાત્મિક ખજાનાથી વધુ ને વધુ સમૃદ્ધ થવાનો દુર્લભ અવસર મૌન આરાધના શિબિરમાં સહભાગી થવાનો આ પામર જીવને પ્રાપ્ત થયો. શિબિરથી સર્વાંગી આધ્યાત્મિક ચારિત્ર ઉત્તરોતર ઘડાતું જ જાય છે. જાણ્યે અજાણ્યે આધ્યાત્મિક સંસ્કારો જીવન-વ્યવહારમાં પ્રવેશી જ જાય છે. વધુ ને વધુ આધ્યાત્મિક સંસ્કારોથી સમૃદ્ધ થતું જ જવાય છે. જે આપશ્રી (ભાઈશ્રી)ની અમારા પ્રત્યેની નિઃસ્વાર્થ કરુણા-દયા-વાત્સલ્ય ભાવને જ આભારી છે. આપ પ્રત્યેનો ભક્તિભાવ શબ્દોમાં રજૂ કરવાની મારામાં રજ માત્ર પણ ક્ષમતા નથી. **– પૂર્ણપ્રાપ્તિ**

★ શિબિર ભરવાથી સાધનામાં ઘણો સુધારો થાય છે. ઘરે જે ઢીલાસ આવી હોય તેમાં ઘણું બળ મળે છે. આત્મજાગૃતિ ઘણી વધે છે. આખા દિવસ દરમ્યાન સાધન પર રહેવાની પ્રેક્ટીસ મજબૂત થાય છે. તેની સાથે મનની સ્થિરતા અને આત્માનું અનુસંધાન જળવાઈ રહે છે. **– પૂર્ણપ્રાપ્તિ**

★ મારી ધ્યાન સાધનાએ ગત શિબિર કરતાં પ્રગતિ કરી છે. જાગૃતપણે દ્રષ્ટાભાવ રહેતાં વૃત્તિઓના વમળો શાંત થતા ગયા. ધ્યાન લાગી ગયા પછી દેહથી ભિન્ન ચૈતન્યપણું એવો અહેસાસ ક્ષણભર પણ થયો. ધ્યાનમાં સંસ્કાર પડતા જાણતાં કે અજાણતાં કષાયો-નોકષાયો પરિગ્રહ આદિ કુસંસ્કારો સજાગૃત મનમાંથી પ્રવાહિત થઈ અલ્પ થતા ગયા. લક્ષ બિન્દુ પર ચિત્તની જાગૃતિ રહેતાં સ્થિરતા સારી રહેતી હતી. ધ્યાનમાં પરમ શાંતિ, હળવાશ, પ્રકાશની પણ અનુભૂતિ થવા લાગી. **– પૂર્ણપ્રાપ્તિ**

★ એકાંતમાં સાધના કરવાનો લાભ મળવાથી અને કુદરતી શાંત એકાંત વાતાવરણની મન ઉપર અસર થાય છે. આવા રમણીય એકાંત વાતાવરણમાં સાધના કરવાનો લાભ મળવાથી મનને શાંતિ મળે છે. સાધનમાં વધારે બળ તથા વેગ મળે છે. આવી સાધના કરવાના ભાવમાં વૃદ્ધિ થાય છે. **– અર્ધપ્રાપ્તિ**

★ શાંત વાતાવરણ હોવાથી મન શાંતિ અનુભવે છે. મન શાંત હોવાથી સાધનાને વેગ મળે છે. પાંચ પાંચ ધ્યાન કરવા છતાં જરા પણ થાક કે બેચેની લાગતી નથી. કોઈની સાથે વાતચીત કરવાની ન હોય તેથી રાગ-દ્વેષ થતાં નથી. આથી ધ્યાન સારાં થાય છે. વળી સુવિચારણાથી ખ્યાલ આવે છે કે આપણે જાણતાં અજાણતાં કેવાં પાપ કરીએ છીએ તેમાં સુવિચારણાથી સુધારો થાય છે. આમ શિબિરથી ચોક્કસ ફાયદો થાય છે. ધ્યાનમાં સ્થિરતાનો પુરુષાર્થ ઘણો સારો રહે છે. આનંદ અને શાંતિ અનુભવાય છે. **– અર્ધપ્રાપ્તિ**

★ I feel as though I have been walking 10 feet in the air (from happiness) for the last 5 days. Since you gave me the invaluable gift of 'MOX MARG'. I came to you having been Arpan to you for more than 10 years but I had not understand your infinite compassion, your love and your invaluable Bodh. I can not tell you how happy I am that you have for given my guilt for the many years that I dishonoured you and I have felt me worthy of Ardh Prapti. I now remain worthy and serve you by completing the Agnas you have given to the best of my ability. **– અર્ધપ્રાપ્તિ**

પ.પૂ.બાપુજી જન્મદિન
તા. ૩ માર્ચ ૨૦૧૪

મારા સદ્‌ગુરુ જન્મ્યા આજ, ગાઈએ વધામણાં
નાચો ઝૂમો સૌ આજ કે આવ્યાં મંગલ ટાણાં
ગાઈએ વધામણાં કે આવ્યાં મંગલ ટાણાં

મારા સદ્‌ગુરુ.....

બાપુજી છે આતમ જ્ઞાની (૨)
તાર્યા અમ જેવા અજ્ઞાની (૨)
આપ્યું ગુરુગમ જ્ઞાન ગાઈએ વધામણાં (૨)
કરીએ અમૃત પાન કે આવ્યાં મંગલ ટાણાં (૨)
ટાળ્યું દેહ અભિમાન ગાઈએ વધામણાં (૨)

મારા સદ્‌ગુરુ.....

બાપુજી છે સમતાના સાગર (૨)
પ્રેમથી ભરી અમ જીવન ગાગર (૨)
દર્શાવ્યું આત્મિક સુખ ગાઈએ વધામણાં (૨)
દૂર થયું ભવ દુઃખ કે આવ્યાં મંગલ ટાણાં (૨)
રહીએ ભાઈશ્રી સન્મુખ ગાઈએ વધામણાં (૨)

મારા સદ્‌ગુરુ.....

પ્રભુજી તમારી કૃપા છે અપાર (૨)
દીધાં ગુરુમા ગુણોનાં ભંડાર (૨)
નમીએ જોડી બે હાથ ગાઈએ વધામણાં (૨)
બન્યા અમે તો સનાથ કે આવ્યાં મંગલ ટાણાં (૨)
રહેજો ભવોભવ સંગાથ ગાઈએ વધામણાં (૨)

મારા સદ્‌ગુરુ.....

ગુરુવર છો નિઃસ્પૃહી ને નિર્મમ (૨)
દીધો નિત્ય સ્વબોધ અનુપમ (૨)
કર્યો અંતર્મુખ ઉપયોગ ગાઈએ વધામણાં (૨)
થયા સંયમમય યોગ કે આવ્યાં મંગલ ટાણાં (૨)
ભાગ્યા ભવના રોગ ગાઈએ વધામણાં (૨)

મારા સદ્‌ગુરુ.....

—પ્રેષક : બ્ર.નિ. મિનળબેન

ધર્મબીજ

ચાર ભાવનાનું ભાવન કરીએ, સદ્‌ગુરુના સત્સંગે રે
ધર્મબીજનો મર્મ સુણીને, ગ્રહીએ ઉર ઉમંગે રે

ચાર ભાવનાનું ભાવન કરીએ.

મૈત્રી ભાવનાથી પ્રભુજી, વિશ્વ પ્રત્યે પ્રેમ જાગે રે
દુઃખનું ઔષધ પામીને પ્રભુ, અશાંતિનું મૂળ ભાગે રે

ચાર ભાવનાનું ભાવન કરીએ.

પ્રમોદ ભાવના પાળી ગાઈએ, ગુણી જનોના ગાન રે,
પ્રભુમય, ગુરુમય, આતમમય અમે રહીએ એકતાન રે

ચાર ભાવનાનું ભાવન કરીએ.

મધ્યસ્થ ભાવને ધારણ કરીને, કરીએ નિર્જરા કર્મની
સમભાવી રહી જીવીએ તો એ સાચી આરાધના ધર્મની

ચાર ભાવનાનું ભાવન કરીએ.

ચાર ભાવનાના ભાવભાસનથી, આત્મસ્વરૂપ પમાય રે
જન્મ મરણનાં બંધન તૂટે, મુક્તિ સહેજે સધાય રે

ચાર ભાવનાનું ભાવન કરીએ.

સદ્‌ગુરુ સંગે મૈત્રી બાંધી, જોડી ભવોભવ પ્રીત રે
ગુણ પ્રમોદમાં મનડું રમતું, એ જ ભક્તિની રીત રે

ચાર ભાવનાનું ભાવન કરીએ.

ભાઈશ્રીનાં નિર્મળ નયનોથી નીતરે કરુણાની ધાર રે
મધ્યસ્થ ભાવથી જીવન જીવતાં, ગુરુવરને વંદન હજાર રે

ચાર ભાવનાનું ભાવન કરીએ.

—પ્રેષક : બ્ર.નિ. મિનળબેન

મુંબઈમાં બ્રહ્મનિષ્ઠ મિનળબેનનો લેડીઝ સ્વાધ્યાય

તા. ૨૬-૦૨-૨૦૧૪ના રોજ પૂ. મિનળબેનનો લેડીઝ સ્વાધ્યાય શાંતિનિકેતનમાં રાખવામાં આવેલ. જેમાં પૂ.બાપુજીનું ૨૬મું વાક્ય છે કે, **'કદાચ સોયના નાકામાંથી ઊંટ પસાર થઈ જાય તે શક્ય છે, પરંતુ લોભી માણસને મોક્ષમાર્ગ અશક્ય છે.'** તેની સમજણ આપતાં કહ્યું કે, 'લોભ અને તૃષ્ણાને અન્યોન્ય સંબંધ છે. લોભ, તૃષ્ણારૂપી જ્વરની દવા નિર્મમત્વભાવ છે. બધા કષાયોનો બાપ લોભ છે. લોભ ચારિત્રને પાડનારો છે. સદાય યૌવનવંતી તૃષ્ણાનો વિષય બદલાઈ જાય છે પરંતુ તૃષ્ણા પૂરી થતી નથી. લોભી માણસને મોક્ષમાર્ગ પ્રાપ્ત થવો અશક્ય છે. કેમકે લોભ છે ત્યાં સુધી કષાયોની હાજરી રહેવાની જ. લોભને થોભ નથી. લોભની સઝ્જાયના આધારે લોભનાં લક્ષણ જાણી તેને દૂર કરવાનું જણાવ્યું. લક્ષ કરાવે તે લક્ષણ, તેથી લોભનો લક્ષ રાખી તેને દૂર કરી સંતોષના ઘરમાં આવવું. છેલ્લે કહ્યું કે, 'લોભ કરવો તો આત્મસંપત્તિનો કરવો કે જે સાથે જ રહે છે. એ સુખનો ઝરો કદી પણ ઓછો થતો નથી.' સિકંદરના ફરમાનના આધારે ઉંડાણથી આ વિષયની સમજ આપી.

—૦—૦—

તા. ૨૬-૦૩-૨૦૧૪ ના રોજ પૂ. મિનળબેનનો લેડીઝ સ્વાધ્યાય શાંતિનિકેતનમાં ગોઠવવામાં આવેલ. જેમાં પૂ. બાપુજીનું ૨૭મું વાક્ય સમજાવેલ. **'આત્મા અમર છે, તેવી સાચી સમજણ આવે તો અંદરથી ભય જાય.'** મૃત્યુના ભયનો નાશ થવો જોઈએ. છ પદના પત્રના આધારે આત્મા છે અને તે નિત્ય છે તેની સમજણ આપી. આત્મા એક દ્રવ્ય છે. જે વસ્તુ પોતાના ગુણો અને લક્ષણોને છોડે નહીં, જે પોતાના સ્વભાવને છોડે નહીં તે દ્રવ્ય. શરીર વિખરાઈ જાય પણ હું તો કાળના અમર તખ્ત પર મોજડી ઉતારી અચળ આસને બેઠો છું. મારો ક્યારેય વિનાશ થાય નહીં. જ્ઞાન આત્માનો ગુણ અને ઉપયોગ એનું લક્ષણ છે. આપણને પાંચ-પાંચ જ્ઞાનેન્દ્રિયો મળી છે તે લબ્ધિ છે. આપણા માથા પર સદ્ગુરુ છે જે બધી બાબતોથી આપણને આત્મા તરફ વાળે છે. આત્મા સ્વયંપ્રકાશિત અને સુખનું ધામ છે. આત્માનો સ્વ-પરપ્રકાશક પ્રગટ ગુણ છે અને ચૈતન્યસત્તા એટલે જીવતી જાગતી સત્તા. જ્ઞાન એહિ જ આત્મા. એ નિત્ય છે. અમર છે. તે આત્મા કદી મરતો નથી. તે સાચી સમજણ આવે તો અંદરથી ભય જાય. આમ નિર્ભય બનવાની સમજણ આપી.

—૦—૦—

અમદાવાદમાં બ્રહ્મનિષ્ઠ લલીતાબેનનો લેડીઝ સ્વાધ્યાય

તા. ૬-૧૨-૨૦૧૩ના રોજ 'શરીર કારાગ્રહથી છૂટવાનો ઉપાય' વિષય પર સમજાવતાં કહ્યું કે, હે આત્મન્ ! તને આ શરીર એ કારાગૃહ છે તેવું ભાન પ્રગટ્યું છે ? ક્ષણે ક્ષણે અકળામણને દૂર કરવા પુદ્ગલની આશા કરી પરમાં સુખબુદ્ધિની ગતિ તને સૂઝી છે શું ? તું નથી જાણતો કે 'પારકી આશા સદા નિરાશ' છતાં જ્યાં સુખ નથી ત્યાં સુખ મેળવવા રાત-દિવસ પ્રયત્ન કરે છે. વિનાશીમાંથી અવિનાશીનો આનંદ મેળવવા મથામણ કરી રહ્યો છે. આવી ભ્રાંતિના વમળમાંથી હવે ક્યારે છૂટવું છે ? તું સાધક છે. તને પરનો આધાર પોસાય નહીં. શરીર તો મળ-મૂત્રની ખાણ છે. તું આત્મ-પ્રદેશ સાથે દૂધ અને પાણીની જેમ એકમેક થઈ ગયો છે. તેથી મિથ્યાત્વને પોષી રહ્યો છે. શરીર કારાગૃહથી છૂટ્યો નથી. સિદ્ધ સમાન એવા તારા આત્માની ઓળખાણ નથી થઈ. નિશ્ચય થયો નથી, સ્વ-પરનો વિવેક પ્રગટ્યો નથી. જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત થઈ નથી. જડ-ચેતનનો ભેદ સમજાયો નથી. હવે મહત્ત પુણ્ય જાગ્યાં છે. સત્પુરુષનો યોગ પ્રાપ્ત થયો છે. તત્ત્વનો નિર્ણય કરી, શ્રદ્ધાનું બળ વધારી, ભેદજ્ઞાન કરી પરથી છૂટું પડવાનું છે. દૃષ્ટાભાવ કેળવવાનો છે. ઉપયોગને સૂક્ષ્મ કરે તો આત્માની ઓળખાણ થઈ તેમાં ડૂબકી મારે

તો શરીર - કારાગૃહથી છૂટી શકાય. શરીરરૂપી ભાડૂતી ઘર ક્યારે ખાલી કરવાની નોટિસ આવશે તેની ખબર નથી માટે હે જીવ ! હવે જાગૃત થા, જાગૃત થા.

—૦—૦—

તા. ૩-૧-૨૦૧૪ના રોજ 'આર્તધ્યાનની તીવ્રતા' વિષય પર સમજાવતાં કહ્યું કે, આપણને ખબર નથી કે આપણે નિજ ઘરનું સરનામું ભૂલી ગયા છીએ. યોગમાં ઉપયોગ રોકાઈ ગયો છે. સમયે સમયે આર્ત અને રૌદ્રધ્યાન ચાલુ જ છે. જન્મ-મરણનું પરાવર્તન કરી રહ્યા છીએ. દુઃખના ડુંગરો ખડકાઈ ગયા છે. જન્મ-મરણની ચક્કીમાં પિસાઈ રહ્યા છીએ. અનંતકાળથી આપણે પ્રતિકૂળતાથી છૂટવા અને અનુકૂળતા મેળવવા માટે જ તરફડિયાં માર્યા છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન ઘર કરી ગયું છે. તિર્યંચ ગતિના અને નરક ગતિના મહેમાન થવું પડે છે અને અનંત દુઃખોને ભોગવવાં પડે છે. આ આપણી ભયંકર ભૂલનું પરિણામ છે. માટે રાગ-દ્વેષનાં પરિણામ કર્યા વગર જે આવે તેનો સ્વીકાર કરવો કારણ કે, આપણું જ કરેલું છે, જો સ્વીકાર નહીં કરીએ તો કર્મસત્તા આપણને છોડશે નહીં. પછી મનુષ્યભવ મળવો દુર્લભ છે. માટે આર્ત અને રૌદ્રધ્યાનથી બચવું તે જ મનુષ્યભવની સાર્થકતા છે.

—૦—૦—

તા. ૨૨-૨-૨૦૧૪ના રોજ 'પરિગ્રહનું મમત્વ' વિષય પર સમજાવતાં કહ્યું કે, જ્યાં સુધી આત્મા જાગતો નથી તેના સ્વરૂપ પર નજર મંડાણી નથી ત્યાં સુધી તેને બંધની કલ્પના પણ થતી નથી કે મને ક્ષણે ક્ષણે કર્મનું બંધન થઈ રહ્યું છે. પરિગ્રહ તે જીવને ચારેય બાજુથી ભીંસમાં લઈ ગૂંગળાવે છે. જ્યારે મારું હૈયું બેચેન બન્યું ત્યારે મને ભાન થયું કે મારી અશાંતિનું મૂળ બીજું કશું જ નહીં પણ અસ્થિર વિષયનો અનુરાગ જ હતો. મારા વિશાદનું કારણ ક્ષણિક પદાર્થની આસક્તિ હતી. મારી બેચેનીનું કારણ વિનાશી સ્નેહનાં બંધન હતાં. સૌ પ્રથમ જીવ સજીવ કે અજીવ પદાર્થોને ગ્રહણ કરે છે. પછી તેમાં મારાપણું કરી રક્ત રહે છે. ભેગું કરવામાં આનંદ આવે છે. તેમાં સુખ માને છે ત્યારે જ્ઞાનીઓ કહે છે કે પરિગ્રહ તો એવો છે કે પળે પળે તેનું ઝેર ચઢે છે. પરિગ્રહને છોડવો તો સહેલો છે. પણ તેને બંધન માનવું તે તો છોડવાથી પણ અઘરું છે. પરિગ્રહના બંધનથી કર્મનું બંધન, કર્મના બંધનથી દુર્ગતિનું બંધન. આ બંધનથી જીવ ઘરની મમતાને લીધે બિલાડી, ગરોળી, દેડકાં, કૂતરા, ઉંદર, વાંદા, ઊધઈના સ્વરૂપે તે ઘરમાં પેદા થવાનાં. પરિગ્રહ ક્યાં ને ક્યાં લઈ જાય છે. આવા બંધનથી કેવી રીતે છૂટવું તેનો માર્ગ પણ પૂ. પ્રભુએ બતાવ્યો છે. જ્યાં સુધી જ્ઞાનદશા જાગે નહીં ત્યાં સુધી આત્મવિકાસ શક્ય નથી.

'જ્ઞાનદશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ.'

આપણને જેમ જેમ પરિગ્રહ વધતો જાય તેમ તેમ અંદરથી ખુશી થાય, જન્મારો લેખે લાગ્યો તેમ થાય, ત્યારે જાણે જીવનમાં જીવી જાણ્યું એમ થાય ત્યારે સમજવું કે મિથ્યાત્વ ઘર કરીને બેઠું છે. માટે પરિગ્રહનું મમત્વ છોડ્યે જ છૂટકો છે. આંખ મીંચાય ત્યાં સુધીનું નાટક છે.

—૦—૦—

ધ્યાન

ધ્યાન સિવાય જીવનમાં બીજો કોઈ રસ્તો જ નથી. અથવા જે રસ્તાઓ છે એ ધ્યાનનું જ સ્વરૂપ છે. પ્રાર્થના પણ ધ્યાન છે. પૂજા પણ ધ્યાન છે, ઉપાસના પણ ધ્યાન છે, યોગ એય ધ્યાન છે, સાંખ્ય પણ ધ્યાન અને જ્ઞાન પણ ધ્યાન છે. ભક્તિ પણ ધ્યાન અને કર્મ પણ ધ્યાન છે. સંન્યાસ પણ ધ્યાનનો એક પ્રકાર જ છે. ધ્યાનનો અર્થ છે મનની નિર્વિચાર અવસ્થા, શુદ્ધ અવસ્થા. કઈ રીતે મળે એ મહત્ત્વનું નથી, એને મેળવવી એ જ મહત્ત્વનું છે. આપણે કઈ ચિકિત્સા પદ્ધતિથી સાજા થઈએ છીએ એના કરતાં આડઅસર વગર સાજા થઈએ છીએ, સ્વસ્થ થઈએ છીએ એ મહત્ત્વનું છે. **—ઓશો**

માતુશ્રી પ્રભાબેન તેમજ પિતા ચંપકભાઈ બોરડીયાના સ્મરણાર્થે વિકલાંગ સાધન સહાય કેમ્પ

હ : કિર્તીભાઈ બોરડીયા અને પરિવાર

શું દુઃખનો અભાવ હોય તેને આપણે સુખ ગણીશું ? વાસ્તવિકતા એ છે કે દુઃખને દૂર કરવાના પ્રયત્નમાં સુખ રહેલું છે અને કદાચ તે દુઃખ દૂર થઈ શકે એમ ન હોય તો શાંતિથી, સમભાવે તેને ભોગવી લેવામાં જ સુખ છે.

પ.પૂ.ભાઈશ્રીની નિઃસ્પૃહ પ્રેમકરુણાથી પ્રેરાઈને જ લોકસેવાનાં ઉત્તમ કાર્યો આશ્રમ દ્વારા સતત થઈ રહ્યાં છે.

પ.પૂ. ભાઈશ્રી કહે છે કે જો આપણે કોઈને મદદ કરવાની ક્ષમતા ધરાવતા હોઈએ તો વિના વિલંબે તુરંત મદદ કરવી અને પછી ઈશ્વરનો આભાર માનવો કે કોઈની પ્રાર્થના ઈશ્વરે સાંભળી અને પોતાના દેવદૂત તરીકે આપણને તેને મોકલ્યા, આમ ઈશ્વરી કૃપા બનવાનું ઉત્કૃષ્ટ સૌભાગ્ય આપણને મળે છે.

ઉદારતા એટલે 'શક્તિ કરતાં વધુ આપવું અને જરૂરિયાત કરતાં ઓછું લેવું.'

તા. ૧-૩-૨૦૧૪, શનિવારના વિકલાંગ સાધન સહાય કેમ્પનો આર્થિક ભાર જે કુટુંબે ઉપાડ્યો છે તે કુટુંબના તમામ સભ્યોએ પ.પૂ.ભાઈશ્રીનું અનન્ય શરણ સ્વીકાર્યું છે અને ભાઈશ્રીના આવા ઉત્તમ મનોરથોને સાર્થક કરવા સતત તન, મન અને ધનથી પ્રયત્નશીલ રહ્યા છે. દાનશીલતાનું ઉત્તમ કાર્ય કરવા બદલ શ્રી કીર્તિભાઈ, દુલારીબેન તથા સમસ્ત બોરડીયા પરિવારને અભિનંદન તેમજ ધન્યવાદ.

પોતાના વતન દિગસર તેમજ એની આજુબાજુનાં ૫૬ ગામોમાં રહેલા ૪૭૪ જરૂરિયાતમંદ વિકલાંગ વ્યક્તિઓને વિલચેર, ટ્રાઇસિકલ, કેલીપર, ક્રચીસ, સાંભળવાનું મશીન, કૃત્રિમ પગ, બાળકોને ભણવાની કીટ - આવાં સાધનો આપીને પોતે ઉપકૃત થઈ રહ્યા છે એવો ભાવ તેઓ ધરાવે છે, અન્યનું જીવન સ્વાવલંબી અને ગતિશીલ બને એ જ તેમના હૃદયનો આનંદ હતો.

કાર્યક્રમની શરૂઆત બોરડીયા દંપતીએ ગાયેલી પ્રાર્થનાથી થઈ. આ સેવાયજ્ઞની અનુમોદના અર્થે સાવરકુંડલાના સ્વામિનારાયણ ગુરૂકુળના પ.પૂ.શ્રી ભાગવતપ્રસાદજી, સુરેન્દ્રનગર સ્થિત પ્રજ્ઞાચક્ષુ કેન્દ્રનાં મુક્તાબેન તેમજ પંકજભાઈ ડગલી, અંધજન મંડળનાં નંદિનીબેન રાવલ તેમજ બોરડીયા પરિવારનાં સ્નેહી સંબંધીઓ ઉપસ્થિત હતાં. મુમુક્ષુઓ પણ મોટી સંખ્યામાં હાજર હતા.

દીપપ્રાગટ્ય બાદ પ.પૂ.ભાઈશ્રી તેમજ અન્ય ઉપસ્થિત મહાનુભાવોનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

માતા પ્રભાબેન તેમજ પિતાશ્રી ચંપકભાઈની સ્મૃતિમાં કરાયેલા આ કેમ્પની ધન્યતા અનુભવતા શ્રી કીર્તિભાઈએ ભાઈશ્રીનો, સ્વામીજીનો અને આશીર્વાદ વિકલાંગ કેન્દ્રના રામભાઈ જાદવનો તેમજ કેમ્પ સાથે જોડાયેલા સર્વેનો આભાર માન્યો હતો.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ભાઈશ્રીએ કહ્યું કે 'સાચો વૈભવ એ જ કે જે બીજાની જરૂરિયાત સમજીને પૂરી પાડે, પ્રાપ્ત લક્ષ્મીને અન્યનાં દુઃખ દૂર કરવામાં ખર્ચે. સેવાનાં આવાં કાર્યો કરવાથી જે પુણ્ય પ્રાપ્ત થાય છે તે આત્મવિકાસના માર્ગે નડતા અવરોધોને દૂર કરવામાં મદદરૂપ નીવડે છે.'

આલ્બર્ટ આઈનસ્ટાઈનનાં વચનોનો આશ્રય લઈને કહ્યું કે 'સમય અને અવગાહનાની મર્યાદાથી બંધાયેલો

મનુષ્ય આ અખિલ સૃષ્ટિનો એક નાનો અંશ છે. તે પોતે પોતાના દેહ આશ્રિત વ્યક્તિત્વને અનુભવી રહ્યો છે, પોતાના વિચારો અને ઇચ્છાઓથી તે જીવી રહ્યો છે અને આ જ એની ચેતનાનો ભ્રમ છે. આ ભ્રમમાં રહીને તે થોડા મનુષ્યોને ચાહે છે, તેની ફિકર અથવા તો સાર-સંભાળ લે છે. દરેક માનવ આ પ્રકારના ભ્રમમાં સપડાયો છે તે અસલમાં પોતે જ પોતાનો કેદી છે. દરેક મનુષ્યે આ કેદમાંથી છૂટવાનો લક્ષ રાખવો જોઈએ. તેમાંથી મુક્ત થવા માટેનો શ્રેષ્ઠતમ માર્ગ એ છે કે તે પોતાના અંતરમાં રહેલી દયા અને કરુણાના વર્તુળને વિસ્તરિત કરે, અંતરમાં રહેલી દયા અને કરુણાને તે ક્ષિતિજ જેવી અમર્યાદિત બનાવી દે.

આ વિકલાંગ સાધન સહાય કેમ્પનો સ્નેહી-લાભાર્થી વિકલાંગ વ્યક્તિઓ તેમની સાથે આવેલાં કુટુંબીજન તેમજ આ સેવાયજ્ઞમાં ઉપસ્થિત સર્વેએ પરમ સંતોષ અને પવિત્રતાનો અનુભવ કર્યો હતો.

પૂ. ભાઈશ્રી પ્રત્યે અનન્ય ભક્તિ ધરાવતા શ્રી કીર્તિભાઈ, દુલારીબેન, મિતેશ, અમીષા, વિધિ, વીયા, હિરેન, પૂર્વી, તેમજ ધર્મિલ બધા જાણે એક સાથે કહી રહ્યા હોય કે 'હે ભાઈશ્રી તમે પ્રણિત કરેલા સત્યમાં જ અમારે તો જીવવું છે, તમારા પ્રેમની લહાણી કરવી છે, તમારા ઉત્સાહ અને ઉમંગ દ્વારા અનેક જીવોને ખુશખુશાલ થવા અને રહેવાની પ્રેરણા આપવી છે, તમારાં સ્વપ્નોને સાકારિત કરવાં છે, હે સદ્‌ગુરુ દેવ ! અમારે તો તમારા સુરે અને તાલે ગાવું છે, નાચવું છે, તમારા આશીર્વાદને ભેટી તમારા પ્રત્યેની કૃતજ્ઞતામાં જીવવું છે, આપની નિશ્રામાં વીતેલા આજના આ મંગલમય દિવસને અમારી સ્મૃતિમાં અવિસ્મરણીય કરીને રાખવો છે. આપને અમારાં અનન્ય ભક્તિએ અગણિત વંદન.' □

ઉપાસના મોબિલિટી અને અમ્યુઝમેન્ટ પાર્કનું ઉદ્‌ઘાટન

ઉપાસના વિકલાંગ પુનર્વસન કેન્દ્ર, સુરેન્દ્રનગર તા. ૧૮-૧-૨૦૧૪ના રોજ દાતાશ્રી પ્રવિણાબેન મહેતા, શ્રી મિતુલભાઈ, શ્રી બંસરીબેન, શ્રી વેદિકા મહેતાના આર્થિક સહયોગથી મોબિલિટી અને અમ્યુઝમેન્ટ પાર્કના ઉદ્‌ઘાટન પ્રસંગમાં પ.પૂ.ભાઈશ્રી, શ્રી વિક્રમભાઈ, દાતાશ્રી તેમજ પધારેલ મહેમાનોના વરદ હસ્તે તક્તીનું અનાવરણ કરી મોબિલિટી તથા અમ્યુઝમેન્ટ પાર્કનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. શ્રી અંજનાબેન આચાર્યએ પધારેલ મહેમાનોને મોબિલિટી તથા અમ્યુઝમેન્ટ પાર્ક વિષે માહિતી આપી. આ પ્રકારનું વિશિષ્ટ રીતે તૈયાર કરેલ અમ્યુઝમેન્ટ પાર્ક સમગ્ર ભારતના કોઈ પણ વિકલાંગ પુનર્વસન કેન્દ્રમાં ક્યાંય નથી. સાયલા વિકલાંગ પુનર્વસનમાં પ્રથમ અને ત્યારબાદ સુરેન્દ્રનગરમાં આ બીજુ અમ્યુઝમેન્ટપાર્ક બનાવેલ છે. તેથી સર્વે ધન્યતાની લાગણી અનુભવે છે. આવેલ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો. શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ સાયલાના પ.પૂ.ભાઈશ્રી, દાતાશ્રી પ્રવિણાબેન મહેતા ફેમિલિ તેમજ શ્રી ધનજીભાઈ (મેકસનવાળા)નું શાબ્દિક સ્વાગત શ્રી વિક્રમભાઈ શાહે કર્યું. ઉપાસના કેન્દ્રનો લાભ લેતાં બાળકોની માહિતી શ્રી વિક્રમભાઈએ આપી અને બાળકોના વાલીઓએ પોતાના બાળકો વિષેના અભિપ્રાય રજૂ કર્યા. ત્યાર બાદ મંચસ્થ મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો આપ્યાં અને પ.પૂ.ભાઈશ્રીએ આશીર્વાદ પાઠવ્યા. □

છ'રી પાલિત પદયાત્રા સંઘ

થલતેજ, અમદાવાદ બ્રહ્મનિષ્ઠ લલીતાબેનના ઘરેથી શંખેશ્વર મહાતીર્થ સુધી તા. ૧૩-૧-૨૦૧૪થી કુલ ૧૧ દિવસ

આ પદયાત્રા સંઘના મુખ્ય સંઘપતિ બ્ર.લલીતાબેન યશવંતરાય મહેતા પરિવાર હતો. પૂ.ભાઈશ્રીનું નામ પણ તેમણે આમાં સામેલ કરેલ હતું.

પૂ. ગુરુદેવ લાડકચંદ માણેકચંદ વોરા (પૂ.બાપુજી) સ્વ. યશવંતરાય મોરારજી મહેતા તથા સ્વ. પરેશના આત્મશ્રેયાર્થે આ સંઘયાત્રાનું આયોજન કરવામાં આવેલ હતું.

પૂ. આચાર્ય ભગવંત મહાપદ્મસૂરીશ્વરજી મહારાજ તથા અંદાજે ૪૦ થી ૫૦ સાધુ-સાધ્વીજીઓનું સ્નેહભર્યું સાન્નિધ્ય સાંપડેલ અને અંદાજે ૪૫૦ શ્રાવક-શ્રાવિકાઓ આ સંઘયાત્રામાં જોડાયા હતાં. તા. ૧૩ જાન્યુઆરી ૨૦૧૪ વહેલી સવારથી પૂજા, વિધિ-વિધાન, ભક્તામર સ્તોત્ર પઠન, ગુરુવંદન, માંગલિક પછી પૂ.ભાઈશ્રી નલિનભાઈ કોઠારીએ લીલી ધજા ફરકાવતાં પદયાત્રાની શુભ શરૂઆત થઈ. કુલ નવ સ્થળોએ પડાવ નાખતાં નાખતાં દશમે દિવસે સંઘ શ્રી શંખેશ્વર મહાતીર્થ પહોંચ્યો. તા. ૨૩ જાન્યુઆરીના અગિયારમે દિવસે સંઘમાળનો પ્રોગ્રામ ખૂબ જ ભક્તિ તથા ઉલ્લાસપૂર્વક સંપન્ન થયો. બ્ર. લલિતાબેનનો સમગ્ર પરિવાર, પૂ.બાપુજીની પૌત્રી ચિ. ડિમ્પલ તથા થોડા મુમુક્ષુઓ આ પદયાત્રા સંઘમાં જોડાયાં હતાં.

પૂ. ભાઈશ્રી, બ્ર. વિક્રમભાઈ, બ્ર. કરશનભાઈ વગેરે શરૂઆતમાં ૫ થી ૬ કિ.મી. ચાલ્યા હતાં. પછી પ્રથમ પડાવ ઓગણજ પહોંચી ત્યાંના જિનાલયમાં દર્શન કર્યા. □

વિકલાંગ સાધન સહાય કેમ્પ - રાધનપુર

શ્રી રાજ-સોભાગ આશ્રમ દ્વારા ચાલતા આશીર્વાદ વિકલાંગ કેન્દ્ર દ્વારા આ વર્ષનો મેગા સાધન સહાય કેમ્પ ઉત્તર ગુજરાતના રાધનપુર ગામમાં તા. ૬-૨-૧૪ના રાખવામાં આવેલ. આ વર્ષના આ કેમ્પના ત્રણ દાતાશ્રીઓ હતાં. (૧) શ્રી વજુભાઈ પાણખાણીયા-લંડન કે જેઓ વી. પાણખાણીયા ફાઉન્ડેશનના પ્રમુખ છે. (૨) સ્વ. બાબુભાઈ તથા કસુંબાબેન અને સ્વ. બળવંતભાઈ તથા વસંતભાઈ પોપટના સ્મરણાર્થે લંડન નિવાસી મંજુબેન, લક્ષ્મીબેન પોપટ તથા શિવાની અને શ્યામ મશરાણી (૩) શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ.

આ કેમ્પને સફળ બનાવવા માટે અંધજન મંડળ વસ્ત્રાપુર, અમદાવાદ તથા ભુજ અને શ્રી ભણસાલી ટ્રસ્ટ રાધનપુરની સહાય સાંપડેલ. રાધનપુરના ભણસાલી ટ્રસ્ટના પરિસરમાં આ કેમ્પ રાખવામાં આવેલ.

કુલ ૫૦૪ વિકલાંગોને દશ પ્રકારના સાધનોની સહાય કરવામાં આવેલ.

શરૂઆતમાં પૂ. ભાઈશ્રીના સાંનિધ્યમાં એક સત્સભા રાખવામાં આવેલ. જેમાં દિપ પ્રગટાવી પૂ. ભાઈશ્રી એ આ કેમ્પનું ઉદ્ઘાટન કરેલ.

આ પ્રસંગે દાતા પરિવારના સભ્યો, બ્ર. વિક્રમભાઈ તથા અન્ય બ્રહ્મનિષ્ઠો, મુમુક્ષુઓ, આમંત્રિતો સહાયક સંસ્થાના સભ્યો અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં હાજર હતાં. સાધન સહાય સાથે સાથે ભોજનની પણ સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ.

પ.પૂ.ભાઈશ્રી સાથે રૂણી આદિ તીર્થની ધર્મયાત્રા તા. ૬-૨-૧૪ અને તા. ૭-૨-૧૪

રાજ-સોભાગ આશ્રમ સંચાલિત આશીર્વાદ કેન્દ્ર દ્વારા પરદેશની વ્યક્તિઓના યોગદાનથી રાધનપુર મુકામે યોજેલ વિકલાંગ કેમ્પમાં હાજર રહેવા માટે પ.પૂ.ભાઈશ્રી અને બીજા મુમુક્ષુઓ તા. ૫મીના રોજ

સાંજે સાયલાથી શંખેશ્વર આવી પાવાપુરી જલમંદિરમાં રાત્રી રોકાણ કરેલ અને તા.૬ના રોજ સવારના શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની વાસક્ષેપ પૂજા કરેલ. અમદાવાદથી તથા મુંબઈથી આવેલ બ્ર. વિક્રમભાઈ અને મુમુક્ષુઓ બસ લઈને તા. ૬-૨-૧૪ના રોજ સવારે ૮ વાગે શંખેશ્વર આવી, શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની વાસક્ષેપ પૂજા કરી. પછી બધા મુમુક્ષુઓ, પ.પૂ.ભાઈશ્રી સાથે તથા પરદેશના મહેમાનો સૌ ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુના મંદિરે આવી દર્શન-સ્તુતિ કરેલ. ત્યાંથી રાધનપુર આવી વિકલાંગ કેમ્પમાં જઈને પ.પૂ.ભાઈશ્રીનાં આશીર્વચન પછી ભાઈશ્રી તથા મહેમાનો દ્વારા વિકલાંગોને જરૂરી સાધનોના વિતરણની શરૂઆત કરાવીને ત્યારબાદ રાધનપુરમાં જ આવેલ પાર્શ્વનાથ પ્રભુના તીર્થધામમાં જઈ દર્શન-સ્તુતિ કર્યા બાદ રૂણી તીર્થ ક્ષેત્રે સાંજે પાંચ વાગે આવી ત્યાં જ રાત્રિરોકાણ કરવાનું હોવાથી સૌને રૂમો એલોટ કરી સૌ ફ્રેશ થઈ ગયા બાદ રૂણીમાં જ આવેલ શ્રી અચ્છુપ્તા માતાના મંદિરે દર્શન કરવા પ.પૂ.ભાઈશ્રી સાથે સૌ મુમુક્ષુ ગયેલ. જમીને રૂણી તીર્થના પાર્શ્વનાથ પ્રભુના મંદિરે જઈને દર્શન-સ્તુતિ કરેલ. બ્ર.વિક્રમભાઈ અને યાશિકાએ ભક્તિપદ ગાયેલ. ત્યાંના મેનેજરે તીર્થનો ઇતિહાસ જણાવેલ અને કહેલ કે આ દેરાસરની કોઈ ને કોઈ પ્રતિમામાંથી અમીઝરણાં કાયમ ઝરતાં જ રહે છે. આજે મુનિસુવ્રત સ્વામી અને ગૌતમસ્વામીની પ્રતિમાઓમાંથી અમીઝરણાં ઝરી રહ્યાં છે. અમે સૌએ તપાસ કરી તો તેમ જ હતું. આઠ વાગે દેરાસરજીમાં આરતી-મંગલ દીવો કરી ભક્તિગીત ગાયેલ અને ગોડીજી પાર્શ્વનાથ પ્રભુના પગલાના દેવળમાં જઈને પણ આરતી-મંગલ દીવો કરેલ. ત્યાર બાદ ઉતારે આવીને પ.પૂ.ભાઈશ્રીએ સ્વાધ્યાય કરાવેલ. શરૂઆતમાં પાવાપુરી જલમંદિરની માહિતી આપી પછી દેવચંદ્રજી કૃત શ્રી અનંતનાથ સ્વામીનું સ્તવન **'મૂરતી હો પ્રભુ મૂરતી અનંત જિણંદ....'** બ્ર. વિક્રમભાઈએ ગાયેલ અને તેના અર્થ પ.પૂ.ભાઈશ્રીએ ખૂબજ વિસ્તારથી આપણી સાધના સાથે સમન્વય કરી સમજાવેલ. પ્રભુની મૂર્તિનાં દર્શન કરતી વખતે પ્રભુના ગુણો તથા તેમની આત્મદશાનું ચિંતન કરી પોતાની અંદર ઊતરી પોતાનો આત્મા તેમની સમાન હોવા છતાં કર્મના આવરણોને લીધે અનુભવાતો નથી. મૂર્તિના દર્શન કરતાં અંતર્મુખ વૃત્તિ કરવાથી શાંતિ લાગશે. પ્રભુની મૂર્તિ અંતર્મુખ થવાનો જ નિર્દેશ કરે છે. સાધના પણ આ પ્રમાણે જ અંતર્મુખ થવાની જ છે. આમ ભાઈશ્રીએ પ્રભુની મૂર્તિનાં દર્શન દ્વારા સાધનાનું માહાત્મ્ય બતાવ્યું. બ્ર. વિક્રમભાઈ અને યાશિકાએ ભક્તિ પદો ગાયાં તથા જ્યોત્સ્નાબેનના ભાઈએ પણ એક ભક્તિપદ ગાયેલ. બીજે દિવસે સવારે દેરાસરમાં પૂજા કરવા પ.પૂ.ભાઈશ્રીને વાજતે ગાજતે લઈ જઈ ભાઈશ્રી જોડે જ સૌએ પૂજા કરેલ અને સમૂહમાં ચૈત્યવંદન કરેલ. ગોડી પાર્શ્વનાથ પ્રભુના પગલાના દેવળમાં જઈને દર્શન-સ્તુતિ કરેલ. ત્યાર બાદ ધર્મશાળામાં આવીને પ.પૂ.ભાઈશ્રીએ 'નિશ્ચય બળ' વિષય ઉપર સ્વાધ્યાય કરાવેલ. આધ્યાત્મિક માર્ગે આગળ પ્રગતિ કરી આત્માની ઓળખાણ કરવી હોય તો નિશ્ચય બળ ખૂબ જ બળવાન બનાવવું જોઈએ. નિશ્ચયબળ બળવાન હશે તો જ પુરુષાર્થમાં તીવ્રતા આવશે અને પ્રગતિ પણ થશે. સામાન્ય જીવનમાં પણ નિશ્ચયબળથી ધારેલું કામ સફળતાપૂર્વક કરી શકાય છે. આ માટે ભાઈશ્રીએ મહાત્મા ગાંધીજીના જીવનના દાખલા આપેલ. ગાંધીજીએ નિશ્ચયબળના જોરે જ દેશને સ્વતંત્રતા અપાવી હતી. આમ નિશ્ચયબળ બળવાન કરવાની અગત્યતા બતાવી. આ સ્વાધ્યાયથી સૌ મુમુક્ષુઓ ખૂબ જ પ્રભાવિત થયેલ.

પછી અમદાવાદના મુમુક્ષુઓએ પ.પૂ.ભાઈશ્રીનું સુતરની આંટી પહેરાવી અભિવાદન કરેલ. તથા બધા બ્રહ્મનિષ્ઠોનું પણ અભિવાદન કરેલ. ત્યાર બાદ રૂણી તીર્થથી નીકળીને ભીલડિયા પાર્શ્વનાથના તીર્થધામે આવ્યા અને ભીલડિયા પાર્શ્વનાથ પ્રભુની સુંદર મૂર્તિ

સમક્ષ દર્શન અને સ્તુતિ કરેલ. ત્યાંથી નીકળી નવા જ થયેલા જગાણા પાર્શ્વનાથ તીર્થ આવ્યા. ત્યાં દેરાસરજીમાં જઈને પાર્શ્વનાથ પ્રભુનાં દર્શન અને સ્તુતિ કરેલ. ત્યાંથી મહેસાણા શ્રી સીમંધર સ્વામીના તીર્થસ્થાને આવી શ્રી સીમંધર સ્વામીનાં દર્શન-સ્તુતિ કરેલ. જે મુમુક્ષુઓ પ.પૂ.ભાઈશ્રી જોડે સાયલા જવાના હતા તેઓ સાયલા ગયા અને મુંબઈ તથા અમદાવાદ જવાવાળા મુમુક્ષુઓ બ્ર. વિક્રમભાઈ જોડે અમદાવાદ ગયા.

પ.પૂ.ભાઈશ્રીની નિશ્રામાં યોજાયેલ આ ધર્મયાત્રાને કારણે મુમુક્ષુ ગણના હૃદયમાં પવિત્રતા અને આનંદનો અનુભવ કરતા સ્વસ્થાને પહોંચેલ હતા. અવિસ્મરણીય એવી આ ધર્મયાત્રા યાદગાર બની રહે એ સ્વાભાવિક છે.

—૦—૦—

પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજના 'શ્રી આત્મસિદ્ધિ પ્રવચનમાળા (ભાગ-૩)' ગ્રંથનું વિમોચન

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-કોબામાં પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજના 'શ્રી આત્મસિદ્ધિ પ્રવચનમાળા ભાગ-૩' ગ્રંથનું વિમોચન સ્વામીશ્રી તદ્રૂપાનંદજીના વરદ હસ્તે થયું. આ ગ્રંથની પ્રસ્તાવના પૂજ્યશ્રી આત્માનંદજીએ લખેલ છે. આ પ્રસંગે પૂ. આત્માનંદજી, પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજ, પૂજ્ય ભાઈશ્રી નલિનભાઈ, સ્વામીશ્રી નિજાનંદજી, પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈ, પંડિતશ્રી ધીરજલાલ મહેતા વગેરેની ઉપસ્થિતિમાં ઉલ્લાસભેર વાતાવરણ રચાયું. આ પ્રસંગે શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પૂ.શ્રી સૌભાગભાઈ, પૂ.શ્રી અંબાલાલભાઈ, પૂ.શ્રી જૂઠાભાઈના ચિત્રપટોની અનાવરણવિધિ પૂ.ભાઈશ્રી નલિનભાઈના વરદ હસ્તે કરવામાં આવી.

મનન આશ્રમના સ્વામીશ્રી તદ્રૂપાનંદજીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું કે, 'પૂજ્ય ભાનુવિજયજી મહારાજ ગચ્છ-મતને નહિ પણ સત્યને અનુસરે છે. પરમકૃપાળુદેવે ૧૪૨ પાંખડીઓવાળું શ્રી આત્મસિદ્ધિરૂપી કમળ સમાજને અર્પણ કર્યું. તેની પવન બનીને પૂજ્ય ભાનુવિજયજીએ સમાજમાં મહેક પ્રસરાવી. ભાનુવિજયજી મહારાજશ્રીની વાણીમાં હૃદયની અનુભૂતિ અને મનનું મંથન છે. સત્સંગ અને સત્પુરુષનો આશ્રય છોડશો નહીં. આત્મરૂપી દીપક પ્રગટાવવામાં સત્પુરુષ ચિનગારીનું કાર્ય કરે છે.'

આ પ્રસંગે પૂજ્ય ભાઈશ્રીએ ઉદ્બોધન કરતાં જણાવ્યું કે 'શોકમાં મગ્ન વ્યક્તિને આત્મસિદ્ધિના શ્રવણમાત્રથી શાંતિ મળે છે. જો તેને સમજીને જીવનમાં અમલમાં મૂકે તો વિશેષ શાંતિનો અનુભવ થાય. પૂજ્ય ભાનુવિજયજી મહારાજનાં કુલ ૧૧૮ પ્રવચનોના ભાગરૂપ પ્રથમ બે ગ્રંથનો જેમ જેમ અભ્યાસ કર્યો તેમ તેમ તેઓ પ્રત્યે અંતરનો પ્રેમભાવ વધતો ગયો અને તે ગ્રંથનો ત્રીજો ભાગ ક્યારે પ્રગટ થાય તેની ઈંતેજારી વધતી ગઈ. આ ગ્રંથના અધ્યયન દ્વારા તેની ગહેરાઈ સુધી પહોંચવા આપણે સૌ પ્રયત્ન કરીએ.'

ત્યાર બાદ પદ્મશ્રી ડૉ. કુમારપાળભાઈએ જણાવ્યું કે 'ગ્રંથનું પ્રાગટ્ય પ્રજાની ચેતનામાં સંસ્કૃતિનું જાગરણ પેદા કરે છે. પૂજ્ય ભાનુવિજયજી મહારાજનો આ ગ્રંથ માત્ર ગ્રંથ નહીં પણ પંથ છે.'

પૂજ્યશ્રી ભાનુવિજયજી મહારાજે જણાવ્યું કે 'આ સભા નથી પણ અધ્યાત્મજ્ઞાનના રસિકોની મહેફિલ છે. અધ્યાત્મરસનો પ્યાલો જેણે એક વાર પીધો હોય તેનું જીવન બદલાઈ જાય છે. શાસ્ત્રજ્ઞાન, ચિંતનજ્ઞાન અને અનુભવજ્ઞાન એ ત્રણેય જુદાં છે. માત્ર શાસ્ત્રો વાંચવાથી મોક્ષ નહિ થાય, પણ તેમાં કહેલી વાતોનો જીવનમાં પ્રયોગ કરવો પડશે. જે દિવસે તમે

તમને મળશો તે દિવસ તમારા માટે જીવનનો સૌથી શ્રેષ્ઠ દિવસ છે. શ્રી આત્મસિદ્ધિમાં બધાં શાસ્ત્રોનો સાર છે. **દુરાગ્રહ-કદાગ્રહ-આગ્રહ વિના કેમ જીવવું તે વાત કૃપાળુદેવે શિખવાડી છે. જેને મળવું છે તે નિકટમાં નિકટ છે છતાં ત્યાં પહોંચવું વિકટમાં વિકટ છે.'**

છેલ્લે સર્વમંગલમ આશ્રમ, સાગોડિયાના ટ્રસ્ટી શ્રી જગદીશભાઈએ ગ્રંથવિષયક માહિતી આપી, આભારવિધિ કોબા આશ્રમના પ્રમુખશ્રી નીતિનભાઈ પારેખે કરી.

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર - રાજકોટ

રજત જયંતિ વર્ષ ઉત્સવ - સમાપન તા. ૨૬ થી ૨૮ જાન્યુ- ૨૦૧૪ ત્રણ દિવસના આ મહોત્સવમાં પૂ.ભાઈશ્રીએ તા. ૨૮ના પ્રોગ્રામમાં હાજરી આપી હતી. સવારે ૯-૦૦ વાગે પહેલા માળના હૉલમાં પ.કૃ. દેવના ત્રણ જૂના ચિત્રપટને બદલી અને નવા ચિત્રપટની સ્થાપના વિધિસર કરવામાં આવી. આ પછી ૧૦થી ૧૨ વાગ્યા સુધી સત્સભા રાખવામાં આવેલ. આ સભામાં જ્ઞાનમંદિરનો ૨૫ વર્ષનો ઇતિહાસ રજૂ કરવામાં આવેલ. વયોવૃદ્ધ સ્વાધ્યાયકાર પૂ. મગનબાપા (૨) શ્રી જયંતિભાઈ ભીમાણી તથા (૩) ઇન્ટીરિયર ડેકોરેટર્સનું બહુમાન કરવામાં આવ્યું. જ્ઞાનમંદિરની વેબસાઈટ લોંચ કરવામાં આવી. ૨૦-૨૦ મિનિટના ત્રણ સ્વાધ્યાય રાખવામાં આવેલ.

પૂ.ભાઈશ્રીએ પ.કૃ. દેવના સાત પત્રોમાંથી જગતના અજ્ઞાની તથા દુઃખી જીવો પ્રત્યેની તેમની કરુણા જણાવી અને રાજકોટ જ્ઞાનમંદિર ૨૫ વર્ષથી વધુ સમયથી તેમના સાહિત્યનો પ્રચાર કરી રહેલ છે તેમ જણાવી બધાને અભિનંદન આપ્યા.

બ્ર. મિનળબેન, બ્ર.વિક્રમભાઈ, બ્ર. વિનુભાઈ, બ્ર. ભૂપતભાઈ મળીને કુલ ૨૭ જણાએ આ પ્રોગ્રામમાં હાજરી આપી હતી.

—o—o—

સંસ્થાની વિધ વિધ જનહિતની પ્રવૃત્તિ માટે પ્રાપ્ત થયેલું અનુમોદનીય દાન

લંડન સ્થિત શેઠશ્રી અનિલભાઈ જયંતિલાલ દોશી તથા તેમનાં ધર્મપત્ની અલકાબેન અને પરિવારજનોએ તેમનાં માતુશ્રી શાંતાબેન તથા પિતાશ્રી જયંતિલાલ વિઠ્ઠલજી દોશીની પુણ્યસ્મૃતિમાં રૂપિયા દશ લાખ ચાલીસ હજારનું દાન સંસ્થા દ્વારા ચાલતી વિધ વિધ પ્રવૃત્તિ માટે આપેલ છે. તેની વિગત નીચે મુજબ છે :

(૧) વિકલાંગો માટે સાધન સહાય કેમ્પ : આ કેમ્પ સુરેન્દ્રનગરમાં ઉપાસના વિકલાંગ કેન્દ્રમાં તા. ૧૫-૧-૨૦૧૪ના રાખવામાં આવેલ. કુલ ૬૧ લાભાર્થીઓને ૨૭ ટ્રાયસિકલ, ૨૪ Hearing Aids અને ૧૦ Cruches નું વિતરણ કરવામાં આવેલ.

આ પ્રસંગે રાખેલ સભામાં પૂ.ભાઈશ્રીએ દીપ પ્રગટાવીને શુભ શરૂઆત કરાવેલ હતી.

(૨) નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞ : તા. ૧૬-૧-૨૦૧૪ના આંખની હૉસ્પિટલમાં દાતા પરિવાર તથા પૂ.ભાઈશ્રી, બ્રહ્મનિષ્ઠો, મુમુક્ષુઓ, આંખ અને દાંતના ડૉક્ટરો, સ્ટાફ મેમ્બરો અને દરદીઓની હાજરીમાં પૂ.ભાઈશ્રીએ દીપ પ્રગટાવી બન્ને યજ્ઞનું ઉદ્ઘાટન કરેલ હતું.

દાતા તરફથી આંખનાં કુલ ૧૧૦ ઓપરેશન કરવામાં આવ્યાં અને દંતયજ્ઞમાં કુલ ૮૭ દાંતના દરદીઓની સારવાર તથા નિદાન કરવામાં આવેલ હતું.

(૩) ફ્રી નિદાન કેમ્પ (સર્વરોગ) તથા અતિરાહત દરે ઓપરેશન કેમ્પ :

સંસ્થા દ્વારા ચાલતા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં દાતા પરિવાર તથા રોટરી કલબ ઓફ રાજકોટ મિડટાઉનના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. તા.૧૯-૧-૨૦૧૪ના રાજકોટથી ૧૩ નામાંકિત નિષ્ણાત ડૉક્ટરની ટીમ આવેલ હતી. આ ટીમમાં પ્લાસ્ટિક સર્જન, ફિઝિશિયન, જનરલ સર્જન,

ડાયાબીટીસના ડૉક્ટરો, હાડકાના રોગના નિષ્ણાત, ઈ.એન.ટી. સર્જન, સ્ત્રીરોગના નિષ્ણાત તથા સ્કીન સ્પેશિયાલિસ્ટ હતાં. સવારે ૯-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી ચાલેલ આ કેમ્પમાં ૪૦૩ દર્દીઓએ પોતાના દર્દનું નિદાન કરાવ્યું હતું અને આમાંથી ૩૧ દર્દીઓનાં ઓપરેશન કરાવવાનું નક્કી થયેલ. આ ઓપરેશન રાજકોટની હૉસ્પિટલમાં કરવામાં આવેલ.

આ કેમ્પ વખતે ૯ દર્દીઓને Hearing Aids Machine ફીટ કરી દેવામાં આવેલ. આ પ્રસંગે પૂ.ભાઈશ્રી, દાતા પરિવારના સભ્યો, મુમુક્ષુઓ, રોટરી કલબના પદાધિકારીઓ તથા સભ્યો ઉપસ્થિત રહેલ.

(૪) દાતા પરિવારે આશ્રમ દ્વારા ચાલતી એલ.એમ. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ, કૉલેજ અને 'પ્રેમની પરબ અભિયાન' ની મુલાકાત લઈ શિક્ષણ પ્રવૃત્તિ માટે સારી એવી રકમનું દાન આપેલ છે.

(૫) એક મહિનાનો અનાજ વિતરણનો ખર્ચ પણ દાતા પરિવાર તરફથી મળેલ છે.

અલકાબેન તથા અનિલભાઈ દોશી પાંચથી સાત દિવસ આશ્રમમાં જ રહ્યાં અને આશ્રમની બધી જ પ્રવૃત્તિઓ જોઈ.

સંસ્થા દાતા પરિવારનો આભાર માને છે અને આટલા સુંદર યોગદાન બદલ ધન્યવાદ આપે છે.

નેત્રયજ્ઞ

તા.૩-૨-૨૦૧૪ના લંડન સ્થિત શ્રીમતી નીતાબેન તથા ડૉ. ભૂપેન્દ્રભાઈ મહેતા, છાયાબેન તથા કિરણભાઈ મહેતા, ભાવનાબેન તથા મયુરભાઈ મહેતા તરફથી સ્વ. કંચનબેન તથા વનેચંદ લવજી મહેતાની પુણ્યસ્મૃતિમાં નેત્રયજ્ઞ રાખવામાં આવેલ.

કુલ ૧૦૦ આંખનાં ઓપરેશન આ પરિવારના યોગદાનથી કરવામાં આવેલ.

નેત્રયજ્ઞનું ઉદ્‌ઘાટન પૂ.ભાઈશ્રીએ દીપ પ્રગટાવીને કર્યું હતું. આ પ્રસંગે દાતા પરિવારનાં નીતાબેન, ડૉ. ભૂપેન્દ્રભાઈ, મંજુબેન પોપટ, લક્ષ્મીબેન પોપટ તથા ગીતાબેન પોપટ ખાસ હાજર રહ્યાં હતાં. આશ્રમમાંથી બ્રહ્મનિષ્ઠો, મુમુક્ષુઓ, આંખની હૉસ્પિટલના ડૉક્ટરો તથા સ્ટાફના સભ્યો તથા ઘણી મોટી સંખ્યામાં આંખના દરદીઓ હાજર હતાં.

નેત્રયજ્ઞ

તા. ૪-૨-૨૦૧૪ના વી.ફાઉન્ડેશન લંડન તરફથી નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવેલ. આ પ્રસંગે વી. ફાઉન્ડેશનના પ્રમુખશ્રી વજુભાઈ પાણખાણીયા તથા જ્યોતિબેન ખાસ લંડનથી પધાર્યા હતાં. તેમની સાથે જમનભાઈ તથા જ્યોતિબેન જમનભાઈ પણ આવેલ હતાં. પૂ. ભાઈશ્રીની ઉપસ્થિતિમાં દીપ પ્રગટાવીને નેત્રયજ્ઞનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. આ પ્રસંગે આશ્રમના મુમુક્ષુઓ, બ્રહ્મનિષ્ઠો, આંખની હૉસ્પિટલના ડૉક્ટરો, સ્ટાફ મેમ્બરો તથા આંખના દરદીઓ ઉપસ્થિત રહેલ. વી. ફાઉન્ડેશનના યોગદાનથી કુલ ૧૦૦ આંખનાં ઓપરેશન કરવામાં આવેલ.

દંતયજ્ઞ

તા.૧૧-૨-૨૦૧૪ના શ્રી ચંદ્રકાન્ત રાયશી હસ્તે રૂપલબેન શાહ (લંડન)ના સૌજન્યથી દાંતની હૉસ્પિટલમાં દંતયજ્ઞ રાખવામાં આવેલ. બ્ર. કરશનભાઈ પટેલ તથા અરુણભાઈ દોશીના શુભ હસ્તે દીપ પ્રગટાવીને દંતયજ્ઞનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશ્રમના મુમુક્ષુઓ તથા ડૉ. શર્મા અને હૉસ્પિટલના કર્મચારીઓ હાજર હતાં. આ દંતયજ્ઞમાં કુલ ૬૪ દાંતના દર્દીઓનું નિદાન તથા માવજત કરવામાં આવેલ હતી.

નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞ

નેત્રયજ્ઞ : માર્ચ મહિનામાં સ્વ. જશોદાબેન પ્રભુલાલ શાહના આત્મશ્રેયાર્થે પ્રભુલાલ જીવરાજ શાહ બર્મિંગહામ, ઇંગલેન્ડ તરફથી આંખનાં ૮૪ ઓપરેશન

કરવા માટેનું યોગદાન મળેલ છે.

દંતયજ્ઞ : શ્રી ગિરધરલાલ મનસુખલાલ મહેતાના સ્મરણાર્થે પુષ્પાબેન મહેતા, ડોલરરાય અને જ્યોત્સનાબેન મહેતા - લંડન તરફથી સહાય મળેલ છે. તેમના પરિવાર તરફથી શ્રી નયનાબેન મહેતા તથા પુષ્પાબેન મહેતાની હાજરી હતી. દંતયજ્ઞનો લાભ ઘણાં દાંતનાં દર્દીઓએ લીધો છે. પૂ. ભાઈશ્રીના શુભ હસ્તે આ બન્ને યજ્ઞોનું ઉદ્‌ઘાટન તા.૨૭-૩-૨૦૧૪ના સવારે કરવામાં આવેલ.

આ પ્રસંગે ડૉક્ટરો, સ્ટાફના સભ્યો, મુમુક્ષુઓ અને દર્દીઓની હાજરી હતી.

સિલાઈ મશીનનું વિતરણ

સમાજની વચ્ચે રહેતી બહેનોને પગભર બનાવવા સિલાઈ તથા ભરતકામના વર્ગો ઘણાં વર્ષોથી સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે અને ટ્રેનિંગ લીધા પછી તે બહેનોને સિવવાના સંચાની જરૂરત હોય તો તે પણ આપવા પ્રયત્ન કરીએ છીએ.

બોરીવલી-મુંબઈ રહેતાં મુમુક્ષુ વિમળાબેન કાંતિલાલ શાહ(ચશ્માવાળા)એ બે સિલાઈ મશીન આપવાની ભાવના વ્યક્ત કરતાં તા. ૧૦-૩-૧૪ના રોજ બે જરૂરિયાતવાળી બહેનોને સિલાઈ મશીન પૂ. ભાઈશ્રીની હાજરીમાં આપવામાં આવ્યાં. આ પ્રસંગે ઘણાબધા મુમુક્ષુઓની હાજરી હતી.

આ ઉપરાંત કલકત્તાનાં મુમુક્ષુ જશવંતીબહેન તરફથી પણ તા. ૩૧-૩-૨૦૧૪ના એક સિલાઈ મશીનનું વિતરણ કરવામાં આવેલ છે.

ક્ષમતા કેન્દ્ર, લીંબડી

તા. ૧૦-૨-૨૦૧૪ ના રોજ પ.પૂ.ભાઈશ્રી, શ્રી અરુણભાઈ દોશી, શ્રી વિનાયકભાઈ શાહ, શ્રી અનુભાઈ ઘેલાણી તેમજ શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ, સાયલાથી મુમુક્ષુઓ ક્ષમતા કેન્દ્ર, લીંબડીમાં પધાર્યા. સૌ પ્રથમ પધારેલ સર્વેએ સેન્ટરનાં બાળકોની પ્રવૃત્તિઓ નિહાળી. ત્યાર બાદ પ.પૂ.ભાઈશ્રીએ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની પૂજન વિધિ કરી. પ.પૂ.ભાઈશ્રી તથા પધારેલ મુમુક્ષુઓ શુભ હસ્તે પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિનું સ્થાપન કર્યું. પ.પૂ.ભાઈશ્રીએ બાળકો તથા સ્ટાફને આશીર્વચન પાઠવ્યાં.

સવા ભોજનાલય-યાત્રિકભવન સુરેન્દ્રનગરમાં ઉદ્‌ઘાટન

સ્થા. જૈન સમાજ (પૂર્વ વિભાગ) તથા સવિતાબેન વાડીલાલ શાહ પરિવારના શ્રી દિલીપભાઈ તથા દિનેશભાઈ તરફથી અદ્યતન સુવિધા સાથે આ ભવનનું નવનિર્માણ કરવામાં આવ્યું. આ વિસ્તારમાં રહેતા કે પ્રવાસી સાધર્મિક ભાઈઓ-બહેનો માટે રહેવા તથા જમવાની સગવડ માટે, સાધુ-સાધ્વીજીઓને ગોચરી-પાણીની સુવિધા અર્થે આ બનાવવામાં આવ્યું છે.

તા. ૨૩ માર્ચ ૨૦૧૪ના દાતા પરિવારના શુભ હસ્તે આ મકાન તથા અલગ અલગ વિભાગોનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પછી પૂ.ભાઈશ્રી નલિનભાઈ કોઠારીના પ્રમુખસ્થાને એક સભા રાખવામાં આવેલ જેમાં પૂ. ભાઈશ્રી તથા દાતાઓનું બહુમાન કરવામાં આવ્યું. આ પ્રસંગે મહાનુભાવોએ પોતાનું વક્તવ્ય આપ્યું. પૂ.ભાઈશ્રીએ તેમના વક્તવ્યમાં મૈત્રી-પ્રમોદ-કરુણા અને માધ્યસ્થ ભાવના સમજાવી અને જણાવ્યું કે શ્રાવકો પોતાના જીવનમાં આ ભાવનાઓ વિકસાવશે તો કુટુંબમાં, સમાજમાં ગામ અને દેશમાં સુખ અને શાંતિ રેલાશે.

દાતા પરિવારના મોભ સ્વ. વાડીભાઈ શાહ, પૂ. બાપુજીના શિષ્ય હતા અને તેમના પુત્રો શ્રી દિલીપભાઈ તથા શ્રી દિનેશભાઈ પણ રાજ-સોભાગ આશ્રમની અવાર-નવાર મુલાકાત લેતા હોય છે.

આ પ્રસંગે મા.શ્રી બાબુભાઈ મેઘજી શાહ, શ્રી સેવંતીભાઈ શાંતિલાલ કપાસી તથા સમાજના ઘણા બધા અગ્રગણ્ય શ્રેષ્ઠિઓ, સંઘના આગેવાનો, શ્રાવકો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ પ્રેરિત
'પ્રેમની પરબ' – સાયલા
'દશાબ્દી મહોત્સવ-૨૦૧૪'

– અહેવાલ લેખન : શ્રી રમેશભાઈ આચાર્ય

કોઈ સંવેદનશીલ, માનવ પ્રેમી અને દેશભક્ત વ્યક્તિએ એકવીસમી સદીમાં કોઈ સ્વપ્ન સેવવું જોઈએ ? જો હા, તો તે સ્વપ્ન અત્યારના પર્યાવરણમાં સાકાર થાય ખરું ? તમે જો આશાવાદી હશો તો આ પ્રશ્નનો જવાબ પણ તમે હકારમાં આપશો. ભલભલા આશાવાદી માણસો પણ નિરાશાવાદી થઈ જાય અને સ્વપ્ન સેવવાના કે તેને સાકાર કરવાના પ્રયત્ન છોડી દે તેવા કટોકટીભર્યા આ સમયમાં બે વ્યક્તિઓ એવી નીકળી જેમણે સાથે રહીને સ્વપ્ન સેવ્યાં અને તેને સાકાર પણ કર્યા.

હું શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ, સાયલાના પરમ પૂ.ભાઈશ્રી નલિનભાઈ કોઠારી અને શ્રી ચન્દ્રકાન્તભાઈ વ્યાસની વાત કરી રહ્યો છું. માંડીને વાત કરું તો ૨૦૦૧માં ગુજરાતમાં ભયંકર ભૂકંપ આવ્યો. તેની અસર કચ્છ અને સુરેન્દ્રનગર જિલ્લામાં વિશેષ થઈ. અનેક ઈમારતો અને શાળાઓ જમીનદોસ્ત થઈ. સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકામાં વધુ શાળાઓની ખાનાખરાબી થઈ. શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ, સાયલાના પૂ.ભાઈશ્રીએ આ શાળાઓને ફરી બેઠી કરવાનું બીડું ઝડપ્યું અને તેને સાકાર પણ કર્યું. તેમને આ શાળાઓને શિક્ષણના ક્ષેત્રમાં પણ પ્રગતિશીલ બનાવવાનો વિચાર આવ્યો. શ્રી ચન્દ્રકાન્તભાઈ વ્યાસે તે બીડું ઝડપ્યું. અને આમ એક શુભ ચોઘડિયે 'પ્રેમની પરબ' નામે બાલ વિકાસ અને શિક્ષણ સુધારણા અભિયાનનો આરંભ થયો.

જાન્યુઆરી-૨૦૦૪માં આ અભિયાનનો વિધિવત્ રીતે પ્રારંભ થયો. આ વર્ષે–૨૦૧૪ની સાલમાં આ અભિયાન શરૂ થયાને ૧૦ વર્ષ પૂર્ણ થયાં. તેનો તાજેતરમાં 'દશાબ્દી મહોત્સવ–૧૪' યોજાઈ ગયો. તા. ૨૯-૩૦/૧/૨૦૧૪ ના બે દિવસો દરમિયાન શ્રી રાજ-સોભાગ આશ્રમ-સાયલા ખાતે આ 'દશાબ્દી મહોત્સવ-૧૪'ની ઉજવણી થઈ. આ બાલ મહોત્સવમાં લગભગ ૩૬ સ્પર્ધાઓ યોજવામાં આવી. તેના વિજેતાઓને પ્રેરણા આપવામાં આવી, પ્રોત્સાહન અપાયું અને તેમને પુરસ્કૃત પણ કરવામાં આવ્યા.

સાયલા, મુળી, વઢવાણ અને ચોટીલા સહિતની ૧૨૮ પ્રા.શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધારણા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેનો આ બાલ મહોત્સવ એક જાતનો લેખાં-જોખાં લેવાનો અવસર હતો. કાર્યક્રમની શરૂઆત શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા લાવવામાં આવેલી મશાલ જ્યોત પ્રાગટ્યથી પૂ.ભાઈશ્રી તથા મહાનુભાવો દ્વારા કરવામાં આવી. આ ચેતના જ્યોત એ સુરેન્દ્રનગર જિલ્લાના શૈક્ષણિક રીતે અત્યંત પછાત એવા સાયલા તાલુકાના પછાતપણાના કલંકને ભૂસવાનો પ્રતીકરૂપ એક પ્રયત્ન હતો. આ પ્રોજેક્ટમાં ૧૨૮ શાળાના ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓ અને ૮૦૦થી વધુ શિક્ષકો જોડાયા છે. પ્રથમ દિવસે બાળકો અને શિક્ષકો દ્વારા જે સ્પર્ધાઓ રજૂ થઈ તેનું 'પતંગિયાની પાંખે'– એવું નામાભિધાન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની વક્તૃત્વ સ્પર્ધા, એકપાત્રીય અભિનય, નાટ્ય સ્પર્ધા, અભિનય ગીત સ્પર્ધા, રાસ-ગરબા-નૃત્ય સ્પર્ધા, ગીત સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, શાળાઓ દ્વારા શૈક્ષણિક અને વૈજ્ઞાનિક પ્રદર્શન વગેરે યોજાયાં હતાં. તેની સાથે જ સ્ટેજ સિવાયની સ્પર્ધાઓમાં શાળા અંક સ્પર્ધા, ક્રિયાત્મક સંશોધન સ્પર્ધા, પ્રોજેક્ટ કાર્ય, સ્પર્ધા સ્વરચિત કૃતિ (શિક્ષક) સ્પર્ધા અને સર્જનાત્મક કૃતિ (વિદ્યાર્થી) સ્પર્ધાઓ પણ યોજવામાં આવી હતી.

રંગોળી અને પ્રદર્શન વિભાગનું ઉદ્ઘાટન પૂ. ભાઈશ્રીના હસ્તે કરવામાં આવ્યું. ચેતના જ્યોતનું પ્રાગટ્ય પૂ. ભાઈશ્રી તથા આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેલ લીંબડી-સાયલા વિસ્તારના ધારાસભ્ય શ્રી કિરીટસિંહજી રાણા, ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગરના

કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહ, પ્રખ્યાત ખગોળ વૈજ્ઞાનિક ડૉ. જે. જે. રાવલ, ડૉ. જિતેન્દ્રભાઈ શાહ, ડૉ. મોતીભાઈ પટેલ અને મા. શ્રી જ્યોતિબેન થાનકીના હસ્તે કરવામાં આવ્યું.

એ પહેલાં પોતાના ઉદ્‌બોધનમાં પૂ. ભાઈશ્રીએ પ્રોત્સાહન અને પ્રેરણા આપતાં જણાવ્યું કે 'પ્રેમની પરબ' ના આ પ્રોજેક્ટથી શિક્ષણની ગુણવત્તા સુધરી છે અને વિદ્યાર્થીઓ પણ પ્રગતિ કરી શક્યાં છે. ચિલ્ડ્રન યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે જણાવ્યું કે 'પ્રેમની પરબ'નું આ શિક્ષણ સુધારણા અભિયાન અને ચિલ્ડ્રન યુનિવર્સિટીનું કાર્યક્ષેત્ર ઘણી બાબતમાં એક સરખું છે. તેથી આપણે એક બીજાના સહકારમાં રહી કાર્ય કરીએ તો ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ઘણું મૂલ્યવાન કાર્ય થઈ શકે. ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગરના સલાહકાર શ્રી જ્યોતિબેન થાનકીએ પણ વિદ્યાર્થીઓમાં રહેલી અગાધ અને અમાપ શક્તિ વિશે વાત કરી અમેરિકાના વર્તમાન પ્રમુખ શ્રી બરાક ઓબામાના વિદ્યાર્થીકાળનો એક પ્રસંગ ટાંકી વિદ્યાર્થીઓ અને શિક્ષકોને પ્રેરણા આપી. ડૉ. જે. જે રાવલ, ડૉ. જિતેન્દ્રભાઈ શાહ અને ડૉ. મોતીભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક અને પ્રોત્સાહક વાતો કરી. તેમની શક્તિઓ અને તેમનાં કાર્યોને બિરદાવ્યાં હતાં. એ પહેલાં શ્રી કિરીટસિંહજી રાણાએ શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળના આ કાર્યક્રમમાં પોતે હાજર રહી શક્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો અને હવે પછી પણ તેઓ આ શિક્ષણ સુધારણા અભિયાનમાં આશ્રમની સાથે જ છે તેવો સધિયારો આપ્યો હતો.

ઉદ્‌ઘાટન સમારંભ બાદ આગળ દર્શાવેલ વિવિધ સ્પર્ધાઓનો પ્રારંભ થયો. શ્રી રમેશભાઈ આચાર્યના સંયોજકપદે રચાયેલી નિર્ણાયકોની ટીમે મોડી રાત સુધી આ સ્પર્ધાઓ નિહાળી હતી અને તેનું મૂલ્યાંકન કર્યું હતું. રાત્રીની સ્પર્ધામાં પૂ. એલ.એમ. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ અને કૉલેજની વિદ્યાર્થિનીઓએ રાસ-ગરબા-નૃત્ય રજૂ કરી રાત્રીના કાર્યક્રમોની ગુણવત્તાને ચાર ચાંદ લગાવી દીધા હતા.

બીજે દિવસે તા. ૩૦/૦૧/૨૦૧૪ ને ગુરુવારે પૂજ્ય મહાત્મા ગાંધીનો નિર્વાણ દિવસ હોવાથી કાર્યક્રમની શરૂઆતમાં 'મોહન બન્યા મહાન' નામે નૃત્ય નાટિકા રજૂ કરવામાં આવી હતી. આ નૃત્યનાટિકાનું લેખન અને નિર્માણ ડૉ. નરેન્દ્રભાઈ રાવલે અને દિગ્દર્શન શ્રી હરેશ દવેએ કર્યું હતું. નૃત્યનાટિકાના સમય દરમિયાન અને તે પૂર્ણ થઈ ત્યારે આબાલ-વૃદ્ધ સૌ ભાવવિભોર થઈ ગયા હતા. આ યુગના અને આપણા મહાપુરુષ મહાત્મા ગાંધીજીને યોગ્ય અંજલિ આ રીતે અને આ નિમિત્તે આપવામાં આવી.

સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝાએ તેમનું પ્રેરક પ્રવચન આપતાં જણાવ્યું કે માનવ જીવનમાં ચાર પીઠ ખૂબ જ મહત્ત્વની છે– પ્રથમ માતાની કૂખ, દ્વિતીય પિતાનું કુળ, તૃતીય ગુરુકુળ અને ચોથું ધાર્મિક આશ્રમ. જો આપણે આ ચાર આશ્રમોનું યોગ્ય રીતે જતન કરીએ અને તે આશ્રમ યોગ્ય રીતે તેમની ફરજ બજાવે તો પછી ભારતની સંસ્કૃતિ અને ભારત દેશને કોઈ પણ પ્રકારનો આંતરિક કે બાહ્ય ખતરો નથી. તેમણે જગત્‌ગુરુ કરતાં પણ શિક્ષકનું મૂલ્ય વધુ હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે ક્યાંય નોકરી ન મળે એટલે શિક્ષકની નોકરી સ્વીકારી લેવી એવું ન હોવું જોઈએ. ભલે શિક્ષક આજીવિકા માટે આ નોકરી સ્વીકારે પણ તેની નોકરી બીજી નોકરી કરતાં જુદી પડે છે. તે વિદ્યાર્થીને જેવો ઘડશે તેવો આપણો દેશ બનશે. સૈનિક સરહદ પર લડે છે ત્યારે શિક્ષક હદની અંદર રહીને અજ્ઞાન અને અંધકાર સામે લડીને વિદ્યાર્થીઓને પ્રકાશ તરફ દોરી જાય છે. શ્રી રમેશભાઈ ઓઝાનું વક્તવ્ય એટલું બધું ગુણવત્તા સભર અને વિદ્વત્તાસભર હતું કે જ્યારે તેમનું પ્રવચન પૂર્ણ થયું ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના દીક્ષાંત સમારંભનું પ્રવચન સાંભળ્યું હોય તેવી લાગણી અનુભવી હતી.

અન્ય મહાનુભાવોના પ્રાસંગિક પ્રવચનો પછી ગૌરવ સમારોહમાં વિજેતાઓના સન્માન સમારંભની શરૂઆત કરવામાં આવી. છેલ્લાં ૧૦ વર્ષથી 'પ્રેમની પરબ'ના પ્રોજેક્ટ ડાયરેકટર પદે રહી આ અભિયાનને સફળતાના શિખરે પહોંચાડનાર શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસનું 'પ્રેમની પરબ'ના પ્રતીકના શિલ્પથી પૂ.ભાઈશ્રી અને ભાગવતાચાર્ય શ્રી રમેશભાઈ ઓઝાના હસ્તે સન્માન કરવામાં આવ્યું. તે સમયે શ્રી વિક્રમભાઈ શાહે શ્રી ચંદ્રકાન્તભાઈ વ્યાસની કામગીરીને બિરદાવી. ત્યાર પછી વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને સન્માન પત્ર, મોમેન્ટો અને રોકડ પુરસ્કારથી સન્માનવામાં આવ્યાં. તેમાં તાલુકાની શ્રેષ્ઠ શાળા તરીકે શ્રી રાજ-સોભાગ પ્રા.શાળા-ચોરવીરા (થાન), શ્રેષ્ઠ શિક્ષક તરીકે પૂ.એલ.એમ.વોરા પ્રા. શાળા નં.૪ સાયલાના શ્રી પ્રવીણભાઈ મકવાણા, શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે શ્રી નાનચંદ્રજી સ્મારક પ્રા. શાળા નં.૧ સાયલાના આનંદ પંકજકુમાર મહેતા અને શ્રેષ્ઠ વિદ્યાર્થિની તરીકે શ્રી રાજ-સોભાગ પ્રા.શાળા ભાડુકાની કુમારી છાયાબેન હરજીભાઈ ચૌહાણને સન્માનવામાં આવ્યાં. આ સ્પર્ધાના નિર્ણાયકશ્રીઓ અને તેમના સંયોજકને પણ આશ્રમના ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ અને મુમુક્ષુઓ દ્વારા મોમેન્ટો આપી સન્માનવામાં આવ્યાં.

બ્ર.નિ. શ્રીમતી મિનળબેન શાહે પણ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવામાં તેમનું યોગદાન આપ્યું. શ્રી હિતેષ ઠાકર, શ્રી તૃપ્તિબા ઝાલા અને શ્રી રામ ઠાકરે કાર્યક્રમના ઉદ્‌ઘોષક તરીકે સુંદર કામગીરી બજાવી.

ઉદ્‌ઘાટન સમારંભમાં ડૉ. મોતીભાઈ પટેલે જ્યારે શિક્ષણના સમગ્ર પર્યાવરણને આગ લાગી છે ત્યારે આ કાર્યક્રમને આગમાંથી થોડા પૂળા બચાવવાના કાર્યક્રમ તરીકે ઓળખાવેલો તે આ કાર્યક્રમને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકી આપે છે તે સ્મરણ સાથે સૌ આ કાર્યક્રમના અંતે સભર થઈ વિદાય થયાં.

પ્રેષક - ચન્દ્રકાન્તભાઈ વ્યાસ

આત્માર્થી ધીરુભાઈ અંબાણીના જન્મદિનની ઉજવણી

તા. ૧૩ માર્ચ, ગુરુવારે ઘાટકોપર જોલી જીમખાના મધ્યે આ. ધીરુકાકાના ૯૨મા વર્ષના મંગલપ્રવેશ નિમિત્તે અંબાણી પરિવારે પ.પૂ.ભાઈશ્રીની પાવનનિશ્રા તથા મુમુક્ષુગણ અને સગાસંબંધીના સથવારે, આ અવસરની ઉજવણી માટે ખૂબ જ સુંદર આત્મશ્રેયી આયોજન કરેલ. સાંજે ૬.૩૦ વાગે પ.પૂ.ભાઈશ્રીનું શાનદાર સ્વાગત કર્યું. સૌ પ્રથમ ભોજનને ન્યાય આપી કાર્યક્રમ શરૂ કર્યો. પ્રથમ કેક કટિંગ કરવામાં આવી. દીપ પ્રાગટ્ય કર્યા પછી બ્ર. દિપકભાઈએ સૌને મીઠો આવકાર આપ્યો. કુટુંબના મોભી, સત્પુરુષશોધક શાંતિદાદાના પરમોપકારને યાદ કરી સૌએ વંદન કર્યાં. પૂ. ગુરુમાની તે દિવસે દસમી પુણ્યતિથિ હોવાથી તેમની મોક્ષ શ્રેયાર્થી સાધના માટેના વિરલ પુરુષાર્થને સ્મૃતિમાં લાવી તેમને સ્મરણાંજલિ અર્પણ કરેલ. યુ.એસ.એ. સ્થિત તેમના દીકરા કિરીટભાઈ તથા જમાઈ ડૉ. રજનીભાઈએ અને હંસાબેન શેઠે તેમણે વડીલ તરીકે જે જવાબદારી નિભાવી તથા વિશાળ પરિવારને પ્રેમના એક તાંતણે બાંધી રાખ્યો છે તેની સરાહના કરી ધીરુકાકાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે જે કાંઈ ઉજવાઈ રહ્યું છે તે બધું ગુરુદેવની કૃપાનું કારણ જ છે. ઉપસ્થિત સર્વેનો આભાર માની એમણે સૌને ખમાવ્યા હતા. તેમના પૌત્ર વિશાલે તેમની જીવન ઝરમરને સંક્ષિપ્તમાં જણાવી તથા તેમની જીવનયાત્રાને ૨૦ મિનિટમાં કેમેરામાં કેદ કરી તેમની પૌત્રી કિંજલ સંઘવીએ ખૂબ ભાવવાહી P.P.T. પ્રસ્તુત કરી. પ.પૂ. ભાઈશ્રી અંબાણી કુટુંબના જમાઈ હોવાનું ગૌરવ સૌ કુટુંબીજનો અનુભવી રહ્યાં હતાં.

પૂ. ભાઈશ્રીએ ધીરુકાકાનું તથા જયાકાકીનું શાલ ઓઢાડી અને સુંદર ભેટથી સન્માન કર્યું તેમજ અંબાણી પરિવારે પણ પ.પૂ.ભાઈશ્રીને શાલ ઓઢાડી અને ખૂબજ

કલાત્મક ભેટ આપી અને અભિવાદન કર્યું. તથા યથાશક્તિ શુભ ખાતે અનુદાન આપ્યું. કાર્યક્રમ વખતે પૂ. વિક્રમભાઈએ પ્રસંગને અનુરૂપ, છૂટાં છૂટાં ઘણાં પદો મીઠા સ્વરમાં ગાયાં. બ્ર.મિનળબેને સંપૂર્ણ કાર્યક્રમનું ખૂબ જ ભાવવિભોર અને અસરકારક, સફળ સંચાલન કર્યું. પ.પૂ.ભાઈશ્રીએ સ્વાધ્યાયમાં ધીરુકાકાને લક્ષમાં રાખીને અમુક મુદ્દાઓ જણાવ્યા. લોકો પોતાની ખોવાયેલી વસ્તુ શોધી રહ્યા છે. શું શોધી રહ્યા છે તેની ખબર નથી અને ખોટી જગ્યાએ એ મેળવવા પુરુષાર્થ કરી રહ્યા છે. આમ લોકો બાહ્ય રીતે જ ધર્મ કરે છે. પ.કૃ.દેવનાં વચનોને આધારે કહ્યું કે, **ધર્મ એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. તે અંતર સંશોધન કોઈક મહાભાગ્ય સદ્‌ગુરુ અનુગ્રહે પામે છે.** જીવનના અર્કરૂપી અમૃતકુંભ મેળવી અમર થઈ જવાની વાતોથી સૌ ત્યાં પરમસત્સંગમાં સ્થિર થઈ ગયા. અંબાણી કુટુંબનો જ નહીં પરંતુ આ સૌનો ફેમિલી પ્રોગ્રામ હોય એવા ભાવો ત્યાં રજૂ થયા. સૌની આભારવિધિ કર્યા બાદ આ. ભાવનાબહેને ગુરુદેવ સમક્ષ એવા ભાવો રજૂ કર્યા કે,

હે ગુરુજી !

હવે નથી કરવો Time Waste.

જગતમાં આવ્યા છીએ બનીને Guest.

સદ્‌ગુરુદેવને બરાબર કરી લીધા છે Catch.

નશ્વર સુખનો હવે નથી કરવો Taste.

સુખદુઃખને સમભાવે કરવા છે Face.

ગુરુદેવના બતાવેલા રાહ પર ચાલવું છે Straight.

વિપરીત ઉદયનો મનમાં નથી રાખવો Stress.

સમજીને યથાર્થ પુરુષાર્થ કરવો છે Best.

ગુરુકૃપાએ શિવપુરમાં જઈને કરવો છે Rest.

—૦—૦—

ગુરુવંદના

ગુરુવંદના, ગુરુવંદના, ગુરુવંદના પ્રેમે કરું - (૨)
ગુરુપૂજના, ગુરુપૂજના, ગુરુપૂજના ભાવે કરું - (૨)

અવતાર છો સત્‌યુગના ગુરુજી, પાંચમે આરે મળ્યા,
કલિકાળમાં બની કલ્પતરુ સમ, મુમુક્ષુના હૈયે વસ્યા,
શ્રી રાજચંદ્ર સમુદાયમાં, (શ્રી) લાડસદ્‌લીન નામે રહ્યા.
એવા ગુરુજીના ચરણમાં, ભાવથી હો વંદના....

ગુરુવંદના.. પ્રેમે કરું
ગુરુપૂજના... ભાવે કરું...(૧)

જેના સ્મરણથી, જીવનનાં સંકટ બધાં દૂરે ટળે,
જેના સ્મરણથી આધિ, વ્યાધિ ને ઉપાધિ ના ટકે,
જેના સ્મરણથી મનતણાં, વાંછિત સહુ આવી મળે,
એવા ગુરુજીના ચરણમાં, ભાવથી હો વંદના....

ગુરુવંદના.. પ્રેમે કરું
ગુરુપૂજના... ભાવે કરું...(૨)

નિજ દેહમાં રહેવા છતાંયે, દેહથી ન્યારી દશા,
કાર્યો કરે જનહિતનાં, તો યે પ્રભુની ચિન્મય દશા,
વળી સર્વમાં હોવા છતાંયે, જળકમળવત્‌ અસંગ દશા,
એવા ગુરુજીના ચરણમાં, ભાવથી હો વંદના....

ગુરુવંદના.. પ્રેમે કરું
ગુરુપૂજના... ભાવે કરું...(૩)

ભમતાં મહાભવસાગરે, બહુ પુણ્યથી આપ જે મળ્યા,
બોધીબીજનાં અભયદાન દીધાં, અમે સાધના પંથે વળ્યાં,
ભાંગી ઉપાધિ ભવતણી, દુઃખ દર્દ સહુ દૂરે ટળ્યાં,
એવા ગુરુજીના ચરણમાં, ભાવથી હો વંદના....

ગુરુવંદના.. પ્રેમે કરું
ગુરુપૂજના... ભાવે કરું...(૪)

જેની પ્રત્યક્ષ હાજરીથી, રોમ રોમ પુલકિત બને,
જેની આજ્ઞા નિત્ય પાળવાથી, પરમાર્થે સમકિત ફળે,
જેની આશ્રયભક્તિથી, સમાધિમરણ સ્હેજે મળે,
એવા ગુરુજીના ચરણમાં, ભાવથી હો વંદના....

ગુરુવંદના.. પ્રેમે કરું
ગુરુપૂજના... ભાવે કરું...(૫)

એવા કૃપાળુના ચરણમાં ભાવથી હો વંદના..
એવા બાપુજીના ચરણમાં ભાવથી હો વંદના..
એવા ગુરુમાના ચરણમાં ભાવથી હો વંદના...
એવા ગુરુજીના ચરણમાં, ભાવથી હો વંદના....

ગુરુવંદના.. પ્રેમે કરું
ગુરુપૂજના... ભાવે કરું...(૬)

— પ્રેષક : ભાવના અંબાણી

—૦—૦—

પૂ. ભાઈશ્રીની ચિ. કોમલ અને ચિ. આરતીના લગ્ન પ્રસંગે ઉપસ્થિતિ

પ.પૂ. ભાઈશ્રી તા. ૧૭ ડિસે. ૨૦૧૩ના મુંબઈમાં બોટાદના શ્રી જયેશભાઈની ડેન્ટીસ્ટ દીકરી ડૉ. કોમલના લગ્નમાં અને તા. ૨૧ જાન્યુ. ૨૦૧૪ના અમદાવાદમાં શ્રી જયેશભાઈ શાહની ડેન્ટીસ્ટ દીકરી ડૉ. આરતીના લગ્નમાં આશીર્વાદ આપવા પધાર્યા હતાં. સામાન્ય રીતે લગ્ન-પ્રસંગને એક સાંસારિક પ્રસંગ સમજીને વ્યવહારમાં હાજર રહેવું જોઈએ તેમ સમજીને બધાં જતાં-આવતાં હોય છે; પરંતુ જ્ઞાની-મહાત્મા, એક આધ્યાત્મિકગુરુ સંસારી પ્રસંગમાં, તે પણ શરૂથી છેક વિધિ પૂરી થાય ત્યાં સુધી એકાગ્ર ચિત્તે હાજર રહે તે જોઈને અન્ય ઘણાં આશ્ચર્ય સાથે દર્શન કરતાં હતાં. પરંતુ જ્ઞાનીજનોની હાજરીનો હેતુ કાંઈક જુદો જ હોય છે.

જે મુમુક્ષુ સદ્‌ગુરુદેવ પ્રત્યે સમર્પિત ભાવથી પોતાની સાધના કરી રહ્યા હોય છે અને આજ્ઞા પ્રમાણે પુરુષાર્થી જીવ જ્યારે પૂર્વ ઋણાનુબંધના ઉદયે લગ્નગ્રંથીથી જોડાઈ અને સંસારમાં આગળ વધી રહ્યા હોય છે ત્યારે જ્ઞાનીપુરુષો સમયની અનુકૂળતા હોય ત્યારે અચૂક હાજર રહીને એક હિંમત અને વિશ્વાસ આપે છે કે 'તમે ઋણાનુબંધના ઉદયે લગ્નગ્રંથીથી જોડાઈ રહ્યા છો, પરંતુ તમે સંસારમાં રહ્યા છતાં આજ્ઞામાં રહીને જે મુમુક્ષુપણું પ્રગટ કર્યું છે તેને જાળવીને સાધનામાં જોડાયેલ રહેશો તો હું તમારી સાથે જ છું.' સંસારને મોહાસક્તિથી નહીં ભોગવતાં; સાધનામાં જોડાયેલ રહેશો એ જ આશીર્વાદના ભાવ સાથે જ્યારે પણ પૂ. ભાઈશ્રી કહેવાતા વ્યવહારિક પ્રસંગમાં હાજર હોય તો તેમનો આ જ સંદેશો છે.

ચિ. કોમલ અને ચિ. આરતી બંને સમર્પિત ભાવ સાથે પોતાની સાધનામાં આગળ વધતાં રહેતા હતાં અને હજુ પણ આગળ વધે તે જ પૂ. ભાઈશ્રીના આશીર્વાદ. તેઓને સંસાર ભોગવતાં પણ મોહાસક્તિથી ન ભોગવાય અને સાધનાની અનુકૂળતા થઈ રહે એ જ પૂ. ભાઈશ્રીના અંતરના આશિષ.

—૦—૦—

શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ સંચાલિત

આશીર્વાદ વિકલાંગ કેન્દ્ર - સાયલા

ક્ષમતા કેન્દ્ર - લીંબડી

ઉપાસના વિકલાંગ પુનઃવસન કેન્દ્ર -સુરેન્દ્રનગર

જાન્યુઆરીથી માર્ચ, ૨૦૧૪ : કાર્ય અહેવાલ

આશીર્વાદ, ક્ષમતા, ઉપાસના સેન્ટર અને ડેફબ્લાઈન્ડ પ્રોજેક્ટ અંતર્ગત ૧૨૪ બાળકો જુદી જુદી સેવાઓ મેળવી રહ્યાં છે.

અંધજન મંડળ વસ્ત્રાપુર, અમદાવાદના ડાયરેક્ટર શ્રી ડૉ. ભુષણ પુનાની સાહેબના ૬૦મા જન્મદિનની ઉજવણીમાં શ્રી આર.એસ. જાદવ તથા સ્ટાફ મેમ્બરોએ હાજરી આપી.

આશીર્વાદ ડે કેર સેન્ટર સાયલા, ક્ષમતા કેન્દ્ર લીંબડી અને ઉપાસના વિકલાંગ પુનર્વસન કેન્દ્ર સુરેન્દ્રનગરમાં દાતાશ્રીની ઉપસ્થિતિમાં ઉત્તરાયણ પર્વની ઉજવણી કરી.

તા. ૨૫ થી ૨૭ ફેબ્રુઆરી અંકુર મંદબુદ્ધિ બાળકોની વિશિષ્ટ શાળા ભાવનગર આયોજિત મંદબુદ્ધિ બાળકોની સ્પેશિયલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આશીર્વાદ, ક્ષમતા અને ઉપાસના સેન્ટરના ૧૨ બાળકોએ ભાગ લઈ પોતાનું આગવું કૌશલ્ય દાખવ્યું. ટુર્નામેન્ટમાં ભાગ લીધેલ બાળકોને પ.પૂ.ભાઈશ્રી, વિક્રમભાઈ તથા મુમુક્ષુઓના શુભ હસ્તે મેડલ, પ્રમાણપત્ર અને હેલ્થકિટ આપી સન્માન કર્યું.

તા : ૧૩, ૧૪/૩/૨૦૧૪ આશીર્વાદ ડે કેર સેન્ટર, સાયલા, ક્ષમતા કેન્દ્ર લીંબડી અને ઉપાસના વિકલાંગ પુનર્વસન કેન્દ્ર સુરેન્દ્રનગરનાં ૩૮ બાળકોને બહુચરાજી, મોઢેરા, મોઢેશ્વરી મંદિર, વિકલાંગ બાળકોની સંસ્થા ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ મહેસાણા, ઊંઝા, બાલારામ, ગબ્બર, અંબાજી, કોટેશ્વર મહાદેવ, ખેડબ્રહ્મા, મહુડી તેમજ વૈષ્ણવદેવી મંદિરે શૈક્ષણિક પ્રવાસે લઈ ગયા.

શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ, સાયલામાં સાધન સહાય વિતરણ કેમ્પમાં સુરેન્દ્રનગર જિલ્લા કક્ષાએ સ્પે. ઓલમ્પિકમાં જુદી જુદી રમતમાં પ્રથમ નંબરે આવેલ મંદબુદ્ધિનાં બાળકોને દાતાશ્રી હર્ષદભાઈ શુક્લ દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા.

દાતાશ્રી રાજવીબેન વોરાના આર્થિક સહયોગથી સાયલા તાલુકાનાં બે વિકલાંગ બહેનોને પ.પૂ.ભાઈશ્રી, શ્રી વિક્રમભાઈ તથા મુમુક્ષુઓ શુભ હસ્તે સિલાઈ મશીનનું વિતરણ કર્યું.

સાધન સહાય વિતરણ કેમ્પ

માનવ જ્યોત ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત 'વડીલ વંદના વૃદ્ધાશ્રમ' વડાલમાં દાતાશ્રી ગિરધરલાલ ગોવિંદજી પંચમિયા અને સ્વ. શ્રી નવીનચંદ્ર ગોવિંદજી પંચમિયા પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો. કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી મહેન્દ્રભાઈ મશરૂ, પૂર્વ મંત્રીશ્રી જશુબેન કોરાટ, પૂ. મહાસતીજી તથા શ્રી સરલાબેનના શુભ હસ્તે ૮૮ વિકલાંગ વ્યક્તિઓને જુદાં જુદાં સાધનોનું વિતરણ કર્યું.

ઉપાસના વિકલાંગ પુનર્વસન કેન્દ્ર, સુરેન્દ્રનગરમાં દાતાશ્રી શાંતાબેન તથા શ્રી જયંતીભાઈ વિઠ્ઠલજી દોશીની સ્મૃતિમાં દોશી પરિવારના આર્થિક સહયોગથી સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો. પ.પૂ.ભાઈશ્રી, દાતાશ્રી અલ્કાબેન, શ્રી અનિલભાઈ દોશી, શ્રી વિનોદીબેન, ડૉ. શ્રી જીતુભાઈ સંઘવી, ડૉ. શ્રી ગુપ્તા સાહેબ, શ્રી નરશીભાઈના શુભ હસ્તે ૬૧ વિકલાંગ વ્યક્તિઓને જુદાં જુદાં સાધનોનું વિતરણ કર્યું.

સ્ટાફ તાલીમ / મીટિંગ

સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા આયોજિત National Conference New Delhi માં શ્રી આર.એસ. જાદવ, દિપક ચૌહાણ, જલ્પા પંડ્યા તેમજ બધિરાંધ મકવાણા હંસા અને તેના વાલીએ ભાગ લીધો. તેમાં બધિરાંધ બાળકો તેમજ વ્યક્તિઓ માટે ઈન્ક્લુઝીવ એજ્યુકેશન વિષય પર તાલીમ મેળવી તેમજ શ્રી આર.એસ. જાદવે સ્વ-સહાય દ્વારા એડવોક્સી વિષય પર પેપર પ્રેઝન્ટેશન કર્યું.

તાલીમાર્થી

આરોગ્ય વિભાગ સાયલા બ્લોક દ્વારા ગ્રામ સંજીવની સમિતિ તથા ગ્રામ પંચાયતના સભ્યોના તાલુકા કક્ષાના ઓરીએન્ટેશન વર્કશોપમાં લીંબીડી/સાયલા તાલુકા ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણા સાહેબ, તાલુકા વિકાસ અધિકારી તેમજ અન્ય પદાધિકારીઓએ સંસ્થાની શુભેચ્છા મુલાકાત લીધી.

જિલ્લા માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદથી ૧૪ તાલીમાર્થીઓ તાલીમમાં આવ્યા તેમને ગ્રામ્ય કક્ષાએ માનસિક બીમારી વિષેની તાલીમ આપી તેમજ માનસિક બીમારીની જનજાગૃતિના ભાગરૂપે ચોટીલા તાલુકાના મોરસલ ગામમાં રેલી કાઢી તેમજ મોટા કાંધાસર અને પીપરાળી ગામમાં રાત્રી શૉ કર્યા.

ગાયત્રી શક્તિપીઠ વાંકાનેરથી ૫ તાલીમાર્થીઓ તાલીમમાં આવ્યા, તેમને જુદી જુદી વિકલાંગતા, બાળકોના અસેસમેન્ટ, ઈન્ટેક ફોર્મ, આઈ.ઈ.પી., સાઈન લેંગ્વેઝ, પાસપોર્ટ, સરકારી લાભો, ઓરીએન્ટેશન અને મોબિલિટી વિષે તાલીમ આપી.

હેન્ડિકેપ ઈન્ટરનેશનલ અંતર્ગત ડિસેબલ એડવોકસી ગ્રુપના ૩૦ મેમ્બરોની ત્રણ દિવસીય તાલીમ આશીર્વાદમાં યોજાઈ.

મુલાકાતીઓ

ખોડિયાર એજ્યુકેશન ટ્રસ્ટ મહેસાણાથી ૩૫ બાળકો તથા ૧૭ સ્ટાફ મેમ્બરોએ સંસ્થા તેમજ મોબિલિટી પાર્કની શુભેચ્છા મુલાકાત લીધી.

અંધજન મંડળ વસ્ત્રાપુર, અમદાવાદથી શ્રી કૃપાબેન વેલાણી, શ્રી દિપાબેન જોષી સાથે દિલ્હીથી શ્રી સુમનબેન આવ્યાં. તેમણે સંસ્થા, મોબિલિટી પાર્ક અને ઉપાસના વિકલાંગ પુનર્વસન કેન્દ્ર સુરેન્દ્રનગર તેમજ મોબિલિટી પાર્કની શુભેચ્છા મુલાકાત લીધી.

સેન્સ ઈન્ટરનેશનલ ઈન્ડિયા અમદાવાદથી Mr. Sachin Rizal, Hetal Tripathi, Dhara Mali, Khyati Shah & Alankrita Vijoy આવ્યાં તેમણે ક્ષમતા કેન્દ્ર લીંબડી, બધિરાંધ ગમારા મીના, આશીર્વાદ, ઉપાસના સેન્ટર સુરેન્દ્રનગર અને બધિરાંધ મિસ્ત્રી ચેતનાની શુભેચ્છા મુલાકાત લીધી.

શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ પ્રેરિત
'પ્રેમની પરબ' ઑક્ટોબર-૧૩થી માર્ચ-૧૪
પ્રવૃત્તિ ટૂંક અહેવાલ

વિજ્ઞાન પ્રશિક્ષણ શિબિર

તા. ૧૭-૧૦-૧૩ ના રોજ લોકભારતી સણોસરાના વિજ્ઞાન કેન્દ્રનાં ડૉ. ભાવનાબેન પાઠકની ટીમ દ્વારા વિજ્ઞાન શિક્ષણ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું. ૭૨ વિજ્ઞાન શિક્ષકોએ તાલીમ લીધી.

આચાર્યોની ચિંતન સભા

તા. ૨૯-૧૧-૧૩ના રોજ **'આચાર્યોની વ્યવહાર સંહિતા'** વિષયને અનુલક્ષી ચિંતન બેઠક યોજાઈ. ગુજરાત કેળવણી પરિષદના પ્રમુખ શ્રી મનસુખ સલ્લા અને માનવ કલ્યાણ મંડળના શ્રી મદનમોહન વૈષ્ણવે આચાર્યો સાથે સંવાદ સાધી શૈક્ષણિક વ્યવહાર વિજ્ઞાન અંગે ચર્ચા કરી. ૯૯ શાળાના આચાર્યો, બી.આર.સી., સી.આર.સી. સૌએ હાજરી આપી.

વિજ્ઞાન શિક્ષણ કાર્યશાળા

તા. ૨૯-૧૧-૧૩ના બે દિવસોએ વિજ્ઞાન-ગણિતના શિક્ષણ અંગે કાર્યશાળા યોજાઈ. વિજ્ઞાન તજ્જ્ઞ ડૉ. ભાસ્કરભાઈ થાનકી(લંડન)એ ઉપસ્થિત રહી વિજ્ઞાન શિક્ષણને ગુણવત્તા સભર બનાવવા વિશિષ્ટ તાલીમ આપી. નમૂનાનું પ્રસ્તુતીકરણ કરી પ્રયોગાત્મક શિક્ષણ અંગે નવી દિશા દર્શાવી. બંને દિવસ ૭૦ વિજ્ઞાન શિક્ષકો સહભાગી બન્યા.

વિજ્ઞાન પ્રયોગ કીટ અર્પણ

તા. ૨૧-૧૨-૧૩ના રોજ રાજકોટની 'લાઈફ' સંસ્થામાં શેર એન્ડ કેર ફાઉન્ડેશન (USA)ના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં ધોરણ-૬,૭,૮ના વિજ્ઞાન વિષય શિક્ષણ માટે પ્રયોગની વિજ્ઞાન સાધનોની 'પ્રેમની પરબ'ની બાકી ૩૦ શાળાઓ માટેની કીટ્સ શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસને આપવામાં આવી.

વાલી સંમેલન

તા. ૨૭-૧૨-૧૩ના રોજ પ્રા.શાળા નં. ૫ સાયલામાં વાલી સંમેલન યોજાયું. વિદ્યાર્થીઓ અને વાલીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરેલ જેને 'પ્રેમની પરબ' તરફથી પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યાં.

શિક્ષણમંત્રીશ્રી સાથે મુલાકાત

તા.૩૧-૧૨-૨૦૧૩ ના રોજ શ્રી ચન્દ્રકાન્તભાઈ વ્યાસ ગાંધીનગર મુકામે શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાને દશાબ્દી મહોત્સવ પ્રસંગે આમંત્રણ આપવા રૂબરૂ મળ્યા. સંસ્થાની જનહિતની પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કર્યા.

ગુજરાતી કેળવણી પરિષદનું શિક્ષણપર્વ
વ્યક્તિત્વ નિર્માણ શિબિર

તા. ૯,૧૦-૧-૨૦૧૪ ના બે દિવસ શાળા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકો માટે નિવાસી શિબિર યોજાયેલ, જેમાં ૫૩ શિક્ષકોએ ભાગ લીધો. ૭ તજ્જ્ઞશ્રીઓએ પ્રવૃત્તિઓનું સંયોજન - સંચાલન કર્યું. આ શિબિરમાં શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટે શિક્ષકની પસંદગી કરવાની હતી.

'મારે ઊડવા જોઈએ પાંખ'– વિદ્યાર્થી શિબિર

તા. ૯,૧૦-૧-૨૦૧૪ ના બે દિવસ શાળા કક્ષાએ શ્રેષ્ઠ વિદ્યાર્થી - વિદ્યાર્થિની માટે વિશિષ્ટ શિબિર યોજાયો, જેમાં ૬૨ વિદ્યાર્થી- વિદ્યાર્થિની સહભાગી બન્યાં. ૭ તજ્જ્ઞશ્રીઓએ સંચાલન અને માર્ગદર્શન કર્યું. આ શિબિરમાંથી એવોર્ડ માટે શ્રેષ્ઠ વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીની પસંદગી કરવામાં આવી.

શાળાઓમાં તિથિ ભોજન

તા. ૨૨,૨૩,૨૪ - જાન્યુ. ૧૪ દરમિયાન ૧૨૮ શાળાઓમાં ઉજવાનાર શાળા કક્ષાના **'દશાબ્દી મહોત્સવ-૧૪'** (ત્રણ ગ્રુપમાં) માટે તમામ ૩૦,૦૦૦ બાળકો માટે બુંદી-ગાંઠિયાનું ભોજન આશ્રમમાં તૈયાર કરી તા. ૨૦,૨૧-૧-૧૪ બે દિવસમાં ૮ ટ્રકમાં જે તે શાળામાં ઈનામોની કીટ સાથે મોકલવામાં આવ્યું.

શાળાકક્ષાનો દશાબ્દી મહોત્સવ

તા. ૨૧,૨૨,૨૩-૧-૧૪ ના ત્રણ દિવસોએ ત્રણ ગ્રુપમાં તમામ શાળાઓમાં શાળાકક્ષાના મહોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓ-શિક્ષકો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધાઓ યોજાઈ. બધી જ શાળાના તમામ વિદ્યાર્થી-શિક્ષકોની સહભાગીદારી આ કાર્યક્રમની વિશેષતા હતી. વિવિધ સ્પર્ધા માટેનાં ઈનામો 'પ્રેમની પરબ' તરફથી આપવામાં આવ્યાં.

પૂ.ભાઈશ્રીની પ્રેરક ઉપસ્થિતિ

તા, ૨૨-૧-૧૪ ના રોજ ધાંધલપુર પ્રા. શાળામાં શાળાકક્ષાનો મહોત્સવ યોજાયો જેમાં પૂ. ભાઈશ્રીએ ખાસ ઉપસ્થિત રહી મંગલ આશીર્વચનો કહ્યાં. ધાંધલપુર શાળાની સ્થાપનાનો સાર્ધ શતાબ્દી મહોત્સવ પણ સાથે જ ઉજવાયો.

શ્રેષ્ઠ શાળા પસંદગી મુલાકાત

તા.૨૩-૧-૧૪ના રોજ શ્રેષ્ઠ શાળા પસંદગી સમિતિ સર્વશ્રી ડૉ. મોતીભાઈ પટેલ, ડૉ. પી.જી. પટેલ, શ્રી ચન્દ્રકાન્તભાઈ વ્યાસ તથા શ્રી બિપીનભાઈ રાવલે પાંચ શાળાઓની મુલાકાત લીધી. ચોરવીરા(થાન), રાતકડી, ઢીકવાળી, ખીટલા (કન્યા) અને થોરિયાળી એમ પાંચ ગામની પ્રા. શાળાઓની મુલાકાત લીધી અને શ્રેષ્ઠ શાળા એવોર્ડ માટે શાળાની પસંદગી કરી.

આચાર્યશ્રીઓની ચિંતન બેઠક

તા. ૨૦-૨-૧૪ના રોજ આચાર્યશ્રીઓની શૈક્ષણિક ગુણવત્તા સંદર્ભે વિચારસભા ગોઠવાઈ. જેમાં વિજ્ઞાન, અંગ્રેજી અને કોમ્પ્યુટર જેવા વિષયોના ઘનિષ્ઠ શિક્ષણ બાબત તથા ગુણોત્સવ સંદર્ભે વિસ્તૃત ચર્ચાઓ થઈ.

વિજ્ઞાન કીટમાં બાકી ૩૦ શાળાઓને પૂ. ભાઈશ્રીના વરદ હસ્તે વિજ્ઞાન કીટ અર્પણ થઈ. ઉપરાંત બાળગીતોની C.D.-ઉના સેટ, બાળવાર્તાઓના પુસ્તકનો સેટ, શૈશવનું સ્મિત નામનું બાળ વિશ્વ વિદ્યાલય પ્રકાશિત સુંદર પુસ્તક અને 'પ્રેમની પરબ'ના અંક પણ અર્પણ થયા.

કવીશ્વર દલપતરામ એવોર્ડ એનાયત

તા. ૨૧-૨-૧૪ના રોજ વિશ્વ માતૃભાષા દિને ગુજરાત સાહિત્ય અકાદમીના કવિ હર્ષદ ત્રિવેદીની **'કવીશ્વર દલપતરામ એવોર્ડ-૨૦૧૪'** સંત શ્રી મોરારીબાપુના હસ્તે સુરેન્દ્રનગર મુકામે એનાયત થયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે પૂ.ભાઈશ્રીએ ઉપસ્થિત રહી સાહિત્ય સેવા અંગે મનનીય પ્રવચન આપ્યું. ઉપરાંત કવીશ્વર દલપતરામને સમાજ સુધારક ધાર્મિક વૃત્તિના કવિ કહ્યા. મંગલ શુભેચ્છા આપી. કાર્યક્રમનું સંચાલન 'પ્રેમની પરબ'ના ડાયરેકટર શ્રી ચન્દ્રકાન્તભાઈ વ્યાસ અને ડૉ. દીપ્તિબેન કુંડલે કર્યું.

શિક્ષણ પર્વ - ૧

ગુજરાતી કેળવણી પરિષદ આયોજિત શિક્ષણ પર્વ -૧ મહુવા મુકામે કૈલાસ ગુરુકુળમાં તા.૧,૨,૩-૩-૨૦૧૪ના ત્રણ દિવસોએ યોજાયું. પૂ. મોરારીબાપુના સાંન્નિધ્યમાં યોજાયેલ પર્વમાં માતૃભાષા શિક્ષણ અંગેની ખાસ બેઠકનું સંચાલન શ્રી ચન્દ્રકાન્તભાઈ વ્યાસે કર્યું.

ખાસ મુલાકાત

શ્રી સી.યુ.શાહ યુનિવર્સિટીના પ્રો.વાઈસ-ચાન્સેલર ડૉ. વેદવ્યાસ દ્વિવેદી સાયલા મુકામે તા. ૨૧-૩-૨૦૧૪ ના રોજ પધાર્યા. પૂ.એલ.એમ.વોરા ગર્લ્સ હાઈસ્કૂલ અને પૂ. એલ.એમ. વોરા કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ-સાયલાની મુલાકાત લીધી.

જીવન વિજ્ઞાન કેન્દ્ર

ડિસેમ્બર-૧૩ થી માર્ચ-૧૪ સુધીમાં જીવન વિજ્ઞાન કેન્દ્રમાં ૫૪ શાળાઓના ૧૬૪૦ વિદ્યાર્થીઓ અને ૫૫ શિક્ષકોએ મુલાકાત લીધી. જીવન વિજ્ઞાન કેન્દ્રની લાયબ્રેરીમાંથી ૬૦ જેટલા શિક્ષકો અને ૨૦૨ જેટલા વિદ્યાર્થીઓ પુસ્તકો વાંચવા લઈ ગયેલ. શિક્ષકો માટે વિજ્ઞાન પ્રવાસનું ટૂંક સમયમાં આયોજન છે.

– ચન્દ્રકાન્ત વ્યાસ, પ્રોજેક્ટ ડાયરેક્ટર
'પ્રેમની પરબ'- સાયલા

શ્રી રાજ-સોભાગ આશ્રમ - સાયલા

'એકાંત મૌન આરાધના'

અરજી પત્રક

(શ્રી રાજમાર્ગનું યોગારોહણ પ્રકલ્પમાં જોડાયેલ મુમુક્ષુ માટે જ)

નામ : _____ **ઉંમર :** ____		**તારીખ/વર્ષ**
સરનામુ : _____	**અર્પણતા**	
_____	**અર્ધપ્રાપ્તિ**	
_____	**પૂર્ણપ્રાપ્તિ**	
ફોન નં. :	**ઉચ્ચ શ્રેણી**	

સંસાર-તાપથી દુભાયેલા ત્રાહિત દુ:ખી આત્માઓનું દુ:ખ જોઈ પ. પૂ. ભાઈશ્રીએ બહુ અનુકંપા કરી **'એકાંત મૌન આરાધના'** શિબિરનું આયોજન કર્યું છે. શ્રી રાજમાર્ગનું યોગારોહણમાં જોડાયા બાદ મારો અધ્યાત્મ પુરૂષાર્થ હજી વધુ પ્રબળ, વધુ જોમવંત, ધ્યેયલક્ષી બને તે માટે આ **'એકાંત મૌન આરાધના'** શિબિરમાં મારા આત્માના શ્રેયાર્થે મને તક આપવા નમ્ર વિનંતી છે.

આ શિબિર માટેના બધા જ નિયમો મેં વાંચ્યા છે અને તેનું ચુસ્તપણે પાલન કરવાની હું બાંયધરી આપું છું.

૧. **'એકાંત મૌન આરાધના'** ની કેટલી શિબિરો ભરી છે ?

૨. હું **'એકાંત મૌન આરાધના'**ની શિબિર નં..... તા .....થી તા. ..... માટે અરજી કરું છું.

ગ્રુપ લીડરનું નામ : .....

ગ્રુપ લીડરનો અભિપ્રાય : .....

ગ્રુપ લીડરની સહી : .....

સાધકની સહી : .....

નોંધ : (અ) શિબિર શરૂ થવાના એક મહિના પહેલાં અરજી પત્રક ભરીને આશ્રમમાં પહોંચાડવાનું રહેશે.

(બ) ગ્રુપ લીડરના અભિપ્રાય વગરનું અરજી પત્રક અમાન્ય ગણવામાં આવશે.

(ક) શિબિરમાં પસંદગી પામેલ મુમુક્ષુઓને વહેલી તકે જાણ કરવામાં આવશે.

ખાસ નોંધ : (ખ) પરદેશના તથા લાંબા ક્ષેત્રે રહેતા મુમુક્ષુઓ **''શ્રી રાજમાર્ગનું યોગારોહણ''** પ્રકલ્પમાં ન જોડાયેલ હોય તો પણ **'એકાંત મૌન આરાધના'** શિબિર માટે અરજી કરી શકશે.

(પાછળ)

'એકાંત મૌન આરાધના' શિબિરના નિયમો

૧. એકાંત મૌન આરાધના શિબિર શરૂ થવાની હોય તે તારીખથી **એક મહિના પહેલાં દેશ-પરદેશના મુમુક્ષુએ અરજી પહોંચાડવાની રહેશે.**

૨. શિબિરને આગલે દિવસે મુમુક્ષુઓએ આશ્રમમાં હાજર થઈ જવાનું રહેશે અને શિબિર પૂર્ણ થાય પછી જ આશ્રમ છોડીને જઈ શકશે.

૩. રૂમમાં નાસ્તો કરવો નહીં.

૪. આખો દિવસ આત્માનું અનુસંધાન રહે તે રીતે દરેક ક્રમ ઉપરાંત સતત ચિંતન-મનન અને સુવિચારણા કરવી.

૫. મૌનપણે એકાંતમાં રહેતા સાધકને વૈરાગ્ય-ઉપશમભાવ વધે તે પ્રમાણેની ચર્યા ખૂબ જ ઉપયોગી થશે.

૬. શિબિર સંચાલક તરફથી જે કાંઈ સૂચના આપવામાં આવે તેનું ચુસ્તપણે પાલન કરવું.

૭. સ્વાધ્યાય, ભક્તિ, ધ્યાન અને સત્સંગના સમયે પાંચ મિનિટ પહેલાં સ્થાન ગ્રહણ કરી લેવું.

૮. મોબાઈલ ફોન, છાપું કે પત્રવ્યવહાર શિબિર દરમ્યાન સંપૂર્ણ બંધ રાખવા.

૯. આશ્રમની બહાર જઈ શકાશે નહીં.

૧૦. ઉપરોક્ત નિયમોનો ભંગ કરનાર સાધકને શિબિર સંચાલક શિક્ષા રૂપે જે કાંઈ પ્રાયશ્ચિત આપે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

જૂન - ૨૦૧૪થી ડિસેમ્બર - ૨૦૧૪ સુધી રાખવામાં આવેલ શિબિર

મહિનો	એકાંત મૌન આરાધના શિબિર	આરાધના શિબિર
જૂન ૨૦૧૪	**ઈકોતેરમી શિબિર** તા.૨૩ સોમવારથી તા.૨૭ શુક્રવાર સુધી	**આરાધના શિબિર રાખવામાં આવેલ નથી.**
જુલાઈ ૨૦૧૪	**બોંતેરમી શિબિર** તા. ૬ રવિવાર થી તા. ૧૦ ગુરુવાર સુધી	તા. ૬ રવિવાર થી તા. ૧૦ ગુરુવાર સુધી
ઓગષ્ટ ૨૦૧૪	**શિબિર રાખવામાં આવેલ નથી.**	**આરાધના શિબિર રાખવામાં આવેલ નથી.**
સપ્ટેમ્બર ૨૦૧૪	**તોંતેરમી શિબિર** તા. ૨૪ બુધવારથી તા. ૨૮ રવિવાર સુધી	તા. ૨૪ બુધવારથી તા. ૨૮ રવિવાર સુધી
ઑક્ટોબર ૨૦૧૪	**શિબિર રાખવામાં આવેલ નથી.**	**આરાધના શિબિર રાખવામાં આવેલ નથી.**
નવેમ્બર ૨૦૧૪	**ચુમોતેરમી શિબિર** તા. ૭ શુક્રવારથી તા. ૧૧ મંગળવાર સુધી	તા. ૭ શુક્રવારથી તા. ૧૧ મંગળવાર સુધી
ડિસેમ્બર ૨૦૧૪	**શિબિર રાખવામાં આવેલ નથી.**	**આરાધના શિબિર તથા યુવા શિબિર** તા. ૨૫ ગુરુવારથી તા. ૩૧ બુધવાર સુધી

પૂ. લાડકચંદ માણેકચંદ વોરા ગર્લ્સ હાઈસ્કૂલ, સાયલા તથા
પૂ. લાડકચંદ માણેકચંદ વોરા કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, સાયલા

સંસ્કારની સરવાણી એટલે પૂ.લા.મા. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ, બાળાઓના કિલ્લોલનો ફુવારો એટલે પૂ.લા.મા. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ, બાલીકાઓના પ્રફુલ્લિત વદનનો મનોહર ઉદ્યાન એટલે પૂ.લા.મા. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ. આવી મનમોહક હાઈસ્કૂલના પ્રણેતા એટલે આપણા લાડીલા પ.પૂ. બાપુજી.....!!

પ.પૂ. બાપુજીના અંતરમાં એક એવી કરુણાભાવના હતી કે સાયલા અને આજુબાજુના ગ્રામીણ ક્ષેત્રે રહેતી બાળાઓ જો ઉચ્ચ શિક્ષણ પામે તો તેઓ તેમના ભાવિ જીવનને, તેમના પરિવારને તથા સમાજને સંસ્કારી અને ઉન્નત બનાવી શકે. પ.પૂ. બાપુજીની આ ભાવના સાકાર કરવા આવી ગ્રામીણ બાળાઓ મુક્ત અને નિર્ભયપણે ભણી શકે એ માટે શ્રી સાયલા ગામે પૂ.લા.મા. વોરા ગર્લ્સ હાઈસ્કૂલ ઈ.સ. ૨૦૦૦ થી પ.પૂ.ભાઈશ્રીના માર્ગદર્શન હેઠળ શરૂ થઈ. આજે આ શાળામાં ૩૮૨ બાળાઓ અભ્યાસ કરી રહી છે.

ઉપરોક્ત બાળાઓને વધુ ઉચ્ચ શિક્ષણ મળે એ હેતુથી પ.પૂ.ભાઈશ્રીની પરમ કરુણાથી અને ધો. ૧૨ પાસ કરેલ કન્યાઓના અથાગ પ્રયત્નોથી ઈ.સ. ૨૦૦૮થી સાયલા ખાતે પૂ.લા.મા. વોરા કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સની સ્થાપના થઈ. આ કૉલેજમાં આજે ૨૦૫ કન્યાઓ તેમની કારકિર્દી ઘડી રહી છે.

પ.પૂ.ભાઈશ્રી પણ અવારનવાર સ્કૂલ તથા કૉલેજની મુલાકાત લે છે. ગત માર્ચ માસમાં આ હાઈસ્કૂલની ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨ની બાળાઓનો તથા કૉલેજની ટી.વાય.બી.એ.ની કન્યાઓનો વિદાય સમારંભ યોજાયેલ હતો. સદર સમારંભમાં પ.પૂ.ભાઈશ્રીએ હૃદયપ્રેરક આશીર્વચન આપતાં જણાવ્યું કે 'આગામી પરીક્ષા પસાર કરીને ધો. ૧૦ તથા ધો. ૧૨ની વિદ્યાર્થિનીઓ પોતાનો અભ્યાસ આગળ વધારશે અને કૉલેજ પાસ કરેલ કન્યાઓ કાં તો ઉચ્ચ અભ્યાસ માટે આગળ વધશે યા પોતાના પરિવાર કુટુંબમાં ગોઠવાશે. આ સર્વે કન્યાઓ પોતાને મળેલ સંસ્કાર અને શિક્ષણનો સુમેળ સાધીને જીવનના બધા ક્ષેત્રે આગળ વધે અને સમાજને પણ આગળ વધારે તેવી શુભ કામના.'

ખરેખર જો સાયલામાં આવી શિક્ષણ સંસ્થા ન હોત તો કેટલીક બાળાઓ તો ભણી જ ન શકત અથવા બહુ મુશ્કેલીથી ભણી શકી હોત. તેને બદલે આજે તેઓ સંસ્કારયુક્ત શિક્ષણ સરળતાથી મેળવી જીવનને ઉજ્જવળ બનાવે છે અને કોઈ બાળા ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરે છે તો કોઈ પરદેશ જવાનો મોકો પણ મેળવે છે.

શાળા તથા કૉલેજના શૈક્ષણિક ખર્ચને પહોંચી વળવા માટે શ્રી રાજ-સોભાગ સત્સંગ મંડળ સંચાલિત પૂ.લા.મા. વોરા ગર્લ્સ હાઈસ્કૂલની બાળાઓને તથા પૂ.લા.મા. વોરા કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સની કન્યાઓને દત્તક લેવાની યોજના ચાલી રહેલ છે. તેમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટે જાન્યુઆરી ૨૦૧૪ થી શાળાની તથા કૉલેજની કન્યાઓને દત્તક લેવાનું શરૂ કરેલ છે. જેમાં જાન્યુઆરી ૨૦૧૪ થી માર્ચ ૨૦૧૪ સુધી આવેલ ડોનેશનની વિગત દેશ પ્રમાણે આ મુજબ છે.

પૂ.લા.મા.વોરા ગર્લ્સ હાઈસ્કૂલ		સાયલા	પૂ.લા.મા. વોરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ	
(કુલ બાળાઓ = ૩૮૨)			(કુલ કન્યાઓ = ૨૦૫)	
દાતાશ્રીઓ	દત્તક બાળાઓ	દેશ	દાતાશ્રીઓ	દત્તક બાળાઓ
૨૫	૧૧૮	ભારત	૧૨	૧૯
૭	૩૬	યુ.કે.	૫	૨૩
૧	૭	યુ.એ.ઈ.	૩	૨૦
૨	૬	યુ.એસ.એ.	૩	૧૦
૨	૨૭	કેન્યા	૧	૧
૩૭	૧૯૭	કુલ	૨૪	૭૩

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ માટે ત્રણ દાતાઓએ એકી સાથે ૨૫ બાળાઓને દત્તક લઈને તથા અનેક દાતાઓએ પાંચ કરતાં વધુ બાળાઓને એક કરતાં વધુ વર્ષો માટે અને અનેક દાતાઓએ શાળા તથા કૉલેજની કન્યાઓને સંયુક્ત રીતે દત્તક લઈ કન્યા કેળવણી માટે મહામૂલ્ય દાનનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરું પાડેલ છે. તેઓ ખરેખર ધન્ય છે અને બાળાઓની આવી ઉન્નતિ જોઈ ખૂબ સંતોષ અનુભવે છે. સંસ્થા સર્વે ભાગ્યશાળી દાતાશ્રીઓનો હાર્દિક આભાર માને છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪થી કન્યા દત્તક લેવા માટે અનુદાનની રકમ શાળાની બાળાઓ માટે રૂા.૪,૦૦૦/- પ્રત્યેક બાળા દીઠ અને કોલેજની કન્યાઓ માટે રૂા.૬,૦૦૦/- પ્રત્યેક કન્યા દીઠ નક્કી કરેલ છે.

સંસ્થા સર્વે ભાગ્યશાળી દાતાશ્રીઓનો હાર્દિક આભાર માને છે. આ બાબતે વધુ માહિતી માટે :

શ્રી જયસુખભાઈ મહેતા, લંડન – +૪૪૭૮૩૦૨૯૪૦૬૦ E-mail : jaysukhmehta@googlemail.com
શ્રી પ્રદીપભાઈ પારેખ, વડોદરા – +૯૧૯૯૦૬૯૨૧૩૫૫ E-mail : pradipbgb5555@gmail.com

હવે પછીના સંસ્થાના કાર્યક્રમોની સૂચિ

૧.	પૂ.સૌભાગ્યભાઈનો દેહવિલય દિન	– જેઠ વદ ૧૦, તા.૨૨ જૂન ૨૦૧૪ રવિવાર
૨.	ગુરૂપૂર્ણિમા મહોત્સવ	– અષાઢ સુદ ૧૪ થી અષાઢ વદ ૧ તા. ૧૧-૧૨-૧૩ જુલાઈ ૨૦૧૪ શુક્રવાર-શનિવાર અને રવિવાર
૩.	પર્યુષણ મહાપર્વ	– શ્રાવદ વદ ૧૨થી ભાદરવા સુદ ૪ તા. ૨૨ થી ૨૯ ઓગષ્ટ ૨૦૧૪, શુક્રવારથી શુક્રવાર
૪.	આસો માસની આયંબિલની ઓળી	– આસો સુદ ૬ થી ૧૫. (દશમનો ક્ષય છે.) તા. ૩૦ સપ્ટે.થી ૮ ઓક્ટો. ૨૦૧૪ મંગળવારથી બુધવાર સુધી
૫.	શ્રી આત્મસિદ્ધિ અવતરણ દિન તથા પ્રભુશ્રીનો જન્મદિન	– આસો વદ ૧, તા. ૯ ઓક્ટોબર ૨૦૧૪, ગુરુવાર
૬.	દિવાળી મહોત્સવ	– આસો વદ ૧૩ થી કારતક સુદ ૧ તા. ૨૧ થી ૨૪ ઓક્ટોબર ૨૦૧૪, મંગળવારથી શુક્રવાર
૭.	પ.કૃ. દેવની જન્મજયંતી	– કારતક સુદ ૧૫, તા. ૬ નવેમ્બર ૨૦૧૪, મંગળવારથી શુક્રવાર
૮.	પૂ.ભાઈશ્રી તથા પૂ. ગુરુમાનો જન્મદિવસ	– તા. ૨૪ તથા ૨૫ નવેમ્બર ૨૦૧૪, સોમવાર તથા મંગળવાર
૯.	પૂ.બાપુજીની પુણ્યતીથિ	– માગશર સુદ ૧૦, તા. ૧ ડીસેમ્બર ૨૦૧૪, સોમવાર
૧૦.	આશ્રમનો સ્થાપના દિન	– તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૪, બુધવાર

BOOK-POST
PRINTED MATTER

To,

From :
SHREE RAJ-SOBHAG SATSANG MANDAL
SHREE RAJ-SOBHAG ASHRAM
On National Highway No. 8-A,
Sobhag para, SAYLA - 363430
Gujarat, INDIA
Tel : 02755-280533
Telefax : 02755-280791

"સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો."